કુમાર

માહ'૯૪ ૧૭૦

તંત્રી·રવિશંકર રાવળ · · · સંપાદક·બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક



તાપી-તીરની રાનીપરજ ગુજરાતણ · સ્કેચ: રવિશંકર રાવળ

'પાતળિયા દેહ પરે પૂરી નવ ચુંદડી,
કાયાની કાંબડી કાળી;
શ્રમનાં ગૌરવફેરી ટશરો ટમકાવતી
લાલ લાલ લોચનિયાંવાળી:
તાપીના તીરતણી ગરવી ગુજરાતણ

કુમાર
માઘ ૧૯૯૪
અંક ૧૭૦


પૂર્વાલાપ

◖ 'ના, ના, ન કૈં' માનવને અજય્ય—ઉત્તુંગ, નિર્ભીક, નાડ્ંગા સામે માનવ ગૌરવ અને મહત્ત્વાકાંક્ષાનો હુંકાર કરી, છેવટે 'શો ગર્વ એ માનવ પાસ રે તવ!' એ ઉક્તિથી એનો પરિહાસ કરતું આ અંકનું મુખકાવ્ય માનવવિજીગિષાના પ્રતીક સમું ઓપી રહે છે. ◖ મોતની પથારીએથી પણ ઊઠીને આદરેલું પૂરું કરનાર ફ્રેંચ વિજ્ઞાની લૂઇ પાસ્તર વિજ્ઞાનજગતની એક અજોડ વિભૂતિ છે. એના અખતરાઓથી જ લોકોને રોગોની સાચી નાડ હાથ લાગી, વાઢકાપશાસ્ત્રની પ્રગતિ થઇ ને યોગ્ય ચિકિત્સા થવા માંડી. પણ એના કાર્ય કરતાં યે એનું આદર્શપ્રેરિત જીવન આપણી વધુ પ્રશંસા માગી લે છે. ◖ 'વસ્તો'ના પાત્ર દ્વારા લેખક ગુનાખોરીના માનસ વિશ્લેષણમાં ઊંડા ઊતરવા મથે છે, વાર્તાનો પ્રવાહ એક પછી એક એવા અટપટા સવાલો ઊભા કરતો જાય છે, જેનો તોડ તમારે જ કાઢવો રહ્યો. ◖ જીવનના ટકાવ માટે હવા કરતાં બીજું જ સ્થાન ધરાવતા પાણી પર તમે કદી કલ્પનાને અવકાશ આપ્યો છે? 'પાણી'નો લેખ વાંચતાં તમને ખાત્રી થશે કે બે ભિન્ન ગુણધર્મો ધરાવતા મૂળતત્ત્વોનું એ અનોખું અપત્ય પણ કેવી ચમત્કૃતિ ધરાવે છે. ◖ બંદૂક કે તમંચો પણ જેના સામનામાં નિરુપયોગી નીવડે છે એ સૂવર—અને તે પણ વકરેલા—ના એક ગુજરાતી જુવાને કરેલા શિકારનો પ્રસંગ તો તમે ચૂકવાના નહિ જ. ◖ પંખીઓના દેશાન્તર ઉપર તમે અનેકવાર સાંભળ્યું હશે. ભૂતલ પરના તમામ દેશોમાં પંખીજીવનની આ પ્રવૃત્તિ અપ્રતિબદ્ધ આજે યુગોથી ચાલતી આવે છે. પરંતુ એનો આરંભ શી રીતે થયો હશે? આ જટિલ પ્રશ્ન પર શ્રી વનેચરે પાડેલો અંશતઃ પ્રકાશ પણ તમને મુગ્ધ-સ્તબ્ધ બનાવશે. ◖ 'જીવનું પરોઢ' અને 'મારી સફર'માં કાશીના વિવિધરંગી પરિચય પછી 'આભારદર્શન'ની હળવી નિબંધિકા તમારા હોઠને ખૂણે હળવું સ્મિત ફરકાવી રહેશે, અને શરૂઆતની 'સામયિક ચિંતન'ની કંડિકાઓ . . . . પણ આ તો પૂર્વાલાપ જ છે ને?

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, જાહેરખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ













ડાબી બાજુ—ઉપર: 'વાડીની શેરી'–ભાઈ ચતુરભાઇ પટેલ (મુંબાઇ), પહેલું ઇનામ: વચ્ચે: 'મારાં ગલુડિયાં'–ભાઇ રામભાઇ પટેલ (ડાકોર), બીજું ઇનામ; નીચે: 'સરિતાસ્નાન'–ભાઇ નગીનભાઇ દૂધીઆ (અમદાવાદ), ત્રીજું ઇનામ. જમણી બાજુ—ગુણવત્તાના અનુક્રમે નોંધપાત્ર ફોટો-ચિત્રો: ૧ 'હાસમ સુતાર'–ભાઇ ભાઇજીભાઇ વૈદ્ય (નડીઆદ), ૨ 'ઓવારેથી'–ભાઇ સી. સી. સેવક (ડાકોર), ૩ 'પંખીડા તું ઊડ ઊડ આકાશે'–ભાઇ કનુભાઇ ભાટીઆ (માંડવી).



ચાંદબીબી

એક પ્રાચીન ચિત્રની અનુકૃતિ

કરનાર · ત્રિગુણાતીત પંચોળી

(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

નાઙ્ગા શિખર

·મિશ્ર·

ઉત્તુંગ નાઙ્ગા !
હિમાદ્રિકૂટોની કતાર મધ્ય
ઊભેલ કો કટ્ટર કાળમીંઢ
દુર્ધર્ષ યોદ્ધા સરખો કરાલ.
રે ધન્ય ઓ ઉન્નતશ્રૃંગ નાઙ્ગા !

નિષ્કંપ નાઙ્ગા !
સીમાન્ત ચોમેર સુવિસ્તરન્ત
સૌન્દર્યનાં તેં સહરા નિહાળ્યાં,
દીઠા મહાતાંડવખેલ મેઘના.
જોયાં કર્યાં, ને, અતલાન્ત આભ
નિહારિકાનાં વમળે ભરેલ.
દીઠી પરંતુ હતી તેં કદી યે
મહત્ત્વ-કાંક્ષા ન મનુષ્ય કેરી.
ચાખેલ ના એની કદી વિજીગિષા.

નિર્ભીક નાઙ્ગા !
આવ્યો જ આવ્યો તવ જો તળેટીએ,
ચઢયો ઊભો માનવ સ્કંધ તારે,
ખંખેરી ડીલેથી ફગાવતો ભલે,
ભલે ધુણાવે તવ શીર્ષ ચંડ.
એ ઊભશે એક દિ મસ્તકે તવ,
હિમાદ્રિના ધન્ય અજય્ય શૃંગ !

અજય્ય નાઙ્ગા ?
ના, ના, ન કૈં માનવને અજય્ય,
ન વા કંઈ માનવને અદૃષ્ય.
જાણે ન તું ગૌરવ માનવોનું,
જેણે નવે અર્ણવને વલોવ્યા,
મઢયાં રણોને નવપલ્લવો વડે,
ખણ્યાં ધરાભીતર તાગ લીધા,
વીંધ્યા ગિરિ, બાગ ગણ્યાં અરણ્યો,
નાથ્યા નદો ને પવનો પલાણ્યા.
શો ગર્વ એ માનવ પાસ રે તવ !



બ્લોક 'ફૂલછાબ'ના સૌજન્યથી

દુર્જેય નાઙ્ગા
પ્રતીક તું કિંતુ વિજીગિષાનું,
મહત્ત્વ-કાંક્ષા તણું માપ ભવ્ય.
સોહીશ આદર્શ તું માનવોના
દુર્દાન્ત સંકલ્પ પ્રભાવ કેરો
દુર્જેય તું જ્યાં લગી ના જિતાશે,
ના જ્યાં લગી વામન માનવી કને
યુગાન્તરોથી દૃઢ ઊર્ધ્વમૂર્ધા
હિમાદ્રિ યે તે નતશૃંગ ઊભશે.

ઉમાશંકર જોષી

સામયિક ચિંતન

મહાસભાપ્રદર્શનની કામગરીમાં સતત ડૂબેલા રહેવાથી શ્રી રાવળ આ અંકમાં એમની "મારી નજરે"ની નિયમિત નોંધ આપી શકયા નથી; પરંતુ આવતા અંકમાં તેઓ મહાસભાની ઘણી સંગીન અને સ્મરણીય સામગ્રી રજુ કરવાની આશા રાખે છે.

વિમાની ક્ષેત્રમાં હિંદીઓ

આજ પંદર વર્ષ થયાં હિંદની સરકાર વિમાની ખાતું ખોલી બેઠી છે, પણ એ પંદરે વર્ષમાં એણે શું ઉકાળ્યું છે? પરદેશોમાં આજે વિમાનો માત્ર ધંધાનાં નહિ, પણ શૉખનાં સાધન બની ચૂકયા છે, અને કોઇ પણ તરુણ એ ક્ષેત્રથી બકાત રહ્યો હોય એવો ભાગ્યે જ મળે છે. ત્યારે હિંદમાં?

હિંદી વિમાની ખાતાના નિયમ મુજબ વેપારી પાઈલટ થવા ઇચ્છતા કોઇપણ શખ્સને પહેલાં ૫૦ કલાકનું ફરજિયાત એકાકી ઉડાણ (solo flight) કરવું પડતું. અને એ પણ કોઇ સાધારણ ગજવાંને ન પોષાય એટલા દરે–કલાકના રૂા. ૩૦) લેખે. એટલે ૧૫૦૦ રૂપિયા તો માત્ર લાઇસેન્સ મેળવવા માટેના એ ઉડાણના જ થઈ જાય.

એ છતાં મહત્ત્વાકાંક્ષી હિંદી તરુણો બહાર પડતા ગયા, એટલે સરકારે બીજું પગલું લીધું. વેપારી લાઇસેન્સ માટે એકાકી ઉડાણના કલાક ૫૦ ને બદલે ૧૦૦ કર્યા! અને તે ઉપરાંત ૭૦ કલાક ઈન્સ્ટ્રકશનના જુદા! છતાં ય હિંદી તરુણો ઝંપલાવતા ગયા, એટલે સરકારે હવે ત્રીજું પગલું લીધું છે; ઢંડે પેટે એણે ઉડાણના કલાક ફરજિયાત ૨૦૦ મુકરર કર્યા છે!

હિંદી તરુણોને ઊંચા જ ન આવવા દેવાની આની પાછળ સરકારની હિકમત રહેલી છે. બધા યે પરદેશોમાં આજે પણ લાઇસેન્સ માટે ઊડવાના કલાક ૫૦ જ છે, ત્યારે હિંદી સરકારને તે ૨૦૦ રાખી, લાઇસેન્સ માટે રૂા. ૬૦૦૦ ખર્ચાવવાનું કંઇ કારણ?

સરકારની આ નીતિથી માતૃભૂમિમાં પોતાની મહત્ત્વાકાંક્ષા પર પથરો પડતાં ઘણા યે હિંદી તરુણોએ પરદેશોમાં જઇ વિમાની શિક્ષણ મેળવ્યું ને થોડા જ મહિનામાં તો પરવાનો યે મેળવી લીધો. હોંશભર્યે હૈયે પાછા માતૃભૂમિમાં ફરતા એ તરુણોની હિંદી સરકારે શી દશા કરી? તેણે પરદેશોનાં પ્રમાણપત્રો માન્ય રાખવાની જ ના સંભળાવી દીધી! એ અહીં બીજી વાર પરીક્ષા આપે તો જ લાઇસેન્સ મેળવી શકે. પરદેશોની વાત બાજુએ મૂકીએ, પણ બ્રિટનનું પ્રમાણપત્ર બીજા કોઇ પણ ક્ષેત્રમાં સદંતર માન્ય રાખવામાં આવે છે, ત્યારે આ જ એક ક્ષેત્રમાં તે અમાન્ય રાખવાનું શું કારણ?

કમભાગ્યે સરકારનો આ દાવપેચ લાંબા સમયથી ચાલુ છે. વિમાની ખાતું હિંદી પ્રજાના જે કરોડો રૂપિયા વાપરે છે તે શું ઑસ્ટ્રેલિયા સુધીના શાહી વ્યવહારમાર્ગો સરળ બનાવવા માટે જ માત્ર છે?

ગુજરાતની સાગરકેડી

વહાણવટું એ ગુજરાતને માટે કોઇ નવી જહેમત નથી. જ્યારથી માનવજાતની દેશપરદેશની હીલચાલોનો તવારીખમાં ઉલ્લેખ થવા માંડયો એવા ઇતિહાસના ઉદયકાળમાં ગુજરાતનાં વહાણો મિસર, અરબસ્તાન, ઇરાન, જાવા, સિયામ અને ચીનનાં બંદરોમાં પોતાના નેજા ફરકાવતા. ગ્રીસ દેશના આલમગીર ઍલેકઝાંડરના મુલકગીરીના સાગરીતો પોતાના પ્રવાસ-અહેવાલમાં ગુજરાતનાં વહાણોની સુરેખ મજબૂતી ઉપર આફરીન પુકારે છે. એનાથી ઇતિહાસની પગદંડીએ આગળ ચાલીએ તો સોમનાથમાં ચોરાશી બંદરના વાવટા ફરકતા દેખાય છે. એ પછી ખંભાત, ભરૂચ ને સુરતની સાગરલક્ષ્મી સારા હિંદ ઉપર પોતાની પ્રભા પાથરતી નજરે પડે છે.

કચ્છ, ઓખા, બારિગાઝા, દમણ, નવસારીના ખલાસીઓએ સારા યે હિંદી મહાસાગરને ખંડે ખંડે વસાહતો પાથરી તેને સરોવર શો બનાવી દીધો હતો. છેક અઢારમી સદીથી ગુજરાતના ખલાસીઓ અને દરિયાસારંગો યુરોપના પ્રવાસો કરતા અને ત્યાંથી હુન્નરઉદ્યોગો શીખીને વતનમાં લાવતા.

અને ઘણાને ખબર નહિ હોય કે જગમશહૂર ટ્રાફલગરની લડાઇમાં નેપોલિયનની તરી સેનાને અંગ્રેજી નાવિક નેલ્સને શિકસ્ત આપી, ત્યારે નેલ્સને પોતાના ખાસ ઉપયોગ માટે પસંદ કરેલું જહાજ 'વિકટરી' એ કચ્છમાંડવીની બનાવટનું હતું. આજે એ ઇંગ્લંડમાં જાળવી રાખવામાં આવે છે. એનું કલેવર જોકે જર્જરિત બન્યું છે, પણ એનો આત્મા હજી અભય છે.

હિન્દી વહાણવટાના ખમીરવંત પ્રતીક સમા એ 'વિકટરી' જહાજની આજે જે દશા છે એ જ દશા હિન્દી વહાણવટાની પણ છે. હજી પ્રાણ છે, હજી ભાવના છે, હજી ખમીર છે; પણ આજે વહાણવટાનું કલેવર નથી.

ગુજરાતી વહાણવટાંનો પુનરુદ્ધાર થાય તો ઘણી વસ્તુઓ લગભગ તૈયાર મળી શકે એમ છે. આગબોટોનું બાંધકામ આપણે ત્યાં ન જ થઇ શકે એવું નથી. હજી તો ગઈ કાલે જ શ્રી જાદવજીભાઇ નામના એક કચ્છી મિકેનિકલ ઇજનેરે કચ્છ માંડવીની જ ગોદીમાં એક સરસ ને વિલાયતી બનાવટ સાથે ટક્કર ઝીલે એવી નાની આગબોટ બાંધી બતાવી છે. પરદેશી કંપનીઓના ખલાસીઓનો ઘણો મોટો ભાગ આજ પણ ગુજરાતના ખારવાઓનો છે. પરદેશી કંપનીઓની કંઠાળ આગબોટોમાં આજ પણ ઘણા ગુજરાતી સારંગો અને સુકાનીઓ છે..... અને પરભોમમાં ને વતનમાં કરોડપતિ ને લખપતિઓ ગણાતા કઇક ગુજરાતી સાહસિક પુરુષોનાં નામો તત્કાલ જીભે ચડી આવે છે. આપણી સાગરકેડી હજી સાવેસાવ ભુંસાઇ નથી ગઇ. હજી એ પગદંડી જીવતી છે. એને સભાન, સ્વાયત્ત

અને રાષ્ટ્રીય બનાવવાની જરૂરત છે. ગુજરાતના જુવાનોએ વહાણવટાની દિશામાં નજર નાખતા થવું જોઇએ છે.

જો કે પરદેશી કંપનીઓની હરીફાઈ–અને કાતિલ હરીફાઇ–નો ભય આપણા માથે ઝઝૂમે છે. અંગ્રેજી વહાણવટી કંપનીઓને અંગ્રેજ સરકારની હૂંફ છે એ વાતની ના નહિ; પરંતુ દેશની રાષ્ટ્રીય દૃષ્ટિ ઊઘડે તો આ ભય-ધુમ્મસ આપમેળે જ વિખરાશે. જગતતવારીખે એક વાત અનાદિ કાળથી લખાતી આવી છે. પરદેશી સરકારો સ્વદેશી સરકારો સામે લડી શકે ને એમને નમાવી યે શકે, પરંતુ કદી યે 'પ્રજા' સામે તે લડી શકે નહિ. ત્યાં તો એને વહેલામોડા નમ્યે જ છૂટકો છે. (ગુજરાત સમાચાર)

હિંદી વિદ્યાર્થીઓ અને પરદેશી શિષ્યવૃત્તિઓ

જગતભરની રાષ્ટ્રીય સરકારોએ સાહિત્ય, ઉદ્યોગ કે વિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસ દ્વારા તરુણ પેઢીમાં શિક્ષણાત્મક વિકાસ, વૈજ્ઞાનિક કાર્ય અને રાષ્ટ્રની પુનર્રચના સાધવા પરદેશોમાં અભ્યાસની સગવડ કરતી શિષ્યવૃત્તિઓ સ્થાપેલી છે. ગઈ સદીમાં જાપાને જ્યારે પોતાનો રાજકીય દરજ્જો અને પોતાની હીનતા પ્રમાણી કે તે દૂર કરવાના તાત્કાલિક પગલા તરીકે તેણે હજારોની સંખ્યામાં ગ્રૅજ્યુએટોને પરદેશમાં મોકલી આપ્યા ને આજ સુધી એ ક્રમ ચાલુ રહ્યો છે. ચીન અને પૂર્વના બીજા દેશો પણ આજે એ બાબતમાં જાપાનનું અનુકરણ કરી રહ્યા છે. પણ હિંદની સ્થિતિ તપાસીએ તો?

હિંદમાં એવી શિષ્યવૃત્તિઓ પર હિંદીઓનો કશો જ કાબૂ નથી. પહેલાં જુદી જુદી યુનિવર્સિટીઓ તરફથી હિંદી વિદ્યાર્થીઓને પરદેશ મોકલવામાં આવતા, પણ યા તો તેઓ આઇ. સી. એસ. થઇને, અને એમાં નિષ્ફળ ગયા તો બૅરિસ્ટર બનીને જ પાછા આવતા. જુદાજુદા પ્રાંતોએ વખતોવખત ઔદ્યોગિક શિષ્યવૃત્તિઓ પણ આપેલી, પરંતુ એ બધી હિંદને આગળ લાવવામાં નિષ્ફળ જ નીવડેલી. ૧૯૦૭થી સ્વદેશી હીલચાલનો જન્મ થયો ત્યારથી જ ખાનગી સંસ્થાઓનું આ બાબત તરફ ધ્યાન ખેંચાયું છે. પણ એમનો મોકલેલો કોઈ પણ 'ફોરીન-રીટર્ન્ડ' વિદ્યાર્થી હજુ સુધી કશી કામગીરી બતાવી નથી શકયો. એનાં ઘણાં કારણો છેઃ મૂડીનો અભાવ, દેશના નૈસર્ગિક સ્રોતોના વિકાસને કે એવા વિશેષજ્ઞોને રાજ્ય તરફથી રાહત આપવાની સરકારની બેદરકારી અને એ વિશેષજ્ઞોનું પણ ધંધાદારી અનુભવનું દેવાળું.

હિંદે હવે બધા સવાલો પેઠે આ સવાલને પણ નવા દૃષ્ટિકોણથી જોવાનો સમય પાકી ગયો છે. કશી પ્રતિભા ન હોવા છતા માત્ર સંજોગોની અનુકૂળતાએ પરદેશોમાં જઇ ડિગ્રી લઈ આવેલાઓના એક જબરા બોજા નીચે આજે આપણી શિક્ષણસંસ્થાઓ કચડાઇ રહી છે. એ બોજો દૂર કરવા ખરેખરા પ્રતિભાવાન એવા વિદ્યાર્થીઓને નાત જાત કે દરજ્જાના કશા ભેદભાવ વગર પરદેશોમાં શિક્ષણ અપાવવાનો બંદોબસ્ત હવે થવો જોઇએ છે. —'મૉડર્ન રીવ્યૂ'

નિષ્ક્રિય કેળવણી

કર્મ કરવાની ભાવના અને શક્તિ વિનાના જ્ઞાનમાંથી અચૂક આળસ અને એમાંથી ગુલામી આવે જ. અત્યારે આ દેશમાં જે થોડુંક શિક્ષણ મળે છે તે હાથપગનું કંઇ પણ કામ ન કરી શકે એવા સાહેબી કરનારાં સ્ત્રીપુરુષો પેદા કરે છે. એ લોકો જે કલમ ચલાવે છે તે કલમ કેમ બનાવવી એ એમને આવડતું નથી હોતું. જે કાગળની ઉપર તેઓ કલમ ચલાવે છે તે કાગળ શામાંથી ને કેવી રીતે બને છે તેની તેમને કશી જ ખબર નથી હોતી. એમની કેળવણી એમના મનમાં કામ કરવાનો એવો અણગમો પેદા કરે છે કે મોટરમાં સહેલ કરવા નીકળે છે ત્યારે પણ એમને મોટરની રચના કે એને હાંકવાની કળા વિષે કંઇ જાણવાની ઉત્સુકતા થતી નથી. સર્વ પ્રકારની તૈયાર માલ અને મોજશોખની ચીજો પૂરી પાડવાને માટે તેઓ હમેશાં પરદેશી વેપારનો આભાર માને છે. રાજકીય છાપવાળી કૃત્રિમ કેળવણીથી આપણી કાર્યશક્તિ હણાઇ ગઈ એથી આપણી ગુલામી પૂરી ને પાકી થઇ ગઇ. હિંદુસ્તાનની આ નિષ્ક્રિય કેળવણીનો રાજકીય અર્થ એ છે કે સર્વ ઉદ્યોગોને તે હિંદુસ્તાનની હદ બહાર હાંકી કાઢે છે. —હરદયાળ નાગ

આવતી કાલનાં નાગરિકોને

બહુ બૂમાબૂમ કર્યે મહાન થવાય નહિ. દેશને મહાન બનાવવો હોય તો પહેલાં તમારે મહાન બનવું જોઇએ. બૂમાબૂમ કરનારાઓ શક્તિ અને બળથી વંચિત હોય છે એ તમે જાણો છો?

અગાઉના કરતાં હાલ હિંદ બેશક બળવાન છે, પણ લોકોનાં કથન અને વર્તન વચ્ચે હું મોટું અંતર જોઇ રહ્યો છું. કહે કંઇ ને કરે કંઇ. આ ગુલામ માનસ તમારે ત્યાગવું જોઇએ. બદીઓનો સામનો મુશ્કેલ તો છે; પણ દુઃસાધ્ય તો નથી જ.

કૃત્ય વગરના વિચારો અર્થહીન છે. પણ વિચારો વગરનું કૃત્ય તો તેનાથી પણ ખરાબ છે. એવું માનસ વિઘાતક અને પ્રગતિનું અવરોધક છે. તારાઓને પણ પડકારે એવી પ્રજાની સંખ્યા જેમ વધતી જાય તેમ તેમ રાષ્ટ્રની ઉન્નતિ થતી જાય. (લખનૌયુનિવર્સિટીનાવિદ્યાર્થીઓને) —પં.જવાહરલાલ નહેરુ

◻. 'ગુજરાતી લઘુલિપિ'ના પ્રયોજક શ્રી હરિકૃષ્ણ વ્યાસને, જિજ્ઞાસુ વર્ગને લઘુલિપિનું શિક્ષણ મફત મળી રહે એટલા માટે આવતા એપ્રિલ માસથી નિયમિત વર્ગો શરૂ કરવા માટે ગુજરાત સાહિત્ય સભાએ અમદાવાદ બોલાવવાનો નિર્ણય કર્યો છે.

આર્બુઆંના ચામડાં ધોવાનાં ગંદાં ખાબોચિયાંમાં એ રમતો ત્યારે સામેના જ પૂલ પરથી દરરોજ એક વ્યક્તિને મગરૂબીથી ચાલી જતી જોતો. એ વ્યક્તિ તે ફ્રાન્સના લૂઈ ફિલીપનો એડી-કાંપ બૅરન દ લૉર્ત. હોરેસનું ભાષાંતર કરી પોતે ફ્રાન્સને અમર બનાવ્યાનો તેને ફાંકો રહેતો. પણ તેની સામે ટમટમતી આંખોએ, ચામડાં પડતાં મૂકી ટીકી રહેતો આ છોકરો જ ફ્રાન્સને સાચી ખ્યાતિ આપનારનો છે એવું એને ભાન હોત તો કદાચ તે એટલો મગરૂબ ન રહ્યો હોત!

એ નાનકડા છોકરાનું નામ હતું લૂઇ પાસ્તર. ચામડાં કેળવવાનું કામ તો એના બાપે હાલમાં જ હાથ લીધેલું. બાકી નેપોલીઅનના વખતમાં તો તે લશ્કરનો એક અથાક લડવૈયો હતો. સાર્જન્ટ મેજરની પદવી સુધી તે પહોંચેલો ને હજુયે ક્યારેક ક્યારેક તો પોતાને મળેલી લીજિયન ઑવ ઓનરની પટી લગાવી દેવળમાં જતો. ૧૮૧૪ના એપ્રિલની પગીએ શહેનશાહ નેપોલીઅનને પોતાના ગૌરવની આખરી મજલે ઊપડતો એણે સગી આંખે જોએલો.

આ ઝ્યાં જોસફને ત્યાં ૧૮૨૨ના ડીસેમ્બરની ૨૭મીએ લૂઇ પાસ્તર જન્મેલો. એ વખતે, જ્યારે રોગની ચિકિત્સા મોટે ભાગે તાવીજો અને તરબીઓ જ અને બહુ બહુ તો નસ્તર મારી લોહીને વહી જવા દેવાથી જ થતી, ત્યારે કોને ખબર કે આ જ છોકરો દુનિયાને રોગનું ને ચિકિત્સાનું સાચું વિજ્ઞાન સમજાવશે?

જોસફનો વગર બોલ્યે કામ કર્યે જવાનો સ્વભાવ લૂઇમાં પૂરો ઊતર્યો હતો. એની માતા ઝ્યાં આંત્વાનેત રોકે યે ભણેલી તો ઓછું હતી, પણ એનો સ્વભાવ એવો તો કલ્પનાશીલ અને ચીવટભર્યો તેમજ દૃઢાગ્રહી હતો કે ભલભલા પુરુષોને યે ટપી જાય. આ વારસાએ જ ચામડાં કેળવનારના એ પુત્રને એક અદ્વિતીય વિજ્ઞાની બનાવ્યો.

આર્બુઆંમાં તે ભણવા બેઠો. ત્યાં તેની કુશાગ્ર બુદ્ધિ જોઇ ત્યાંની શાળાના વડાએ તેને પારીસ મોકલવાની તેના બાપને ભલામણ કરી. બાપે તે માની ને સોળ વર્ષનો લૂઇ પારીસ ઊપડ્યો. પણ ગામડાંની સીમોમાં છૂટથી ફરેલા લૂઇને પારીસના ગોંધાએલા જીવન પર ઊબકો આવ્યો. તે હમેશાં બેચેન રહેવા લાગ્યો, અને અંતે માંદો પડ્યો. જોસફને આની ખબર પડી ને પારીસથી તેને પાછો લાવી, નજીકમાં જ આવેલી બેઝાકની શાળામાં તેને બેસાડ્યો.

બેઝાકનું શિક્ષણ પૂરું કરી, લૂઇ ફરી પારીસ ઊપડ્યો, પણ ત્યારે તેને કશું દર્દ ન થયું, કારણ કે તેની વિજ્ઞાનની ભૂખ બીજી બધી ઇચ્છાઓ કરતાં ત્યારે પ્રબળતર થઇ હતી ને પારીસની એકોલ નોર્માલ સિવાય બીજી કોઇ સંસ્થા તે સમાવી શકે તેમ ન હતી. આખો દિવસ કામ, કામ ને કામ. સવારના છથી તે મોડી રાત સુધી ઉત્કૃષ્ટ એકાગ્રતાપૂર્વક તે પ્રયોગશાળામાં અખતરા ઉપર અખતરા કર્યા કરતો.

આવા ને આવા ઉત્સાહમાં તેણે શાળાજીવન સંપૂર્ણ કર્યું. એની કારકિર્દી સંપૂર્ણ યશસ્વી કહી શકાય. છવીસ વર્ષની વયે તે દિજોંમાં ભૌતિકશાસ્ત્રનો પ્રોફેસર નીમાયો. ત્યાંની તાર્તરીક ઍસિડ પરની તેની શોધોએ તેને પાછળથી સ્ટ્રાસબુર્ગમાં રસાયણશાસ્ત્રના મદદનીશનું સ્થાન અપાવ્યું. ત્યાં જ ઍકેડેમીના રેક્ટર લૉરાંની પુત્રી મૅરી સાથે તે પરણ્યો. પણ વિજ્ઞાને તેના ચાહનો એટલો મોટો ભાગ પચાવી પાડેલો કે આજ પણ તેને વિષે કહેવાય છે કે, 'She was his wife but Science was his mistress!'

લગ્ન પછી પોતાની પત્ની સાથે તે લીલ આવી વસ્યો. આખી રાત દીવો બાળી પોતાના પ્રયોગો પાછળ મંડ્યા જ રહેવું એ જ માત્ર એનો શોખ થઇ પડ્યો હતો. લોકો કુતૂહલથી એને જોઇ રહેતા, કૈંક અંશે દિવાનો યે ગણી કાઢતા!

અઢાર મહિના થયાં લૂઇ એકના એક અખતરા પાછળ મંડ્યો રહ્યો હતો. એમ કરતાં ૧૮૫૭ની સાલ આવી પહોંચી પણ તેના અખતરા હજુ પૂરા થયા ન હતા. મેલા હાથે આંખે આઇગ્લાસ ચડાવી તે કાચની નળીઓ તપાસ્યા જ કરતો. તેનાં કપડાં પર પણ પુષ્કળ ડાઘ પડી ગએલા. શું તે ખરેખર ગાંડો બન્યો હતો? પગ પછાડતો તે ઓરડામાં ફરતો. વળી બકતો, 'હોવો જ જોઇએ; એનો કંઇ ઉપાય હોવો જ જોઇએ'—અને ફરી એકેએક ચીજ સૂંઘતો, તપાસતો ને ભઠ્ઠી પર ચડેલા તવામાં વળી તેમાંની એકાદ દવા રેડતો. આ બધું ડહાપણ હતું? નહિ, તો શા માટે તે એવો બની ગએલો?

કારણ, તેને પોતાની જિજ્ઞાસા સંતાપતી હતી.



લૂઇ પાસ્તર

જે આજે નેપોલિયન જેટલો જ મહાન ફ્રાન્સનો સુપુત્ર ગણાય છે

જગતમાં એક સિદ્ધાંત સ્થાપવો હતો. દૂધ ખાટું કેમ થાય છે, એ રસાયણિક પ્રક્રિયા છે કે સૂક્ષ્મ જંતુઓનું કરતૂત છે એ તેને જાણવું હતું. આનો જવાબ કોઈ ન આપી શકતાં તેણે જાતે જ પ્રયોગો આદરેલા.

ખમીરની શીશીમાં તેણે ખાંડ ને બીજાં રસાયણો નાખ્યાં ને થોડી વાર પ્રશ્નાત્મક ચહેરે એ શીશીને જોઈ રહ્યો. તેને તવામાં નાખી, ને ફરી તે તાકતો ઊભો રહ્યો. શું કોઇ પણ શાણો માણસ આમ એક શીશી પાછળ ઊંઘ અને શ્રમ વેડફતો ફરે ?

આખરે સોમી વખત તવામાંથી તેણે એ શીશી બહાર કાઢી દીવામાં ધરી. અમીટ નજરે તે એ શીશીને જોઇ રહ્યો. શીશીમાંના ખમીરનો રંગ ફરી જઇને ભૂખરો બની ગયો હતો.

ખરેખર એમ જ હતું? પાસ્તરે પોતાના આઇગ્લાસ લૂછ્યા. ફરી ને ફરી તે શીશીમાંના પ્રવાહીને જોઇ રહ્યો. તેણે કાચની એક લાદી પર તેમાંથી એક ટીપું નાખ્યું, તે પર બીજું, અને સૂક્ષ્મદર્શક યંત્રથી તે જોવા લાગ્યો. તેની હિંમત માટે શંકાને સ્થાન ન હતું, છતાં ઘડીભર તો તેને પોતાને પણ મન પરનો કાબૂ સરી જતો લાગ્યો. એ ટીપાંઓમાં ચેતન અને સામર્થ્યની સાબિતી આપતા લાખો જંતુઓ તેણે ખદબદતા દીઠા. બસ, જવાબ મળી ગયો. બારીક સળીઓ જેવા આ જંતુઓ જ ખાંડને લૅકિટક ઍસિડમાં ફેરવી નાખતા હતા. તેણે પોતાની શોધ જાહેર કરી. દારૂના બનાવનારાઓને એથી પોતાના માલના થતા બગાડમાંથી ઘણે ભાગે ઉગરી જવાનો રસ્તો મળ્યો. પણ તેથી પાસ્તરને શું ?

ખરી રીતે તો પાસ્તરને એ શોધે એક નવું જ

માર્ગદર્શન કરાવ્યું. જીર્ણ જ્વર, પીળો તાવ, કૉલેરા, હડકવા, એ બધા રોગોનું મૂળ કારણ પણ એવાં જ સૂક્ષ્મજંતુઓ કાં ન હોય? દિવસે દિવસે તેની એ માન્યતા વધુ મક્કમ થતી ગઇ. હવાની અંદર તેને ગાણુસજાતના ભયંકર શત્રુઓ જેવા, એના અસંખ્ય જંતુઓ રમતા જણાયા, જેથી કોઇ વ્યક્તિ અસ્પૃશ્ય ન રહી શકે. તેણે ખેડવા ધારેલો પંથ વણખેડાએલો હતો, પણ એ વચ્ચેથી જો તે માર્ગ કરી શકે તો માનવજાત પર તેણે આશીર્વાદ જ ઉતારેલો ગણાય.

પણ રોગ અને તેનાં કારણો પર બોલી શકાય એવી પાસ્તરની ગુંજાશ હતી? તે કયાં દાકતર હતો? દાકતરો પણ તેની મજાક કરવા લાગ્યા હતા. છો કરે! તેણે એની દરકાર ન કરી. અસ્પષ્ટ વિચારભૂતોથી ઉશ્કેરાઇ, વધુ સાધનોની અપેક્ષાએ તે પારીસ ઊપડ્યો.

હવે ફ્રાન્સ પર એક નવી જ આફત ઊતરી. રેશમ માટે ઊભાં કરેલાં શેતૂરનાં જબરાં વાવેતરો ઉજ્જડ થાય એમ જણાવા લાગ્યું, કારણ તે પર નભતા રેશમના કીડાઓનો કોઇ ભેદી રીતે નાશ થવા લાગ્યો હતો. વાવેતરોના માલિકો એક પછી એક દીવાળું કાઢવા લાગ્યા. અનેક ઉપાયો સૂચવાયા ને નિષ્ફળ ગયા, પણ કીડાઓનો ભેદી રોગ કોઇ શોધી ન શકયું. આખરે કોઇકે પાસ્તરને એ કામ સોંપવાનું કહ્યું, કારણ પાસ્તરથી તે સુધરશે નહિ તો વધુ બગડશે તો નહિ જ એની ખાત્રી બધાને હતી.

પાસ્તરે કામ હાથમાં લીધું. તેને પોતાના સૂક્ષ્મદર્શકયંત્રમાં પૂરતી શ્રદ્ધા હતી. શેતૂરનો એક કીડો ચીરી, યંત્રના કાચ નીચે તેણે જોયો. એક ભૂખરો ડાઘ નજરે પડતાં તેણે ઇંડાઓને ડાઘવાળા કીડાઓથી સુરક્ષિત રાખવાનો ઉપાય સૂચવ્યો; પણ તે નિષ્ફળ ગયો ને નુકસાની વધતી ચાલી.

પાસ્તર ફરી પ્રયોગો પર મંડયો. તેણે જોયું કે એક નાના બિંદુમાંથી જ એ ડાઘ ફેલાતો મોટો થતો જતો હતો ને આખરે એથી કીડાનું મોત નીપજતું હતું. તેણે જાહેર કર્યું કે ટીલે ડાઘ વગરના કીડાઓની તંદુરસ્ત સંતતિથી સારો પાક મેળવી શકાશે અને તે સાચું પડયું. તેણે રેશમના ધંધાનો નાશ થતો બચાવ્યો ને તેની ખ્યાતિ એટલી વધી કે કેટલાકોએ તો તેનું પૂતળું ઊભું કરવાની પણ ઇચ્છા જાહેર કરી.

બેશક, રેશમને તેણે બચાવ્યું; પણ પોતાની તંદુરસ્તી તો ખોઇ જ. શેતૂરના કીડાઓ પાછળ રાક્ષસ જેમ તે મંડયો રહેલો ને પોતાની બધી ચિત્તશક્તિ તે પાછળ ખર્ચેલી. પરિણામે તેને પક્ષાઘાત લાગૂ પડયો. એ જ અરસામાં તેનો પિતા અને પુત્રી પણ મરણ પામ્યાં. આ આઘાતે તેને પથારીવશ કર્યો.

પોતાનો એક મહાપુરુષ મરવા પડયો હોવાની ફ્રાન્સને જાણ થઇ. પાસ્તરનું આખું ડાબું પડખું નકામું બની ગએલું. દાક્તરોએ પણ નિરાશા બતાવી ને લોકોનાં ટોળેટોળાં તેનું અંતિમદર્શન કરવા ઊમટવા લાગ્યાં. પણ નસીબને પણ જાણે તેના પોકારવતો હોય તેમ પાસ્તર તો સાજો થયો ને ફરી પ્રયોગશાળામાં ઘુસ્યો! તેનું કામ હજુ સંપૂર્ણ થયું ન હતું; તેના સંકલ્પબળે મોતને પણ હટાવી મૂકયું.

રોગોના મૂળ બાબતમાં પાસ્તરે એટલું તો સાબિત કરી જ આપ્યું કે રેશમના કીડાઓનો રોગ જંતુઓની પેદાશ હતી. તેના આ વક્તવ્યથી પ્રેરાએલા જર્મનીના રોબર્ટ કોકે કૉલેરાના જંતુઓ શોધી કાઢયા. પણ પાસ્તર એ શોધમાં કંઇ કરી શકે તે પહેલાં તો ફ્રાન્સ

વિષાદ

· પૃથ્વી ·

મને પ્રણય ભાવ કે સુખની લાલસામાં કદી
જરી જકડશો નહિ સ્વજન બંધુ મિત્રો ફરી;
હતી ઉર વસી કદા મિલન આશ તે ગૈ શમી
અને અકલ શૂન્યતા ઉર છવાઇ જામી રહી.

અકેલ વહતી જતી સરિત દેશદેશે રમી
છતાં ન ઠરતી કયહીં, ત્યમ હું યે ઠરૂં ના કદી;
અકેલ વન રાનમાં અખિલ વિશ્વમાં આથડું
સદૈવ અવિરામ હું ભટકતો રહું કયાં ન કયાં.
અજાણ પગ લાગતાં પથિક ઠોકરે લે કદી
હું યે વિધિની ઠોકરે ઉછળતો રહું કાંકરો;
અને અકલ કાળના વમળમાં વિંટાઇ જતાં
ભલે સકલ સ્થૂલ તત્ત્વ ઉરચેતના યે શમો.

ચિતા મમ જલે કયહીં ભડભડાટ તો યે તમે
ન કો સ્વજન આવશો મરણ એવું રૂચે મને.

સુરલી ઠાકુર

પર બીજી આફત ઊતરી. ઘેટાંની મોટામાં મોટી સંખ્યા નભાવતા ખેડૂતો બૂમો પાડવા લાગ્યા, કે 'ફ્રાન્સની ખાતર પણ અમારાં ઘેટાંને બચાવો.'

પાસ્તર સિવાય બીજું કોણ એ કામ હાથમાં લે? ઘણાયે અખતરા બાદ તેણે 'ઍન્થ્રૅક્સ ઍસાઇલી'ની જલદ નહિ એવી રસી ઘેટાંઓના શરીરમાં મૂકવા માંડી ને પરિણામે ઘેટાં ઊગરવા લાગ્યાં.

પાસ્તરનું વય એ વખતે સાઠ વર્ષનું થવા આવ્યું હતું. તેણે દારૂને ખાટો બની જતો બચાવ્યો, રેશમ-વાળાઓને બચાવ્યા ને ખેડૂતોને બચાવ્યા; તેમાં જ તેની જિંદગીનો ઘણો ખરો ભાગ તો ખર્ચાઇ ગયો! સાઠ વર્ષે તો આપણી કહેવત પ્રમાણે માણસની બુદ્ધિ નાસી જાય છે! પણ પાસ્તર તો વય કે સમય-ને ગણકારે એવો હતો જ ક્યાં? ઘેટાંમાંથી પર-વારતાં જ તેણે હડખાયાં કૂતરાંનો કેસ હાથ લીધો. શા માટે, તે કોઇ નથી જાણતું; પણ તેનું પરિણામ તો માનવજાતને ઉપકર્તા નીવડ્યું જ.

અને એ વખતની પાસ્તરની પ્રયોગશાળા જોઇ હોય તો? રાત ને દિવસ હડખાયાં કૂતરાં ને સસલાંના શોરબકોર વચ્ચે પોતાના મદદનીશો સહિત ઉજાગરાથી લાલઘૂમ બનેલી આંખોએ તે અખતરા કર્યાં કરતો. કોઇ કૂતરૂં કે સસલું મરે છે, પાસ્તર તેનું કરોડરજ્જુ ચૂંથે છે ને તેમાંથી ઝેરી રસી મેળવે છે. તેની ઊંઘ ઘટતી જ જાય છે. કંટાળો તો તેના ચહેરા પર કદી બોલતો જ ન હતો. ને તેવું જ તેના મદદનીશોનું હતું. સૂક્ષ્મદર્શક કાચ નીચે મેળવાએલી એ રસી તપાસતાં તપાસતાં એમની આંખોનું નૂરે ઊડી જવા આવ્યું હતું. ખરેખર એ પ્રયોગશાળા ગાંડાઓની ઇસ્પીતાલ જ બની ગઇ હતી.

આટલા આટલા વખતના પરિશ્રમ છતાં મરેલાં કૂતરાંઓમાંથી મેળવાએલા ઝેરમાં જંતુઓ તો શોધી ન શકાયા. એક દિવસ પાસ્તરને વિચાર આવ્યો, 'શું એ ઝેરને શત્રુને બદલે મિત્રના રૂપમાં ન કેળવી શકાય? હડખવાથી મરી ગએલા એક સસલામાંથી તેણે કરોડરજ્જુ કાપી કાઢ્યું ને જંતુઓથી રહિત એવા એક શીશામાં તે મૂક્યું. ચૌદ દિવસ સુધી આંચકી ખાતું તે ટુકડેટુકડા થતું ગયું. ચૌદમે દિવસે પાસ્તરે તેને પીસાવી નાખ્યો ને તેમાં પાણી મેળવી એક રસી તૈયાર કરી. પછી તેર દિવસ સૂકવેલીની, પછી બારની, એમ એકબીજીથી ઉત્તરોત્તર આકળી પહેલા દિવસ સુધીની ચૌદ રસીઓ તૈયાર કરી.

આ રસી તેણે કૂતરાઓ પર અજમાવી ને એક પછી એક કૂતરા સાજા થતા ગયા. તેને કિનારો હાથ આવ્યો લાગ્યો. એ રસી કૂતરાઓ પર કામ કરે તો પછી માણસો પર શા માટે નહિ? ચોક્કસ કામ કરશે જ. પાસ્તરની એ માન્યતા એવી તો મજબૂત બની કે પોતાની જાત પર તે અજમાવવા પણ તે તૈયાર થઇ ગયો.

પણ તેવામાં નવ વર્ષના જ એક છોકરા જોસફ મીસ્ટરને આખા ડીલે દસ ઠેકાણે હડખાયો કૂતરો કરડ્યો. બધાં તેની આશા છોડી બેઠાં હતાં. ત્યાં પાસ્તરે તેને પોતાની પ્રયોગશાળામાં બોલાવી મગાવ્યો. પોતાના દાક્તરમિત્રો ગ્રાંચા ને વલ્પિયાંનો તેણે અભિપ્રાય પૂછ્યો. તેમણે પણ તેનાં ચૌદ ઇન્જેક્શનોનો અખતરો

પ્રાર્થના

·ઝૂલણા·

વિશ્વ વિશ્વો ખડાં ક્ષિતિજે ક્ષિતિજને
ગૂંથતાં દીપતાં દિવ્ય દેહે,
ટમટમે તારકો આભના અંકમાં
સ્વર્ગગંગા તણા સ્રોત સોહે;
સૂર્ય ને ચંદ્ર, નક્ષત્ર નિહારિકા
ગ્રહ અને ઉપગ્રહો, જ્યોતિખંડો,
મેઘઘનમંડલે તેજવલ્લી રચી
વીજરેખા સજે શુભ્ર શૃંગો.
અબ્ધિના અંકમાં મુક્ત મુક્તાફલો
અતલ અંધારને એ ઉજાળે,
દેવ તુજ ભર્ગની ચમકતી ચેતના
અમિત ઓજસ્ થકી વિશ્વ વ્યાપે.
ચંદ્રમાં, સૂર્યમાં, ગગન નક્ષત્રમાં
તરલ તારાગણે તેજ સ્થાપે;
ઉરતણું આંગણું અંધકારે ભર્યું
તિમિરના પુંજ એ કોણ કાપે?
અખૂટ એ ભર્ગભંડાર તારો ભર્યો
અંશુનો અંશ ના અલ્પ આપે?

તારાબેન પંડિત

કરી જોવાની સલાહ આપી, કારણ બીજા કોઈ ઉપાયે એ બચે તેમ તો હતો જ નહિ.

પાસ્તરે પોતાની રસીઓનું ઇન્જેક્શન ચાલુ કર્યું. બારમે દિવસે તો એવી જલદ રસી હતી કે કોઈ પણ ઘડીએ એ બાળકનો પ્રાણ લઇ લે. બાળક તો એટલા દિવસમાં તેનાથી બહુ જ હળી ગયો હતો, એટલે ઇન્જેક્શન લઈ, તેને ચુંબન કરી તે તો આનંદથી સૂવા ગયો. પણ પાસ્તરને ઊંઘ ન આવી. શું પોતે શરણે લીધેલા છોકરાને મારી નાખશે? એ આખી રાત તેની બેચેનીમાં જ વીતી, પણ સવારમાં જોતાં જ બાળક તો હેમખેમ જણાયો.

પાસ્તરની સફળતા હવે જગજાહેર થઇ ગઇ. હવે તો ન્યૂયૉર્ક હેરલ્ડદ્વારા ઊભા થએલા જાહેર ફંડો મારફત ઠેઠ અમેરિકાથી પણ લોકો આવવા લાગ્યા. રશિયામાં પણ એ ખ્યાતિ પહોંચી ને હડખાયું વરૂ કરડેલાં ઝારનાં ઓગણીસ માણસો સારવાર માટે પાસ્તર પાસે આવવા નીકળ્યા.

લાંબી મજલ બેડી એ ઓગણીસે જણ, પાસ્તર જાણે જાદૂઇ રીતે તેમને જીવતદાન આપી દેવાનો હોય તેમ, બાળક જેટલા આશાભર્યાં અંતરે આવ્યા હતા. ઘણા દિવસો પસાર થઇ ગયા હોઈ, પાસ્તર દરરોજનાં બે ઇન્જેક્શનોથી કામ લેવા લાગ્યો. તેની કારી ફાવીઃ ઓગણીસમાંથી સોળ જણ સાજા થયા, ત્રણ જ મૃત્યુ પામ્યા. બચેલા સોળે જણ પાસ્તરને પોતાના જીવનદાતા ગણતા, વિશ્વાસભર્યે દિલે વતનમાં પહોંચ્યા. રશિયામાં તો આનંદ આનંદ થઇ રહ્યો. જાણે કબ્રોમાંથી જ તેઓ ઊઠી આવ્યા હતા. કારણ, પારીસ તો તેઓ મરવા સારૂ જ મોકલાએલા.

ઝાર ખુદ પોતાના માણસોને સાજાનાજા પાછા આવેલા જોઇ બેહદ ખુશ થયો. ગ્રાંન્ડ ડ્યૂક લાડીમીરને તેણે ઑર્ડર ઑફ સેન્ટ ઍન ઑફ રશિયાનો હીરક ક્રૂસ લઇ પાસ્તર પાસે મોકલ્યો. સાથે, પાસ્તરના નામની સંસ્થા ઊભી કરવા એક લાખ ફ્રાન્ક પણ મોકલાવ્યા.

ફ્રાન્સમાં આ સમાચાર ફરી વળ્યા, ને પોતાના મહાપુરુષના નામની સંસ્થા ઊભી કરવામાં આખું ફ્રાન્સ સંમત થયું. ફંડ ઊભું કરવામાં આવ્યું. માલદારોથી મજૂરો સુધીના બધાએ તેમાં ઘટતો ફાળો આપ્યો.

જાણે પોતાના જીવનશ્રમને નવાજતી યશકલગીની રાહ જ જોતો હોય તેમ પોતાના નામની સંસ્થા ઊભી થયા બાદ થોડા જ વખતમાં પાસ્તરના જીવન-નાટકનો છેલ્લો પ્રવેશ પૂરો થવા આવ્યો. હડખવાની રસી માટેના તેના છેલ્લા પ્રયત્નોએ તેની સર્વ શક્તિ નીચોવી નાખી. જીવન ટકાવવા જેટલું તેલ હવે તેના ખોળિયામાં નહોતું રહ્યું તેના મિત્રોએ તેને આરામ લેવા કહ્યું. તેણે તે કબૂલ કર્યું ને ભાવિ કાર્યક્રમની યોજનાઓ ઘડવા લાગ્યો. તેને સાજા થવાનો સંપૂર્ણ ભરોસો હતો. પણ દિવસોદિવસ તેને વધુ ને વધુ નબળાઇ આવતી ગઇ. છેવટે જબાન પણ બંધ થઇ.

હવે આપ્તજનોએ તેની આશા મૂકવા માંડી. સપ્ટેંબરની ૨૭મીએ તેને આખરી પીડા ઊપડી. આખો દિવસ તેની પત્ની તેનું માથું પકડી બેસી રહી. આ તેના જીવનનાટકના છેલ્લા પ્રવેશનું છેલ્લું દૃશ્ય. થોડા વખતમાં તો તેના પ્રાણ પરવારી ગયા.

પાસ્તરે ધાર્યું એટલું બધું તેનાથી ન થયું, છતાં જે કરી ગયો એટલું પણ જગતને ઋણી બનાવવા પૂરતું છે. તેણે સાબિત કરી આપ્યું કે હવામાં સ્વયંભૂ જીવાણુઓ રહ્યા છે, ત્યારે જ પાર્થિવ રોગોની સાચી નાડ લોકોને હાથ લાગી. ત્યારથી જ વાઢકાપશાસ્ત્રની પ્રગતિ થઇ ને ત્યારથી જ રોગોની સાચી ચિકિત્સા થવા માંડી. બાયટથી માંડી લૉર્ડ લિસ્ટર સુદ્ધાં બધાએ પાસ્તરના માનવજાતિ પરના એ ઉપકારની વિનયભરી પ્રશંસા કરી છે.

આખું જીવન વિજ્ઞાનને સમર્પી દેનાર એ સાચો કર્મયોગી હતો. જંતુઓથી નીપજતા રોગોનો સામનો કરવાની માનવજાતિને એણે સુઝાડેલી તરકીબ જેટલી ઉપકારક છે એટલી જ ઉપકારક શરીરમાંના ઝેરને ઝેરથી જ નિષ્ક્રિય બનાવવાની તેની શોધ છે. તેનો ફ્રેંચ ચરિતલેખક રેને વાલેરી તો એટલે સુધી કહે છે કે, 'વિજ્ઞાનના ક્ષેત્રમાં પાસ્તર જેવો સંપૂર્ણ મનુષ્ય કોઇ પ્રવેશ્યો જ નથી.' એ સાચું પણ છે. એના કાર્યને વખાણતાં જ એનું આદર્શપ્રેરિત જીવન પણ આપણી સામે ખડું જ થાય છે.

અશોક હર્ષ



ઉપર: સુભાષચન્દ્ર બોઝ વીએનામાં ૧૯૩૪માં (ફોટો જગન્નાથ મહેતા); જમણી બાજુ: સુભાષબાબુ (સ્કેચ રવિશંકર રાવળ); નીચે: સુભાષબાબુનો છેલ્લો ફોટોગ્રાફ





હરિપુરાની (૫૧મી) મહાસભાના પ્રમુખ · શ્રી સુભાષચન્દ્ર બોઝ

૧૯૨૭ની સાલમાં ક્ષયના અસાધ્ય દર્દનો ભોગ બનાવી સરકારે તેમને માંડલે જેલમાંથી મુક્તિ આપી ત્યારથી હમેશ માટે તંદુરસ્તીની ચિંતાએ જેમનો સાથ નથી મૂક્યો એ સુભાષચન્દ્ર બોઝ આ સાલે હિંદના રાષ્ટ્રપતિ બને છે. મહાસભાનું મંગલ પ્રસ્થાન આરંભનાર ઉમેશચન્દ્ર બૉનરજી, 'સરેન્ડર નૉટ'ના બિરદધારી નરશાર્દૂલ સુરેન્દ્રનાથ બૅનરજી, સુરતની યાદગાર કૉંગ્રેસના સુકાની રાસબિહારી ઘોષ, હિંદી વજીરની કચેરીમાંના પહેલા હિંદી સત્યેન્દ્રપ્રસન્ન સિંહ અને દેશના ફકીર જેવા દેશબંધુ દાસ પછી એ સંમાન પ્રાપ્ત કરનાર એ છઠ્ઠા બંગાળી નેતા છે.

સોળ વર્ષ પછી આજે આ બીજા બંગાળી નેતાના હાથમાં દેશનું સુકાન સોંપાય છે. જગતના દેશેદેશનાં રાજકીય કોકડાં આજે અટપટી રીતે અટવાએલાં છે અને હિંદ પણ તેમાંથી બકાત નથી, એ વેળા જગતની કૂટનીતિનો તેમનો અંતરંગનો પરિચય અને ઠરેલ છતાં વેધલક્ષી બુદ્ધિ દેશને નવું સૂચન આપ્યા વિના નહિ રહે, એવી સૌની આશા છે.

હિંદ માથે નવા લાદવામાં આવતા સમવાયતંત્રને ચીરી–બાળી નાખવાનું જાહેર કરતા જવાહરલાલ હવે રાષ્ટ્રપતિ તરીકેની જવાબદારીમાંથી મુક્ત થાય છે, અને મહાસભા- પોતાની એ તંત્ર વિષયક નીતિ હજી અસ્પષ્ટ જ રહેવા દીધી છે. એ કાળે જવાહર-



સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ

મૂર્તિકાર
શ્રી વિનાયકરાવ કરમારકર

જે ચાણાક્યબુદ્ધિ રાજપુરુષ અને સ્વાતંત્ર્યના અટલ યોદ્ધાના નામસ્મરણમાં હરિપુરા મહાસભાની બેઠક માટે બંધાએલા 'વિઠ્ઠલનગર'માં અગ્રસ્થાને મૂકવા માટે નવ ફૂટ ઊંચી આ ભવ્ય અર્ધમૂર્તિ ખાસ ઘડવામાં આવી છે.

વસ્તો



દીવાની વાટ ચડતાં જ ખાંસાહેબ સફાળા પથારીમાંથી ઊઠી પડ્યાઃ 'અબે જમ્મુ! દેખ તો, યે લોગ કિસ કો પકડ લાયે!'

મીરખાં જમાદારે છાપો તો આબાદ માર્યો હતો. રાતોરાત આબકારી ઇન્સ્પેક્ટર બાપુલાલને પણ તાલુકાને ગામથી બોલાવ્યા હતા. સાથે પંચ રાખવાનું પણ ચૂક્યા ન હતા. ગામના નગરશેઠ લીલાચંદને દાસેાામાંથી ઉઠાડીને સાથે લઇ લીધા હતા. પણ હમેશ બાજ પંખીની ઝપટથી ફતેહ પૂર્વક શિકાર ઝડપનાર મીરખાંની બાજી આ ફેરે સહેજ વેરાઇ ગઇ. કોણ જાણે બિલાડીની ચાલથી ચૂપચાપ આવતા રસાલાનો દૂરથી જ અણસારો આવ્યો હશે કે શું, પણ વસ્તાના સૌ સાગરીતો 'દારૂ તો અસલ બની આવ્યો છે. દડીઆ બનાવવા, હીંડો, ખાખરાનાં પાંદડાં લઇ આવીએ,' એમ કહીને રસ્તે પડી રહ્યા હતા અને મીરખાંવાળી મંડળી ઝાડીમાંથી નીકળી આવી ત્યારે દારૂના માટલા સાથે એકલો વસ્તો જ પકડાયો.

વસ્તાએ બૂમરાણ મચાવી મૂકીઃ 'બદમાશો તો નાસી ગયે ગયા. આવીઆવીને મોડા શું આવ્યા? ગુનેગારો તે વળી પકડાતા હશે?'

ત્યાં વસ્તાની આંખ લીલા શેઠની આંખને મળી અને એણે સંકોચ અનુભવ્યો. પણ હજી એના બોલાએલા શબ્દો ડુંગરાઓ ફરી બોલતા હતાઃ 'ગુનેગારો તે વળી પકડાતા હશે?'

બાપુલાલે ગજવામાંથી ડાયરી કાઢી અને આખા કેસની વિગતો નોંધવા માડી. મીરખાં સિપાઇઓ સાથે બીજા ગુનેગારોને પકડવા દોડ્યો. એ લોકો જુદી જુદી દિશામાં વેરાઇ જઇ 'હરામખોરો, બહાર આવો નહિ તો ભડાકો કરીએ છીએ,' એવી બૂમો પાડતા હતા. એમના બુલંદ પડકારોથી ડુંગરાઓમાં ભારે શોર મચતો હતો. ખીણો ઝાડોને બદલે હજારો માણસોથી જાણે ઉભરાતી ન હોય એમ લાગતું હતું. છતાં મીરખાં અને એના સાથીદારોના હાથમાં તો એકે માણસ આવ્યો નહિ. છેવટે એમણે ભડાકા પણ કર્યા. અંત આ બધાંમાં જાણે બહુ જ રમૂજ આવી હોય એમ ડુંગરાઓ પેટ પકડીને હસી પડ્યા.

ધુંવાંફુંવાં થતો મીરખાં જ્યારે થોડી વાર પછી તિરસ્કારપૂર્વક હાથમાં બંદૂક હલાવતો હલાવતો ગુનાની જગ્યા ઉપર પાછો આવી પહોંચ્યો ત્યારે બાપુલાલ પોતાની કાચી નોંધ લગભગ પૂરી કરવા આવ્યો હતો. લીલાચંદ વાણિયો આ બધાંથી જાણે ગભરાઇને, વસ્તાને અવળે હાથે હાથકડી નાખી ખાખરાના થડ સાથે બાંધ્યો હતો તે તરફ, જઇને ઊભો હતો. વસ્તાથી ડરવાનું એને તો કંઇ કારણ ન હતું. મીરખાંએ લીલાચંદને વસ્તાના કાન આગળ હોઠ ફફડાવતો દૂરથી જ જોઈ લઇને રાડ નાખી, 'શેઠ, યે તો વો દિન તુમારા દુકાન પર આયા થા વો ન? દૂસરોંકા પતા કુછ દેતા હૈ યા નહિ?' મીરખાંની આંખો અંગારા જેવી થઈ ગઇ. પણ વસ્તાને એ ક્યાં જોવી હતી? એણે તો એક મચકારામાં 'જો હું નો'તો કહેતો' એમ કહી રહેલી નોધારાના આધાર જેવી લીલાચંદની આંખો પલકવારમાં મન ભરીને જોઇ લીધી.

મીરખાં ગુનેગારોને શોધવા રખડતો હતો તે દરમિયાન લીલાચંદે વસ્તાને એસ્તો કહ્યું હતું કે 'તને પરમેશ્વર પણ હવે બચાવી શકે એમ નથી. કાંઇક વિચાર કરે તો હજી હું રસ્તો કાઢી આપું.'

વસ્તો સારો યે વખત સૂનમૂન ઊભો હતો. એને એક વાતનું સુખ હતું. શરીર એવું મજબૂત હતું કે જોનારની નજર ખેરના ગાંઠા જેવો એનો બાંધો જોવામાં જ ગુંથાઇ જાય. મોઢું એવું ખાડાખૈયાવાળું હતું કે મુખરેખાઓમાંથી કંઇ ભાવ વાંચવાની તો વાત જ પડતી મૂકવી પડે. બોલનારો થોડું; પણ બોલે તેટલું સહેજ ઘાંટો પાડીને, જાણે બોલેલું પોતાને જ સંભળાતું ન હોય એમ. એની રીતભાત સામા માણસને ગમે, પણ સાથેસાથે કંઇક શોક ઊપજાવ્યા વગર ન રહે એવી હતી. એનો સ્વભાવ સમસ્યારૂપ હતો એમ નહિ; પણ એના બોલનો શંકાભરી રીતે અર્થ થતાં સમસ્યાઓ ઊભી થતી

થોડા દિવસ પહેલાં જ વસ્તાને શું સૂઝ્યું હશે કે ચાલતો ચાલતો તે લીલાચંદ શેઠને ઘેર જતો ઊભો રહ્યો. 'શેઠ, ગમે તેમ કરો પણ મને નોકરીએ રાખી લો. મારા જેટલું કામ કરનાર આ ધરતી પર બીજો કોઇ માએ જણ્યો નથી.'

'અલ્યા, કોઇને નહિ ને તને તે આ પેઢીએ ચડવા દઉં? તને પાછો હું ઓળખતો નથી ને? કુબેર પટેલને ત્યાં ખેડુ રહેલો ત્યાં બળદને કોણે મારી નાખ્યા હતા? પાછે પગે બળદને ઓલાણી ચડાવતાં તને તો બહુ જોર પડે, રાજાના કુંવરને! એટલે કોસ અરધો હલવ્યો ન હલવ્યો કરી ભર્યે કોસે બળદિયા ખેંચાઇખેંચાઇને ઓલાણી ચઢે તે પછી મરી જ જાય ને?'

વસ્તો સહેજ હસતો હસતો બોલ્યો, 'શેઠના ચોપડામાં તો બધું યે લખેલું હોય.પણ લીલાકાકા,તમારી નજરો ચૂકાવીને તે દિલદગડાઇ કેવી રીતે કરવાનો હતો?'

'હં. તે હવે આખી ધરતી પર કોઇ ઠગાનારો મળતો નથી એટલે આ લીલાને શોધતો અહીં આવ્યો છે, એમ ને?'

'ના રે કાકા, આદમી કામ કરતો ભલો. કંઇ કામ કર્યું હોય તમ જેવાને ઘર, કોક પુણ્યશાળીના તમ જેવાના પગની બે ઘડી ચંપી કરી હોય તો આયખું ઉગરી જાય, કાકા!'

લીલાચંદને થયું કે કોઇ સજ્જનની વાણી પોતે સાંભળી રહ્યો ન હોય!

'અલ્યા વસ્તા, તને રાખવાનું મારું ગજું નહિ.'

'લીલા કાકા, ગમે તેમ કરો પણ નોકરીએ ચડાવી લીધા વગર ચાલવાનું નથી. આટલો વસ્તો તમને ભારે નહિ પડે એ નક્કી માનજો.'

લીલા શેઠે અકળાઇને કહ્યું,'જા જા, તારા જેવો પાંચ હાથનો આદમી મારે શા ખપનો?' જોકે લીલા શેઠે મનમાં ગણત્રી કરી જોઇ કે સસ્તામાં રહેતો હોય તો ભલેને રહેતો. શેઠાણી બાર વરસની દીકરાની વહુને લઇને આ મહિનો ઊતર્યે આવવાનાં,ત્યારે ઘરની ચોકી પણ કરી શકે એવો માણસ જ રાખી લીધો હોય તો ઠીક સગવડ સચવાય.

'શેઠ, પગાર નાના છોકરાનો આપજો. પછી તો રાખશો ને?'

ત્યાં લીલાચંદની પેઢીએ નમતા પહોરના ગપાટા જ હાંકવા અને ખાસ તો લીલાચંદની ગડાકુ તમાકુ કદી ફૂંકવા મળે એ લાલચે—જોકે મળતી તો ભાગ્યે જ—મીરખાં જમાદાર આવી ચડ્યા.

'ઠીક ત્યારે, વચ્ચાર કરી મેલજો. મને આણી ફેરે તો રાખ્યા વગર ચાલવાનું નથી.' એમ બોલતો બોલતો વસ્તો ઊઠ્યો.

'એ શું બોલ્યા, વસ્તાજી? વગર રાખે યે તમે ક્યાં ઓછા કામના છો?' લીલાચંદે પોતાના ભોભાસર કહ્યું.

'એ . . . . હવે તમે જાણો ને તમારું મન જાણે' કહેતોક વસ્તો રસ્તે પડ્યો. વસ્તાને મનમાં સહેજ ખુમારી આવ્યા વગર ન રહી કે શેઠ જમાદાર જેવાના દેખતાં પોતાનું રૂડું બોલ્યા.

પણ અત્યારે જ્યારે જમાદાર, આબકારી અમલદાર, શેઠ અને રાજસત્તાના રક્ષક બડકમદારો, બધાએ જ પોતાની હાજરીનો એકસામટો લાભ બીજા સાગરીતો નાસી છૂટ્યા પછી એકલા વસ્તાને જ આપ્યો ત્યારે આ ષડ્યંત્રમાં પોતે સદાને માટે આબાદ સપડાયો અને ક્યાંક આબરૂનો છાંટો પણ રહ્યો હશે તો તે હવે ખલાસ થઇ ગયો એવું એના મનમાં વસી ગયું. હારેલા માણસની છટાથી અટ્ટહાસ્યપૂર્વક એણે સૌને વધાવ્યા: 'આવીઆવીને મોડા શું આવ્યા? . . .'

મીરખાં ડુંગરાની ખીણોમાં ભડાકા કરતો હતો તેના અવાજો, પડઘાઓ વગેરે શોરનો લાભ લઇને લીલાચંદ શેઠે વસ્તા તરફ સરકી આવી બાપુલાલને

ગંધ સરખી ન આવે તેમ પોતાનું કામ શરૂ કરી દીધું. કામમાં તો બીજું શું હતું? વસ્તાને જોઇને, પોતાને ત્યાં નોકર રાખવો હજી બાકી છે અને શેઠાણી જોડે વહુ તો ઘેર આવી ગઇ છે એ સહેજ યાદ આવ્યું. વસ્તા જેવો માણસ મળ્યો હોત તો ઠીક થાત એમ પણ મનમાં થયું. પણ વસ્તાનો તો હવે સવાલ જ ન રહ્યો. આવા દારૂના બંધાણીને રખાયે કેમ? પણ એ વરણ દારૂ ન પીએ તો કાળી મજૂરી શેની ઉપર કરે? કાંઇ એને મોતીની ભસ્મ ઓછી જ ખાવા મળે છે? ચાલ, આ વસ્તાને જ ઉપાડું. ઠીક છે કે હજી એણે કાંઇ આડુંઅવળું બાફ્યું તો નથી.

આમ મનમાં વિચાર ચાલતા હતા તે અમલમાં યે મૂકી દીધા; અને લીલાચંદને લાગ્યું પણ ખરૂં કે વસ્તો પોતાને અશરણશરણ ગણીને આંખથી આજીજી કરી રહ્યો છે. પણ દાણો ચાંપી જોવા લીલાચંદે જરી મજાકનો ડોળ કરીને કહ્યું: 'વસ્તા, તને નોકરીએ રાખી લીધો છે આજથી. ફાવશે ને મારે ત્યાં?'

'શેઠજી, મારી ગરીબની ઠેકડી શીદને કરો? પણ નોકરી કરવા ટાણું આવે તો તો જલમોજલમ તમારે ત્યાં ચાકર થઇને રહું.'

વસ્તો બોલતો હતો એને 'ધીરે બોલ, ધીરે' એમ ટોકીને શેઠે કહ્યું: 'જો, લાંબી વાત કરી પાલવે નહિ.' એમ કહીને આબકારી અમલદાર તરફ આંખથી ઈશારો કર્યો.

અને માથું હલાવીને 'હં, બોલો બોલો બાપજી!' એમ વસ્તો મૂંગા કાલાવાલા કરવા લાગ્યો.

'જો પછીથી ફરી જતો!'

વસ્તાએ માથું ધુણાવીને 'ના રે, એ તે કદી બને?' એમ સૂચવ્યું.

'જો ત્યારે, તને કંઇ પણ પૂછે તો તારે કહેવું કે આ શેઠ જાણે. ને તું તારે બોલ્યો એમ ફરી યે બોલજે ને ભલા માણસ કે "આવીઆવીને મોડા શું આવ્યા?"'

મીરખાંએ બંદૂક ડાબે ખભે ભેરવી વસ્તા પાસે આવી એને બંને બાવડેથી ઝાલી હલાવીને કહ્યું, 'હરામખોર, દીખતા તો વોહી હય, શેઠ; તુમારા દુકાન પર વો દિન ઉસકો દેખા થા. વો દિન, નહિ? જબ તુમારી ગડાકુકા સારા ખજાના ફૂંક ડાલનેકી મૈંને શરત લગાઈ થી?'

શેઠે મૂછમાં હસતાં હસતાં પાશેરની લૂલી હલાવવાને બદલે અધમણનું ભોડું હલાવીને હા પાડી.

'જમાદાર સા'બને આવવું ને મારે જવું' વસ્તાએ હિંમત કરીને કહી દીધું.

'ચૂપ બદમાશ, ફિર ચીનકા શાહુકાર ન દેખા હો તો!' જમાદારે બંદૂક હાથમાં લઇ કુંદો મારવાની તૈયારી કરતાં કહ્યું.

'જોયું?' એમ આંખના પલકારાથી જ વસ્તાને કહીને લીલો શેઠ બોલ્યો: 'આપ કહો છો એ જ આ માણસ. નહિ તો સેવામાંથી ઊઠીને પ્રભાતના પહોરમાં હું બહાર નીકળું યે ખરો?' લીલો હસવા લાગ્યો.

'હેં?'

'એમ?'

મીરખાં અને બાપુલાલ બંને બોલી ઊઠ્યા.

બંનેમાંથી એકેને લીલો શેઠ જવાબ આપે તે પહેલાં મીરખાંએ જ બાપુલાલ તરફ જોઇને કહ્યું: 'હાં, જનાબ, મેં બોલા કે ફોરન લીલા શેઠ તૈયાર હો કે સાથ હી સાથ ચલા આયા.'

'તો, શેઠ, તમને કેસની આગળથી ખબર હતી શું?' અમલદારે પૂછ્યું.

'અરે, સાહેબ, શેઠકો કાયકી ખબર? વો તો સાથ ચલે હી આયે. હમારા દોસ્ત હૈ, જબી ચલ આયે. એસી પોલિસકી બાતમેં શેઠ લોગકો ક્યા ખબર હોવે?' અમલદારની સાથે અમલદાર બોલે તો જ રૂડું દેખાય એમ માની જમાદારે જ જવાબ આપ્યો.

વસ્તાને થયું કે શેઠ નામુકરર જશે તો? એટલે એણે હિંમતભેર એકવાર તો કહી દીધું; 'શેઠને ખબર નહિ ત્યારે કોને ખબર?'

મીરખાં એને મારવા જતો હતો એની આડે આવીને હસતો હસતો લીલો શેઠ બોલ્યો.

'ખાંસાહેબ, બિચારો એ સાચું કહે છે. મારો જ માણસ છે. બિન કાયદે દારૂ ગાળનારાઓને પકડાવી ઇનામ મેળવવા માટે તો મેં એને અહીં આ લોકોમાં ભળી જવા મોકલ્યો છે. પણ સાહેબને હું બોલાવી તેડાવું તે પહેલાં કોણ જાણે તમે ય તે ક્યાંથી કેસ જાણી ગયા!'

'ક્યા બાત હય! હમકો માલૂમ ન હોવે?' ખાંસાહેબ હસતાહસતા મૂછ પર તાવ દેવા લાગ્યા.

ધીરેથી આબકારી અમલદાર બોલ્યો: 'તો, શેઠ, માફ કરજો, પણ તમને કેસની ખબર હતી છતાં ખાતાને જાણ ન કર્યા બદલ તમે ય ગુનામાં આવો છો એ મારે કહેવું જોઇએ.'

લીલો શેઠ ધોતિયામાં ધ્રૂજવા લાગ્યો. ત્યાં ખાંસાહેબ આશ્ચર્યપૂર્વક ભમ્મરો કપાળમાં ઊંચે ખેંચી બોલ્યા:

'અજી, સા'બ, યે આપ કયા બોલે? હમારા દોસ્ત કૈસે ગુનામેં આ સકતા હૈ?'

મીરખાંએ વસ્તા ઉપર રીસ કાઢી. બંદૂકનો એક કુંદો લગાવીને બોલ્યો, 'જબી, હમારી મશ્કરી કરતા થા! સમઝા. કમઅક્કલ, દૂસરે તેરે ચોંકો ભાગને કયૂં દિયે? હમારા શિકાર ખલાસ કર ડાલા! ગદ્ધા, બેવકૂફ!'

અને છેલ્લા શબ્દો વસ્તાના મગજમાં ઠસાવવા બે ઠોંસા પણ લગાવ્યા.

'બાપજી, પરસરહદના હતા. નાસી ગયા, શું કરું?' વસ્તો બોલ્યો.

પણ બાપુલાલ એમ સહેજે 'શિકાર' જતો કરે એમ ન હતો. શેઠથી પણ ગુનો થઇ જ ગયો છે એ વાતને એ વળગી રહ્યો. પરસરહદના ગુનેગારોને શોધવા જવાની એને બહુ ફુરસદ ન હતી. વસ્તા ઉપર કેસ કરવા જતાં શેઠ એને બચાવવા આડા આવવાના, તો હવે એક શેઠને જ કાયદો બતાવવાથી કંઇક મળે એમ હતું. પણ શેઠનો બચાવ કર્યા વગર મીરખાંને હવે ચાલે એમ ન હતું. છેવટે બાપુલાલે ઘણી રકઝક કરી, મામલો કોરટે ચડશે તો કોડી ઘોઇને કાદવ કાઢ્યા જેવું થશે એમ માની, વસ્તાનો ખાનગી મેળે એકાવન કલદારનો દંડ કરી બધું ભીનું સંકેલી લીધું.

મીરખાંને શેઠનો ને વસ્તાનો બંનેનો બચાવ ઍંટ ખાતર કરવો પડેલો, પણ એના મનમાં ડંખ રહી ગયો. પોતાને આ કેસમાંથી સારું ખળું મળત, પણ અકસ્માત જ બધું ધૂળમાં મળી ગયું ને એકાવને એકાવન રૂપિયા આબકારી અમલદાર ગળી ગયો અને ઉપરથી 'ખાંસાહેબ, તમારો દોસ્ત હતો, નહિતર . . .' કહીને એહશાન ચડાવતો ગયો તે જુદો. એમાં લીલા શેઠને ત્યાં રોજની પેઠે આવતાં જતાં હવે વસ્તાને રીતસર ચાકરી કરતો જુએ એટલે એ વાત યાદ આવ્યા વગર રહે યે શી રીતે? અને યાદ આવે એટલે ખટકયા વગર પણ રહે નહિ.

તરત ઘડીએ તો શેઠે જ પોતાની કનેથી મુંબઈગરા એકાવન ગણી આપ્યા હતા. અમલદારોનાં ચા—પાણી પતાવી, એમને વિદાય કર્યા પછી વસ્તાને તેણે કહ્યું: 'અત્યારે તો મારા ઘરમાં એકાવનનો ખાડો પડ્યો.'

'એ શું બોલ્યા, શેઠજી? કરો લખત. ડાબા હાથનો મારો અંગૂઠો છાપી આપું, પછી કાંઇ?' વસ્તાએ ઉત્સાહપૂર્વક કહ્યું. 'આખી જંદગી તમારો દાસ ગણજો આ વસ્તાને. તમે તો આ ઘોળો દા'ડો જોવા ઉગાર્યો છે મને, માબાપ.'

'અરે, ગાંડા, આનાં તે કાંઇ લખત થતાં હશે?' કહેતા શેઠ ઘરમાં ચાલ્યા ગયા.

વસ્તુઓ લેવા-મૂકવાને બહાને શેઠાણી અને પછીથી દીકરાની વહુ બહાર આવીને વસ્તાને જોઇ ગયાં. એમને તો નોકર બહુ સારો લાગ્યો. શેઠે આવીને કહ્યું: 'ચાલ, ત્યારે. તું તો તું. કરજે કામ, રામ માથા પર રાખીને. મારે તો તને હવે રાખ્યા વના છૂટકો છે, ઘરમાંથી ખણખણીઆ ગણી આપ્યા એટલે? ઊલટા ઉપરથી રોટલા ખવડાવવા પડશે.'

વસ્તાએ તો ચૂપચાપ કામ કરવા માંડ્યું. કામથી શેઠને ને સૌને ખુશ કરી દીધાં. માત્ર વચ્ચે એકવાર શેઠની સાથે પાસેને ગામ જવાનું હતું ત્યારે શેઠના ઘોડાની પાછળ પાછળ ચાલતાં બે અક્ષર એનાથી કહેવાઇ ગયા:

'લીલાકાકા, પાંચ વરસ ચાકરી કરીશ.'

'કેમ, પાંચ જ વરસ જીવવું છે?' શેઠની હાજરજવાબીમાં કંઇ પૂછવા જવું પડે એવું ન હતું.

'ના, પણ મારા ભાગના પૈસા તો પાંચ વરસમાં ભરાઇ નઇ જાય?'

'મારા ભાગના? શું બોલ્યો? એકાવને એકાવન તારે જ ભરવાના છે ને?'

'પણ, પ . . . ણ, અમલદારશા'બ તો તમારો ય ગનો કાઢતા'તા ને? તે તમારા ભાગના ય માંય બેચાર હશે ને?'

આવા માણસ જોડે મોભો મૂકી દલીલ કરીને નાહક મુશ્કેલીમાં શાદને ઊતરવું એમ વિચારી અરણીના ઝાડ તરફ હાથ લબાવી શેઠ બોલ્યો:

'લે, એ તો થઇ રહેશે; પેલી અરણીની ડાંખળી

ભાંગી લાવ જોઉં? ટહુ તો હીંડતું જ નથી . . . પાંચ વરસ પછી વાત તો છે ને? . . . અહં, ક્યાં હીંડે જ છે? એક સરસ જોઇને સોટી ભાંગી લાવ જોઉં.'

વસ્તાએ ચાકરી બજાવવામાં કશી બાકી રાખી નહિ. એવી, કે મીરખાં જમાદારને પણ જોઇને એકવાર તો થતું કે વસ્તો ગુનેગાર માંહ્યલો તો નહિ જ હોય. મૂંગે મોઢે એ એનું કામ કર્યે જતો. શેઠને પણ થયું કે પૈસા વ્યાજ સાથે ઠીક વસૂલ થાય છે.

એકવાર શેઠ કસ્બે માલ ખરીદી લાવવા ગએલા. એવામાં વેવાઇ પક્ષનું કોઈ સગું ઘેર આવ્યું. શેઠાણીએ પોતાની સ્થિતિ પ્રમાણેનાં ઘરેણાંથી વહુને લાદી દીધી. ભલે રોજ ન પહેરે, પણ આ બાઇ આવી એના દેખતાં તો કાંઇ ચાટુડા સરખા હાથ રાખીને ઘરમાં વહુને ઓછી ફેરવાય છે? શેઠ ઘેર ન હતા. પણ વસ્તા જેવો રખેવાળ છે પછી બ્હો શો? પાછા શેઠ જ આવીને વઢે કે ન પહેરાવીને ટીકા કેમ કરાવી, તો?

વસ્તાને થયું કે જીવ, આમ ને આમ ક્યાં સુધી મજૂરી કર્યાં કરીશ? શેઠ રાજીખુશીથી કદી છોડે એમ હતું જ નહિ. તો પછી પોતે જ કેમ ચાલ્યા ન જવું? અને જઇને બે રોટલા માટે પાછી જંજાળમાં ન પડવું પડે એવી ત્રેવડ કરીને જ કેમ ન જવું?

આખો દિવસ એણે કદી નહિ એવી ચીવટથી નોકરી બજાવી હતી. રાતે વહેલો વહેલો કામ પતાવી સૂઇ ગયો;–એટલે કે સૂવાનો ડૉળ કરતો ખડકી આગળ પોતાના ખાટલામાં પડ્યો રહ્યો. પડ્યાપડ્યા મનનાં ઘાટ ઘડતો હતો કે ઘરમાં ચોરી થયાનાં ચિહ્નો શાં શાં ઊભાં કરવાં? મોઢે બુકાની બાંધી, કેડમાંથી વાંકા વળેલા રહી, પહેરવેશમાં જરી ફેરફાર કરીને ઘરનાંની આગળ માત્ર ડાંગ લઇને ઊભો રહે તો યે એને બધું ઘરેણુંનાણું સુપ્રત કરી દેવામાં આવે. અને પોતાને મોઢેથી એક શબ્દ પણ બોલવો પડે નહિ. ઘરમાં પેસવા માટે એણે એકબે વાત ગોઠવી રાખી હતી. બારણાંનો આગળો જમણી બાજુ કાણામાં હતો તે બહાર જ ન આવી શકે એ માટે ત્યાં એક બે ચૂંકો લગાવી રાખી હતી. અને સાંકળની બાબતમાં તો સહેલું સુતર કરી રાખ્યું હતું. એનો નકુચો જ કામકરવાને બહાને શેઠાણીની નજર ચૂકાવીને એવો ઢીલો કરી રાખ્યો હતો કે દૂર કરી શકાય. છેવટે રસોડાની બારી તો ઉઘાડી શકાય એટલી વસ્તાનાં બાવડાંમાં તાકાત હતી જ.

ઘરેણુંગાંઠું મળે તે લઇને તરત જ પલાયન કરી જવાની એની યોજના ન હતી. એટએટલામાં ક્યાંક ઝટ નજરે ન ચડે એવા લબાચાઓમાં,બધું સંતાડીને ડાહ્યાડમરા થઇને પોતે બૂમ મચાવી મૂકવી,'ચોર! ચોર!' અને બતાવવું એમ કે ચોરોમાંથી બે જણા ઉઘાડી તલવારે પોતાના ખાટલા આગળ જમ જેવા ઊભા હતા ને પોતે શ્વાસ પણ માંડમાંડ લઇ શકતો હતો.

હવે એક વાત રહી!—ચોર અંદર આવ્યા તે કયે રસ્તે થઇને? એ પ્રશ્નનો ઉત્તર ગોઠવી રાખવાનો હતો. ઘરનાં લોકો જંપી ગયાં અને મહેમાનના ઘોરવાનો અવાજ પણ બારણા પાસે જઇને કાનોકાન ખાતરીપૂર્વક સાંભળી લીધો ત્યાર પછી વસ્તો કામે લાગ્યો.

ઘરની પછીત પટેલોના ચિક્કાર ફળિયામાં પડતી હતી. દખણાદી બાજુ અડોઅડ ઘર હતું. ઊગમણી મેરની ખડકી આગળ પોતે સૂતો હતો. ઓતરાતી બાજુ એક ખંડેર હતું, જેના ઉપરના ભાગમાં ગામનો રવલો ગાંયજો ઝૂંપડી કરીને રહેતો હતો. તે તરફ પહેલાં આ બાજુના આંગણામાંથી નહાવાનું પાણી ખાળ વાટે વહી જતું. પણ વસ્તાના આવ્યા પછી શેઠે આંગણાનો એટલો છેડો સેવા માટેનાં ફૂલ મળી રહે એ ઇચ્છાથી બગીચા માટે રોકી, ખાળનું બાકોરું પોતાના દોઢ માથોડું ઊંચા છાપરાબંધ વંડાને દૂષણરૂપ હતું એ વસ્તા પાસે પૂરાવી લઇ, પેલી બાજુની આખી ભીંત શેઠાણીને કસબી હાથે લીંપાવી દીધી; કોઇને ગમે ન પડે કે પહેલાં ભીંતમાં ક્યાં ય છિદ્ર હશે.

વસ્તાએ બાકોરું પૂરતી વખતે જ પોતાના નહિ તો પોતાના કોઇ ભાઇબંધના લાભાર્થે અગમચેતી વાપરીને પત્થરો પોલાપોલા જ ગોઠવ્યા હતા. બહુ જ સહેલાઇથી એણે અસલ ખાળ હતો તેવો કરી દઇ, મહેનત કરીને થોડી વારમાં તો માણસ પેસી શકે એવડું ગાબડું પાડી દીધું. એની ખાતરી કરવા એ પોતે જ માથું અંદર ઘાલીને પેલી બાજુ નીકળી પણ ગયો. પોતાની ઉપર એકદમ ખુશખુશ થઈ જઇને હવે પુર્ણાહુતિ ઝટઝટ પતાવી દેવાની ઇચ્છાથી પાછો અંદર જવા માટે માથું ઘાલવાનો વિચાર

કરે છે, ત્યાં 'ઓલ્ટીકાન્સ ઢૅમ (હૉલ્ટ-હુ કમ્સ ધેર?)' નો અવાજ આવતાં ચોંક્યો. બીજી પળે તો થાણાના બે પોલીસો એના ઉપર તૂટી પડ્યા. અને પોતે જોર અજમાવી શકે એ પહેલાં જ હાથકડીમાં જકડાઇને વસ્તો થાણા તરફ કૂચ પણ કરી રહ્યો.

પોલીસોએ જમાદારને જગાડ્યા. 'બડા ચોર આજ તો હાથમેં આયા હય, સા'બ,' કહીને અનેક રીતે પોતાની તારીફ કરવા લાગ્યા: 'ઇતને અંધેરેમેં સાલેકું દેખના ભી કૈસે? વો તો મેરે કાન સુસરે અચ્છે હૈ તો કુછ સુન ભી પાયા!'

મીરખાંએ આળસ મરડતાં મરડતાં કહ્યું, 'અબે જમ્મુ, ફાનસકો થોડા તેજ તો કર. મૈં ઉસકા ચૉડા તો દેખૂં.'

પણ દીવાની વાટ ચડતાંવેંત ખાંસાહેબ સફાળા પથારીમાંથી ઊઠી પડ્યા.

'અબે જમ્મુ, દેખ તો સહી, એ લોક કિસકો પકડ લાયે હૈં? અબ્દુલ, તૂ કભીકા ચોર પકડનેવાલા? યે તો લીલાચંદકા નોકર હૈ, નોકર! યે કયા કિયા તૂને?'

ખાંસાહેબનું આશ્ચર્ય જોઈ અબ્દુલમીઆં અને રોનનો એનો જોડીદાર બંને હેબતાઈ ગયા. ડરતાંડરતાં અબ્દુલ બોલ્યો, 'સા'બ, મકાનમેં બડા બાકોરા કર ડાલા હૈ ઔર વો ઇસમ વહાં પર ખડા થા. ચોર નહિ તબી કયા, જનાબ?'

'વૈસા? ચોર તો હોંગે, જમ્મુ!' ખાંસાહેબ જમ્મુને ઉદ્દેશીને બોલ્યા, 'લેકિન જમ્મુ, ચોરોકો છોડકે બેચારા ઘરવાલાકો પકડનેસે કયા ફાયદા? અબ્દુલ, તેરે હાથમેં ચોર આયગા તબ દુનિયામેં ચોરી મિટ જાયગી.'

ખાંસાહેબે વસ્તાને છોડાવી, પાસે બોલાવી એની સાથે અબ્દુલ વગેરે ચાલ્યા ગયા પછી બે વાતો કર્યાં કરી. વસ્તો તો બોલે ત્યારે ને? ચૂપચાપ સાંભળ્યા કરે. વચ્ચે હોંકારો ભરે એટલું જ.

બીજે દહાડે જ્યારે લીલો શેઠ ચોરીનું સાંભળી કસબેથી ખરીદી અરધી મેલીને ઘેર આવ્યો ત્યારે આખા ગામે એને એક જીભે કહ્યું, કે વસ્તો ન હોત તો લીલા શેઠની પોતાની તો શું પણ સાતે પેઢીની દોલત લૂંટાઇ જાત.

વસ્તો તો ચૂપચાપ ગંભીર મોઢે આ બધો માનનો ટોપલો ઉપાડતો હતો. સાંજે જમાદાર આવ્યા નહિ, એટલે રાત પડ્યે વસ્તાને ફાનસ સાથે આગળ કરી લીલા શેઠ થાણા તરફ ગયા, ત્યારે ખાંસાહેબ હસીને બોલ્યા: 'શેઠજી, તુમારે વહાં ચોરી હોતી તો બડા મઝા આતા. લેકિન યે બદમાશ વસ્તાને સબી મામલા બિગાડ ડાલા. સાલોં કો ભગાડ દિયે. અંદર આને હી નહિ દિયે. ઔર બહાદુરીસે ઉનકે રસ્તે સે નિકલ કર ઉનકે સામને ખડા રહા.'

લીલા શેઠને મનમાં અનેક ગોળા વળતા હતા: વસ્તાને હાથે પુરાવેલા બાકોરાથી જ ચોર કેમ પેઠા? એ કેમ બહુ બોલતો નથી? જમાદાર આટલા રસપૂર્વક બોલે છે તે પોતાને બદલો તો માગી રહ્યા નહિ હોય?

'હોય, એ તો ખાંસાહેબ, આમ છમકલું ન થતું રહે તો આપણે ગાફેલ થઈ જઇએ પાછા. શ્રીનાથજી સૌ સારાં વાનાં જ કરે છે.' શેઠને ઠંડું કાળજું રાખીને આટલા બોલ બોલવા પડ્યા.

'અબે શેઠજી, ચોર લોક તુમારે ઘર પર નહિ તબ કયા હમારી ઝૂંપડી પર કિસ્મત અજમાવેંગે?' ખાંસાહેબ હસવાનું ચાલુ રાખીને બોલ્યા: 'એઇ જમ્મુ, હુક્કા તો લાવ . . . અરે કિધર હૈ? મર ગયા કયા?' અને પાસે વસ્તો હતો તેને હુકમ કર્યો, 'વસ્તા, દેખ જો, વો ડગલેકે ખીસેમેં તબાકુ હોગી.'

વસ્તો તપાસ કરીને ખાલી હાથે સામે જોઇ રહ્યો ત્યારે લીલા શેઠથી બોલાઇ ગયું, 'ખાંસાહેબ માટે જા, ઘેરથી પેલા સારામાંની બાચકો એક ગડાકુ લઇ આવ.'

દરમિયાન જમાદારે શેઠની પૂંજી લૂંટાતી અકસ્માત બચી ગઇ તેનાં લંબાણપૂર્વક ગાન ગાયાં કર્યાં; વસ્તો આવ્યો ત્યારે બોલતા હતા: 'વો વસ્તાકો, મેરા ચલતા તો, મૈં ફોરન પોલિસમેં લે લેતા. લેકિન તુમારી પાસસે એસા આદમી પડા લેનેકા અચ્છા ભી નહીં.'

અને વસ્તાએ હુક્કો ભરી આપ્યો એ ખાંસાહેબ ગડગડાવવા લાગ્યા. સામે વસ્તાએ પણ ચલમ ભરી.

લ્હેરથી પીવાતી પોતાની ગડાકુના ધૂમાડામાં એક લીલો શેઠ અકળાઇ રહ્યો.*

ઉમાશંકર જોષી

* ટૂંક વખતમાં જ પ્રકટ થનારા 'ત્રણ અર્ધું બે અને બીજી વાતો' એ સંગ્રહમાંથી.

પાણી

જ્યારે જ્યારે પાણી વિષે વિચાર કરું છું ત્યારે ત્યારે મારી નજર આગળ ઝાકળનાં મનોહર મૌક્તિક બિંદુઓ તરવરી રહે છે, અને તે સાથે જ એક ચબરાક કિશોરે કરેલો વિનોદ યાદ આવે છે. ઝાકળ શાથી થાય છે એ પ્રશ્નનો ઉત્તર આપતાં તેણે જણાવ્યું હતું, 'ખૂબ મહેનત કરીએ છીએ ત્યારે આપણને પરસેવો થાય છે; પૃથ્વી તો નિરંતર તેની ધરીની આસપાસ ફરે છે, એટલે તેને પરસેવો તો લાગવો જ જોઈએ ને? પૃથ્વીનો પરસેવો તે જ આ ઝાકળ.' આમ બોલીને, તેનો ઇરાદો તો જોકે મજાક કરવાનો જ હતો; પરંતુ ઝાકળ અને પૃથ્વી વચ્ચેનો સંબંધ બહુ નિકટ છે તે આપણે જાણવું જોઈએ. વસ્ત્ર અને તેના પહેરનાર વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ ઝાકળ અને પૃથ્વીનો છે. વાતાવરણમાં અદૃશ્ય રીતે પાણીની વરાળ રહેલી છે અને તે ઠંડી પડતાં ઝાકળ રૂપે દેખાય છે. વાતાવરણ એ પૃથ્વીએ ઓઢેલું એક વસ્ત્ર જ છે, અને એ વસ્ત્રની જ હૂંફને લીધે પૃથ્વીમાતાના નિકટ સાંનિધ્યમાં આપણે જીવી શકીએ છીએ. પાણીની વરાળ પણ પૃથ્વીના આ વાયુ રૂપી વસ્ત્રનો એક ભાગ છે. આપણે બધે જ—ચોમેર—વરાળના સ્વરૂપમાં પાણીથી ઘેરાએલા છીએ.

જીવનના ટકાવ અર્થે હવા પછી બીજું જ સ્થાન પાણીનું છે. વનસ્પતિ અને પ્રાણીમાત્રમાં એ પુષ્કળ પ્રમાણમાં છે. આપણા વજનનો ૫૯ ટકા એનો જ બનેલો છે, જ્યારે બટાટામાં ૭૫ ટકા, કૅબીજમાં ૯૦ ટકા, કાકડી અને દૂધીમાં ૯૬ ટકા અને તરબૂચમાં તો ૯૮ ટકા પાણી છે. કેટલીક મોટી માછલીઓમાં તો એટલું બધું પાણી હોય છે કે એ સૂકાઈ જાય છે ત્યારે સાબુદાણાની પાપડી જેવી તેમની પાતળી ચામડી જ નજરે પડે છે! આપણા ઘણાખરા ખાદ્ય પદાર્થોમાં સારી રીતે પાણી આવી રહેલું હોય છે. ગાયના દૂધમાં તેનું ૮૮ ટકા પ્રમાણ હોય છે. (અલબત્ત, જ્યાં દૂધવાળાએ વધારે પાણી ઊમેરવાની અપ્રમાણિકતા ન કરી હોય એવા કિસ્સામાં જ!)

તમે સાકરનો ગાંગડો જુઓ કે ફટકડીનો નાનો સમચોરસ ટુકડો જુઓ અથવા તો મોરથુથુનો ભૂરો કટકો જુઓ; એમાં પણ પાણી પેઠા વિના રહ્યું નથી.




એક કાચની નળીમાં મોરથુથુનો એકાદ કટકો નાખી ધીમી આંચે એ નળીને ગરમ કરો. મોરથુથુનો ભૂરો રંગ ધીમેધીમે અદૃશ્ય થતો માલૂમ પડશે અને એ કાચની નળીની અંદર ઠંડી બાજુઓમાં પાણીનાં નાનાં નાનાં ટીપાં બાઝેલાં દેખાશે. છેવટે બધો જ ભૂરો રંગ અદૃશ્ય થઈ સફેદ ભૂકો બાકી રહેશે. મોરથુથુમાંથી પાણી ઊડી જાય ત્યારે તેની આ દશા થાય છે. નળી ઠંડી પડ્યા પછી પાણીનાં એકાદ બે ટીપાં અંદર નાખશો તો ફરી મોરથુથુ તેનો મૂળ રંગ પકડશે. બરોબર પદ્ધતિસર આવો પ્રયોગ કરતાં માલૂમ પડ્યું છે કે મોરથુથુમાં ૩૬ ટકા પાણી છે. ફટકડીમાંથી પણ આવું પાણી નીકળે છે તે તો તમે જોયું હશે. પાણી કાઢી નાખેલી ફટકડીને 'ફૂલાવેલી ફટકડી' કહે છે.

જુદીજુદી જાતનાં પાણી

વરસાદનું, કૂવાનું કે નળનું, ઝરાનું, ઊકાળેલું કે વરાળથી ઠંડું પાડેલું વગેરે ઘણી જાતનાં પાણીનાં નામ આપણે બધાએ સાંભળ્યાં છે. હલકું પાણી અને ભારે પાણી એવાં નામ પણ આપણે સાંભળ્યાં હોય છે. ભારે પાણીમાં સાબુનું ફીણ થતાં વાર લાગે છે. શરૂઆતમાં જાણે રબરનાં છોતરાં ઊખેડ્યાં હોય તેવું નીકળે છે. હલકા પાણીમાં સાબુનું ખૂબ ફીણ થાય છે. ઊકાળેલું પાણી સ્વાદમાં ફિક્કું લાગે છે. ઝરાનું પાણી તાજગીભર્યું અને સ્ફૂર્તિદાયક હોય છે. સિલ્વર નાઇટ્રેટ (Silver Nitrate) નામનો એક પદાર્થ

આવે છે. તે જો દરિયાના પાણીમાં નાખીશું તો એ દહીં જેવું થઇ જશે; જ્યારે નળના પાણીમાં નાખતાં તે જરા દૂધિયા રંગનું થઇ ગએલું દેખાશે. બીજાં બધાં પાણીમાં તેની અસર માલૂમ નહિ પડે.



અશુદ્ધ પાણીને ઉકાળી તેની વરાળને ઠંડી પાડી શુદ્ધ પાણી મેળવવાની પદ્ધતિ

પણ આ બધી જાતનાં પાણીમાં શુદ્ધિની દૃષ્ટિએ જોઇએ તો વરાળમાંથી ઠંડું પાડેલું પાણી જ ઉત્તમ છે. એને બનાવવા માટે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સાધનો ગોઠવવાં જોઇએ. A વાસણમાં પાણીને ઉકાળવામાં આવે છે અને તેની વરાળ એક નળી વાટે B નામના વાસણમાં રાખેલા ગૂંચળામાં પ્રવેશ કરે છે. આ ગૂંચળા ઉપર ઠંડું પાણી પડવા દેવામાં આવે છે એટલે વરાળ ઠરે છે અને આ ઠંડા પાડેલા પાણીને C આગળ રાખેલી નળી વાટે કાઢી લેવામાં આવે છે. આ રીતે અશુદ્ધ પાણીમાંથી શુદ્ધ પાણી મેળવી શકાય છે. દરિયાઈ પ્રવાસીઓ માટે ઘણીવાર આગબોટમાં આવી રીતે મીઠું પાણી ઉત્પન્ન કરવામાં આવે છે.

કૂવાના અને ઝરાના પાણીમાં કુદરતીરીતે જ કેટલાંક ખનિજ દ્રવ્યો આવેલાં હોય છે. ઝરાના પાણીમાં એ ઉપરાંત કાર્બોનિક ઍસિડ ગૅસ નામનો વાયુ આવેલો છે. આપણે સોડા-વૉટર પીએ છીએ તેમાં આ વાયુ ઓગાળેલો હોય છે. તેને લીધે જ સોડા-વૉટરમાં ઊભરો આવે છે. વળી પાણીમાં હવા પણ ભળેલી હોય છે. પાણી સ્વાદિષ્ટ લાગે છે તે અંદર ઓગળેલી હવાને લીધે. પાણીને ઊકાળવાથી અંદરની બધી હવા ઊડી જઇ તે ફિક્કું લાગે છે.

પાણીમાં આવતા ક્ષારોમાં મુખ્ય કૅલ્શિયમ (Calcium) અને મૅગ્નેશિયમ (Magnesium)ના ક્ષારો છે. એક કાચની નળીમાં અથવા એકાદ ચીનાઇ રકાબીમાં આવું ક્ષારવાળું પાણી ગરમ કરશો તો એ પાણી ઊડી ગયા પછી કેટલાક ક્ષારો બાકી રહેતા જણાશે. આ ક્ષારો કૅલ્શિયમ અને મૅગ્નેશિયમના માલૂમ પડ્યા છે. સાબુ સાથે મળી આ ક્ષારો રબર જેવો પદાર્થ બનાવે છે અને આ ક્ષારોવાળું પાણી ભારે કહેવાય છે. 'બૉઇલર'માં આવું પાણી ભર્યું હોય તો તેની અંદર આ ક્ષારો ચોંટી રહી પોતાનું પડ જમાવે છે ને તેમાંના પાણીને જલદીથી ગરમ થતાં અટકાવે છે; પરિણામે વધારે બળતણની જરૂર રહે છે એટલું જ નહિ, પણ 'બૉઇલર' કેટલીક વાર કાણું થઇને ખૂબ ખર્ચમાં ઉતારે છે. ફક્ત ૫/૧ ઇંચ જેટલું આવું બીજું પડ અરધોઅરધ બળતણ વધારે ઉમેરવાની ફરજ પાડે છે!

પાણીમાં આવતી અશુદ્ધિઓ

પાણી ચોકખું થઇ પીવાલાયક બને છે તે પહેલાં તેમાં ઘણી અશુદ્ધિઓ હોય છે. આવી અશુદ્ધિઓ બે પ્રકારની હોય છે: એક તો ઉદ્‌બદ્ધ અર્થાત્ સૂક્ષ્મ રીતે લટકી રહેલા રૂપમાં અને બીજી દ્રાવ્ય એટલે પીગળેલા સ્વરૂપમાં. હવા પણ પાણીની અંદર રહેલી અશુદ્ધિ જ છે. જોકે આ બધી જ અશુદ્ધિઓ શરીરને હાનિકારક નથી. પાણીમાંની અશુદ્ધિઓ નીચે પ્રમાણે કોઠો પાડીને બતાવી શકાય:

- ૧. ઉદ્‌બદ્ધ સ્વરૂપમાં [Suspended impurities]
  - → ખનિજ: રેતી, માટી અને બીજાં બારીક રૂપમાં રહેલાં ખનિજ દ્રવ્યો
  - → સેન્દ્રિય
    - → પ્રાણીજ: સૂક્ષ્મ જંતુઓ, મરેલી માછલીના અવશેષો, પક્ષીનાં પીંછાં, પ્રાણીઓની વિષ્ટા, ગટરનો ગંદવાડ વગેરે.
    - → વનસ્પતિજ: ખરી પડેલાં સૂકાં પાંદડાં, ઘાસ અને ફૂલો; કહોવાઇ ગએલું લાકડું, લીલ અને બીજો કચરો.
- ૨. દ્રાવ્ય સ્વરૂપમાં [Dissolved impurities]
  - → વાયુરૂપે: હવા, કાર્બોનિક ઍસિડ ગૅસ અને હાઇડ્રોજન સલ્ફાઇડ
  - → ઘનરૂપે
    - → ખનિજ: ચૂનાના ક્ષારો વગેરે.
    - → સેન્દ્રિય: ઉપર પ્રમાણે.

અશુદ્ધ પાણીમાં કૉલેરા, ટાઇફૉઇડ તાવ વગેરે રોગનાં જંતુઓ થાય છે; પાણી સાફ ન કરવામાં આવે તો અનેક રોગો ફાટી નીકળે.

પાણીને શુદ્ધ કરવામાં રસાયણશાસ્ત્રે અગત્યનો ફાળો આપ્યો છે; તે માટે ફટકડી (ઍલ્યુમીનિયમનો ક્ષાર) અને હીરાકશી (લોખંડનો ક્ષાર)નો ખૂબ ઉપયોગ થાય છે. ફટકડીનો ઉપયોગ તો બહુ જૂના વખતથી ચાલુ છે. ફટકડીમાં એવો ગુણ હોય છે કે તે કચરાને પોતા તરફ ખેંચી લે છે; એટલે ફટકડી નાખેલું પાણી,ગાળ્યા પછી એકદમ સ્વચ્છ બની જાય છે. અલબત્ત, ફટકડી નાખવાના પ્રમાણની મર્યાદા તો સાચવવી જ જોઇએ. પીવાના પાણીમાં ફટકડીનો અંશ પણ માલૂમ ન પડવો જોઇએ, અને છતાં જરા પણ અશુદ્ધિ દૂર થયા વગર ન રહેવી જોઇએ.

પાણીમાંથી અશુદ્ધિને દૂર કરવામાં મોરથુથુ (નાંબાનો ક્ષાર)નો ઉપયોગ યુનાઇટેડ સ્ટેટ્સમાં પહેલવહેલો ડૉ. મૂર અને ડૉ. કેલરમાને ઇ.સ. ૧૯૦૪માં શરૂ કર્યો. પાણીને સંઘરવા માટે બાંધેલાં તળાવોમાં ઘણી વાર લીલ અને શેવાળને લીધે બહુ જ ખરાબ વાસ પેદા થાય છે અને આ પાણી પીવા માટે હાનિકારક થઇ પડે છે. ડૉ. મૂર અને ડૉ કેલરમાનને લાગ્યું કે મોરથુથુ જંતુનાશક હોવાથી તે આ લીલનો નાશ કરી શકે. પ્રયોગો કરીને તેઓએ શોધી કાઢ્યું કે એક કરોડ ભાગ પાણીમાં ફક્ત એક જ ભાગ મોરથુથુનો નાખ્યો હોય તો ઘણી લીલ નાશ પામે છે, અને એટલા જ પાણીમાં દસ ભાગ મોરથુથુ નાખવાથી તો લગભગ બધી જ લીલ નાશ પામે છે. આ પ્રમાણ સાચવવાની ખૂબ જ જરૂર છે, કારણ કે વધારેપડતું મોરથુથુ ગેરફાયદો કરે છે. ઉપરાંત તળાવમાં નાખેલા મોરથુથુમાંથી બહુ જ થોડું મોરથુથુ નળમાં આવી શકે છે. ઉપર લખેલું પ્રમાણ જો બરોબર સાચવવામાં આવે તો મોરથુથુ જરા પણ નુકસાનકારક થઇ પડતું નથી.

પરંતુ આજે તો પાણી 'ક્લોરિન' વડે જ સાફ કરવામાં આવે છે. ક્લોરિન જરા લીલા રંગનો વાયુ છે. આપણે રોજ ખાઇએ છીએ તે મીઠું ક્લોરિન અને સોડિયમ નામનાં બે તત્ત્વોનું બનેલું છે. મીઠાના પાણીમાં જો તમે વિદ્યુતનો પ્રવાહ પસાર કરશો તો ક્લોરિન ઉત્પન્ન થશે. ક્લોરિન બનાવવાની બીજી રીત કોગળા કરવા માટે વપરાતી 'પોટાશિયમ પરમૅંગનેટ' (Potassium Permanganate) નામની જાંબુડા રંગની દવા ઉપર હાઇડ્રોક્લોરિક ઍસિડનાં થોડાં ટીપાં નાખવાની છે. 'ક્લોરિન'ને પ્રવાહી બનાવ્યા પછી તેને પાણી સાફ કરવાના કામમાં લેવાય છે.

ક્લોરિન વડે પાણી સાફ કરવાની પદ્ધતિ ઉત્તમ છે, કારણકે પાણીમાં રહેલા ટાઇફૉઇડ તાવના જંતુઓ અને બીજા પણ રોગના જંતુઓનો ક્લોરિન નાશ કરે છે. અલબત્ત, ક્લોરિનનું પ્રમાણ દસ લાખ ભાગ પાણીમાં ફક્ત ૦.૨ જેટલું રહે છે.


આ ઉપરાંત ઓઝોન (Ozone) વાયુ, અલ્ટ્રા-વાયોલેટ (Ultra-violet) કિરણો અને આયોડિન પણ પાણીને સ્વચ્છ કરવામાં કેટલીક વાર ઉપયોગમાં લેવામાં આવે છે. ઓઝોનમાં ઑક્સિજનના ત્રણ પરમાણુઓ એકઠા થએલા હોય છે. અલ્ટ્રા-વાયોલેટ કિરણો જંતુનાશક છે. ટિંકચર આયોડિન (આયોડિનનું મેથાલેટેડ સ્પીરીટમાં દ્રાવણ) પાણી ચોકખું કરવામાં વધારે વપરાતું નથી,પણ અસ્વચ્છ પાણીની એક મોટી ડોલમાં આયોડિનનું એક જ ટીપું નાખ્યું હોય તો અરધા કલાક પછી આ પાણી પીવાલાયક બને છે. પ્રવાસીઓને અને સ્કાઉટોને આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

સમુદ્રનું પાણી

દરિયાના પાણીના સો ભાગે સાડા ત્રણ ભાગ મીઠું ઓગળેલું હોય છે, પરંતુ મીઠા ઉપરાંત તેમાં મૅગ્નેશિયમ ક્લોરાઇડ અને સલ્ફેટ, કૅલશિયમ સલ્ફેટ વગેરે ક્ષારો પણ ઓછાવત્તા પ્રમાણમાં સમાઇ રહેલા હોય છે, એટલે સ્વાદમાં તો આ પાણી પીવાના પાણી કરતાં જુદું પડે જ છે; પરંતુ બીજો પણ એક તફાવત તેમાં રહેલો છે, અને તે સાદા પાણી કરતાં ભારે હોય છે. આ વાતની ખાતરી નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રયોગ કરવાથી કરી શકાશે. ચિત્રમાં બતાવી છે તેવી એક શીશી લો. એ શીશીને કાચનો બૂચ હોય છે અને એ બૂચની આરપાર નાનું કાણું હોય છે. પહેલાં તો આ શીશીનું એમ ને એમ ખાલી વજન કરી લો. પછી અંદર પીવાનું પાણી ભરો. બૂચ દઈ દેશો ત્યારે વધારાનું પાણી બહાર નીકળી જશે. હવે શીશીને બહારથી લૂછી નાખીને ફરીથી તેનું વજન કરો. આ વજનમાંથી શીશીનું વજન બાદ કરતાં આપણે અંદર

જે પાણી ભર્યું હતું તેનું વજન નીકળશે. આ જ પ્રમાણે આ શીશીની અંદર દરિયાનું પાણી ભરીને વજન કરો. આ વજન ચોખ્ખા પાણીના વજન કરતાં થોડું વધારે થશે. બંનેનું વજન સરખાવી જોશો તો સમુદ્રનું પાણી ચોખ્ખા પાણી કરતાં ૧.૦૨૭ ગણું ભારે માલૂમ પડશે.

સમુદ્રના પાણીના ભારેપણાની બીજી રીતે પણ ખાતરી કરી શકાય. હાઇડ્રોમીટર નામનું કાચનું એક યંત્ર આવે છે. એને એક છેડે સીસું અથવા પારો ભર્યો હોય છે અને બીજી બાજુથી કેટલાક આંકડા માંડ્યા હોય છે. જેમ પ્રવાહી ભારે તેમ આ હાઇડ્રોમીટર અંદર ઓછું ડૂબવાનું. એટલે, ચોકખા પાણી કરતાં ખારા પાણીમાં એ ઓછું ડૂબશે. સરખા જ માપની પ્રવાહી વસ્તુઓના વજનની એ સરખામણી કરે છે. ચોકખા



ડાબી બાજુ: કોઈ પણ પ્રવાહીનું વજન કાઢવાની શીશી 'ડેન્સિટી બૉટલ'; વચ્ચે: દૂધ માપવાને વપરાતું લેક્ટો-મીટર, જે દૂધમાં પાણીનો ભેગ હોય તો તરત બતાવે છે; જમણી તરફ: પાણી કરતાં ભારે કે હલકી વસ્તુઓનું વજન દર્શાવનારું હાઇડ્રોમીટર

પાણીમાં મીટરનો ૧ અંક પાણીની સપાટી સાથે જ રહે છે, જ્યારે સમુદ્રના પાણીમા આ ૧ અંક પાણીની સપાટીની ઉપર રહે છે. આ બતાવે છે કે સમુદ્રનું પાણી ચોકખા પાણી કરતાં ભારે છે. ગ્યાસલેટની અંદર ૧ અંક સપાટીની નીચે રહેશે, કારણકે ગ્યાસલેટ પાણી કરતાં હલકું છે. હાઇડ્રોમીટર વડે દૂધની પણ પરીક્ષા કરી શકાય છે, પણ એની બનાવટ જુદી આવે છે ને એ લેક્ટોમીટર નામે ઓળખાય છે.

સમુદ્રનું પાણી ભારે હોવાથી નદી કરતાં દરિયામાં તરવું સુગમ પડે છે. એશિયા માઇનોરમાં આવેલા મૃત સરોવર (Dead Sea) નું પાણી તો એટલું બધું ભારે છે કે માણસ અંદર સહેલાઇથી સૂઇ શકે છે! સમુદ્રશય્યા કરવા માટે ત્યાં એને પ્રાણાયામ કરવો પડતો નથી. આ જ કારણને લીધે નદીમાં ફરતી હોડી જ્યારે દરિયામાં લઇ જવામાં આવે છે ત્યારે ત્યાં વધારે ઊંચી તરે છે. વહાણ ઉપર પણ જુદાજુદા પાણીમાં તે કેટલું ડૂબવું જોઇએ તેની નિશાનીઓ હોય છે આ નિશાનીઓને પ્લિમસોલ માર્ક (Plimsoll Mark) કહે છે.

આ ઉપરાંત, સમુદ્રના પાણીનો એક બીજો પણ અગત્યનો ફરક છે. સાદું પાણી શૂન્ય અંશે બરફ થઇ જાય છે. પણ સમુદ્રનું પાણી એમ સહેલાઇથી ઠંડીને વશ થતું નથી. જેમ એમાં મીઠાનું પ્રમાણ વધારે તેમ તેનું બરફમાં રૂપાન્તર થવું વધુ મુશ્કેલ. પાણીમાં ઓગાળી શકાય એટલું મીઠું ઓગાળ્યું હોય તો શૂન્ય પછી ૨૨° જેટલી ગરમી અંદરથી ઓછી કરીએ ત્યારે જ તે ઠરે. પ્રભુની આ એક મોટી કૃપા છે, કારણકે તેમ ન થાત તો શિયાળામાં પૃથ્વી પરના ઠંડા પ્રદેશોમાં સમુદ્રની અંદર વહેલો બરફ થઈ જાત અને દુનિયાનો કેટલોક વ્યવહાર અટકી પડત. જો સમુદ્રનું પાણી ખારૂં ન હોત તો સમશીતોષ્ણ કટિબંધમાં પણ કેટલેક સ્થળે પાણી બરફ થઇ ગયું હોત.

શીતોત્પાદનના ઉદ્યોગ (Refrigeration Industry)માં પણ ખારા પાણીનો આ ગુણ ઉપયોગમાં લેવામાં આવે છે. આઇસક્રીમ બનાવતી વખતે બરફ સાથે મીઠું નાખવામાં આવે છે તે આ જ કારણે. ફળ અને ખાવાની બીજી ચીજો ખૂબ ઠંડી પાડવામાં આવે છે ત્યારે તે લાકડા જેવી સખત બની જાય છે અને બગડી જતી નથી. દૂર દેશાવર ફળો મોકલવાં હોય છે ત્યારે તેમને ખૂબ ઠાર્યા પછી જ મોકલવામાં આવે છે. આ ક્રિયા મા તેમને ઍમોનિયા મિશ્રિત ખૂબ ઠંડા પાણી વડે ઘેરવામાં આવે છે. એને લીધે પાણી બરફ બન્યા વિના ખૂબ ઠંડું રહી શકે છે. આ ઠારેલાં ફળોને ગરમ કર્યા પછી પાછાં હોય છે તેવાં થઇ રહે છે.

બરફ અને પાણી

બરફનો ટુકડો, તેમાં રહેલા પાણી કરતાં હમેશાં જરા મોટો દેખાય છે. વળી તે પાણી ઉપર તરે છે. એ ઉપરથી એટલું નક્કી થાય છે કે બરફનું કદ પાણી કરતાં વધારે છે, પરંતુ તે પાણી કરતાં હલકો છે.

આનું કારણ શું? તમે એ તો જોયું હશે કે પાણી જેમ ગરમ થાય છે તેમ હલકું થતું જાય છે. પાણી ઠંડું પડે છે ત્યારે તે ભારે થાય છે. પરંતુ તે અમુક હદ સુધી જ; આ હદ વટાવી કે ફરી પાછું તે હલકું થવા માંડે છે. ૪૦ અંશ સેન્ટિગ્રેડ જેટલું તેનું ઉષ્ણતામાન (temperature) ઊતરે છે ત્યાં સુધી તે ભારે હોય છે. પરંતુ આનાથી સહેજ પણ ઉષ્માન નીચે ઊતરતાં તે હલકું બનતું જાય છે અને શૂન્ય અંશે તે બરફમાં પરિણત થાય છે. હવે, પાણી હલકું થયું કે તેનું કદ તો વધવું જ જોઇએ કારણ કે કદ = વજન ÷ ઘટ્ટતા.

આપણા હિંદુસ્તાનમાં બરફનું કદ વધવાથી નીપજતાં કેટલાંક ખરાબ પરિણામોથી આપણે માહિત નથી, કારણ કે અહીં એટલી બધી ઠંડી પડતી નથી પરંતુ ઉત્તર તરફના ઠંડા પ્રદેશોમાં ઠંડીને લીધે પાણીના નળ ફાટી જાય છે. પાણી ઠરી જવાથી બરફ અંદરથી ખૂબ જોર કરે છે અને નળને તોડી નાખે છે.

પાણીનું બંધારણ

આ બધું જાણ્યા પછી પાણી શાનું બનેલું છે તે પ્રશ્ન થાય. પાણી છે તો પ્રવાહી, પણ તે હાઇડ્રોજન અને ઑક્સિજન (પ્રાણવાયુ) નામના બે વાયુઓનું બનેલું છે. પાણીમાં જ્યારે વિદ્યુતનો પ્રવાહ પસાર કરવામાં આવે છે ત્યારે અંદરથી આ બે વાયુઓ છૂટા પડે છે. બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઑક્સિજન એ પ્રમાણમાં આ બે વાયુઓ પાણીનો અણુ બાંધવા માટે એકઠા થયા છે.

ઑક્સિજન અને હાઇડ્રોજનમાંથી પાણી ઉત્પન્ન પણ કરી શકાય. એક સળગતી મીણબત્તી ઉપર ઠંડી સ્લેટ ધરો; તરત ત્યાં ભીનાશ દેખાશે. આ ભીનાશ પાણીની છે. આ પ્રયોગ કરવામાં સાવચેતી માત્ર એ લેવાની છે કે મીણબત્તીની જ્યોતથી સ્લેટ તપી જાય તો બધી જ ભીનાશ ઊડી જાય અને આપણને કશું જ દેખાય નહિ, એટલે મીણબત્તીની ઉપર સ્લેટની જે બાજુ ધરી હોય તેની બીજી બાજુ પાણીથી ભીની રાખવી આવશ્યક છે. મીણબત્તીની અંદર હાઇડ્રોજન હોય છે અને તે બળે છે ત્યારે હવામાં રહેલા ઑક્સિજન સાથે મળીને હાઇડ્રોજન પાણી બનાવે છે.

પણ બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઑક્સિજન એક વાસણમાં ભેગા કરવાથી પાણીનો પરપોટો યે ન બને. એમાં તો હાઇડ્રોજન અને ઑક્સિજન છૂટાછૂટા જ રહેશે. પાણીની અંદર તેઓ સંયુક્ત સ્વરૂપમાં છે. વાતાવરણની અંદર જુદાજુદા વાયુઓ રહેલા છે તે બધા છૂટા સ્વરૂપમાં જ છે. દુનિયામાં રહે પણ દુનિયાથી રંગાય નહિ એવા માણસોની કોટિના તેઓ છે. જ્યારે કોઇ બે દ્રવ્યો સંયુક્ત સ્વરૂપમાં હોય છે ત્યારે એ સંયુક્ત સ્વરૂપના ગુણધર્મો એ બે મૂળ દ્રવ્યોના કરતાં જુદા જ હોય છે. પાણીમાં નથી ઑક્સિજનનો ઝાંખી જ્યોતને ભપકો આપવાનો ગુણ કે નથી હાઇડ્રોજનનો હવા સાથે મળી સળગી ઊઠવાની શક્તિ પ્રાપ્ત કરવાનો ગુણ. પાણીનો સ્વભાવ તો આ બેથી કૈં ઓર જ છે! આપણું મીઠું જ જુઓને? કેવી સૌમ્ય વસ્તુ છે? અને જે બે તત્ત્વોનું તે બનેલું છે તે સોડિયમ અને ક્લોરિન? પાણીમાં સોડિયમ નાખશો તો જાણે વડવાનલ આવ્યા; એવું ઉગ્ર સોડિયમનું સ્વરૂપ છે. અને ક્લોરિન સાથે રમત એટલે યમરાજને નિમંત્રણ.

આવી આ પાણીની કથા છે.

પદ્મકાન્ત ર. શાહ



—— ચિત્રકાર • રવિશંકર પંડિત ——

વકરેલો સુવર માર્યો

બરેલી જિલ્લામાં ફરીદપુર ગામ છે. મારા મિત્ર પંડિત હરપ્રસાદનું ત્યાં કંઇ લેણું હતું. ઘરાક એવું મળેલું કે પંડિતજીને કંઇ દાદ દે નહિ. પંડિતજી મિજાજના કડવા. કોઇનું ઊંચું વેણ સહી શકે નહિ. મને કહે, તું ચાલ સાથે.

અમે બંને ફરીદપુર જવા ચાલ્યા. બરેલીથી સીધી સડક જાય છે. ઉનાળાનો ધગતો દી. ચામડી ફાટી જાય એવો તડકો. વિચાર્યું કે રાતની સફર સારી. ઠંડે પહોરે ચાલ્યા જઇશું.

દસબાર પાન બનાવીને ડાબલીમાં લઈ લીધાં. રસ્તાનો એ ખોરાક. ખાંધે મૂકયા દંડા અને ચાલી નીકળ્યા. અગિયારના ટકોરા કિલ્લા બહાર સાંભળ્યા.

પંડિતજી લહેરી. વાતવાતમાં ટીખળ કર્યે જ જાય. ઉર્દૂ ફારસીના ઉસ્તાદ. શૅરની ચટણી સાથે મઝેદાર ટુચકા–વાની ચખાડતા જાય. 'ખુદા રાજી તો અલ્લાહ બેચારા કયા કરે' એ એમનું મુખસૂત્ર.

ડર નથી, ભય નથી; ચિંતા કે વિચાર નથી. અમે તો લહેરમાં, ધીમે પગલે ને ઠંડે કલેજે ચાલ્યા જઇએ. દશમનો ચાંદો હજી ઊગ્યો નહોતો.

અરધો રસ્તો કાપ્યો હશે. એક ગરનાળું આવ્યું. ઉપર હતો પૂલ. બરાબર વચ્ચે પહોંચ્યા કે 'ખબરદાર'નો ધ્વનિ આવ્યો. કોઈ મંત્ર ફૂંકે અને થંભી જઇએ તેમ અવાક્ અમે ઊભા રહી ગયા. જાદૂગર લકડી ફેરવે અને માયાની પૂતળાં ખડાં થઇ જાય તેમ સામે પાંચ સાત માણસો એકાએક આવી ઊભાં. આપણા રામ તો થીજી ગયા.

'ખબરદાર! એક પગલું આગળ ભર્યું છે તો વીંધી નાખીશ.' પંડિતજી બોલ્યા.

મેં પંડિતજી સામે જોયું. માથે લાકડીઓ તોળાઇ રહી છે અને પંડિતજીએ આવો દમ કેમ ભરાવ્યો? ગજવામાંથી કેમ જાણે તમંચો કાઢના હોય તેમ પંડિતજી ગજવામાં હાથ નાખીને તૈયાર ઊભા હતા. પેલા લોકો લાકડીઓ વીંઝવાની તૈયારીમાં હતા.

મેં ધાર્યું, પંડિતજી છે બહાદુર. આણીને વખતે અક્કલ લડાવી હશે. તમંચો બમંચો હોય જ શાનો? પોતે ચોરટા અને લૂંટારાના ખાસ પરિચિત હતા. તેમનામાં કેવી શક્તિ હોય છે એ ખૂબ જાણતા હતા, કળબળથી ઊગરવાનો ઉપાય યોજ્યો હશે.

૧૯૨૮માં બરેલીમાં હિંદુ-મુસ્લીમ દંગો થયો હતો. એ વખતે પંડિતજીનું ઘર મુસલમાનોએ ઘેરી લીધું હતું. પોતે રહેતા મુસ્લીમ મહોલ્લામાં. હજારો મુસલમાનો 'મારો મારો' કરતા ઘેરી વળેલા. જરાક ચૂકે તો સર્વનાશ. પંડિતજી એકદમ બહાર આવ્યા. પહેરણની ચાળ નીચે હાથ રાખીને પડકાર દીધો, 'હટો, નહિ તો ગોળી છોડું છું. મારે કોઇ સાથે વેરઝેર નથી. હું મારતાં મરતાં યે ડરતો નથી. બોલો, શો વિચાર છે?'

ઘણા મિયાં ઓળખીતા પણ હતા. આગળ ઊભેલા ડર્યાં, કે ન કરે ખુદા અને પંડિતે ગોળી છોડી તો પહેલાં આપણે જ મરીશું. ગણગણ્યા, 'જવા દો, જી, પંડિતજી મહોલ્લાના જ છે. એમની સાથે કંઇ નથી.'

બસ, ટોળું વીખેરાઇ ગયું. તમંચો તો હતો નહિ, પણ પંડિતજીના હાથે તમંચાનું રૂપ લીધું હતું.

આ ઉપરથી મેં ધાર્યું, કે પંડિતજીએ ચાલાકી કરી હશે. પણ જોઉં તો તેમણે ધીમેથી હાથ બહાર કાઢી લાંબો કરતાં, હાથમાં કંઇક હોય એમ લાગ્યું ખરું.

પેલા લોકો કંઇ બોલ્યા નહિ. પંડિતજી જોશજોશમાં કંઇક બોલી ગયા.

'કોણ, હરપ્રસાદ?' સામેથી કોઇ બોલ્યું.

'હા, હરપ્રસાદ.' પંડિતે કહ્યું.

ખડખડાટ હસતો એક જણ વાટ રોકનારમાંથી અમારી પાસે આવ્યો.

'. . . . . મિયાં? મત્તેરેકી!' પંડિતે પેલાને પાસે આવતાં ઓળખી લીધો ને કહ્યું.

પછી તો બધા બેઠા.

પંડિતજી મૂળ રામપુરના રહીશ. મોટા જમીનદાર હતા. લાખોની મિલકત. કાળના ચક્કરમાં દશા પલટાઇ ગઇ ને સાધારણ સ્થિતિમાં આવી ગયા હતા. બરેલી અને રામપુરમાં કોઇ પહેલવાન, ઘોડેસવાર, તરિયો, ચોર કે લૂંટારો એવો નહિ જે પંડિતજીને જાણતો ન હોય. પોતે રામપુર હતા ત્યારે શરણાગત ધર્મ પાળતા. ખૂની હોય કે ધર્મી, ચોર હોય કે શાહુકાર, વિપત પડ્યે પંડિતજી પાસે જાય તો માથા સાટે એને સાચવે. પોતે દરેક રીતે એની સંભાળ રાખે. એથી રામપુરમાં અને ફરતે બધે લોકો એમને ઓળખે.

અમારો રાહ રોકનારા દોસ્તો રામપુરિયા હતા. રામપુરમાં લૂણબરાબર હિંદુ છે. નામ રામપુર પણ છે મિયાંપુર. રામપુરિયા હિંદ–વિખ્યાત છે. મુંબાઇમાં તો એમને રામપુરિયા માટે પગ ન મૂકવાનો કાયદો છે. કલકત્તામાં રામપુરિયો જાય એટલે પોલિસખાતું ખાસ ખબર રાખે. ભારે તોફાની. ખીચડી ખૂટે એટલે પાંચસાત જણ મળીને રસ્તો રોકી બેસે. જે મળે તેને લૂંટે ને જતા રહે.

આ પ્રસંગ પણ એવો જ હતો.

છૂટા પડ્યા ત્યારે એક જણ બોલ્યો: 'પંડત, તુમને હમારી રાત બિગાડી.' પંડિતજી કહે, 'ખુદા રાજી તો અલ્લાહ બેચારા કયા કરે?'

પરોઢ થતાં પહેલાં ફરીદપુર પહોંચ્યા, પંડિતજી કહે 'સામે વાડી છે, ત્યાં જોઇ આવું. ઓળખીતાની છે. કદાચ રાતવાસુ કોઇ આવ્યું હોય.'

હું ઊભો રહ્યો. પંડિતજી ગયા. થોડી વારે બૂમ મારી. હું પણ ગયો. ખાટલો નાખ્યો. બંને બેઠા. વાડી રાજપૂતની હતી. નામ ધનસિંહ. તેમણે વાત માંડી:

'હમણાં તો ભારે કપાણ છે. એક સૂવર વકર્યો છે. ત્રાસ વર્તાવ્યો છે. કાલે જ એક બળદને પાડી દીધો.'

'કયાં છે?' પંડિતજીએ પૂછ્યું.

'એ તો ખબર નથી, પણ આટલામાં આવી ચડે છે.' વાત આગળ ન ચાલી. પંડિતજી લેણુપુરાણુ પહોળું કરી બેઠા. સૂરજ ઊગ્યા પછી ગામમાં ગયા. દેણદારને મળ્યા. ઝગડો તો કરવો જ પડ્યો. અરધા રૂપિયા પત્યા.

સાંજે સાત વાગ્યે બરેલી મોટર જતી હતી. પંડિતજીનો વિચાર એમાં જ ચાલ્યા જવાનો હતો.

'પેલા સૂવરનું કંઇક કરીશું?' મેં પૂછ્યું.

'જવા દે ભાઇ, તને ઠીક ધંધો મળ્યો!' પંડિતજી બોલ્યા.

'જરા મઝા આવશે.' મેં કહ્યું.

આવી બાબતમાં પંડિતજીને વધારે આગ્રહ કરવો પડતો નહિ. સૂવરનો પત્તો મેળવી આપવાનું ધનસિંહે માથે લીધું. પણ પંડિતજી પાસે માત્ર તમંચો હતો એટલે હથિયારનું બહાનું ધરીને વળી પંડિતજી ફર્યા. કહે, કે માંડી વાળો.

મારા અનુભવમાં આવ્યું હતું કે સૂવરના શિકારમાં બંદૂક કે તમંચો સફળ નથી નીવડતાં. ગયે વરસે આ જ જિલ્લામાં સૂવરનો શિકાર ખેલવા ગયેલા અને ઓચિંતા સપડાઇ ગયેલા. બિહારમાં પલામઉના જંગલમાં પણ સૂવરનો ભેટો થએલો અને એક સાથી મરતો બચેલો.

સૂવરથી બચવું જેટલું સહેલું છે, એટલું જ એની સાથે મુકાબલો કરવાનું અઘરું છે. શિકારી સાવધાન ન હોય તો આફતમાં સપડાવું પડે. બચવાનું સહેલું એ રીતે, કે સૂવર પાછળ પડે એટલે સીધા દોડવું. સૂવર પૂરેપૂરી દોડમાં આવી જાય એટલે દસ કે બાર હાથનું છેટું રહેવા દેવું અને તરત જ કાટખૂણો કાપીને આડા વળી જવું. સૂવરથી ઝટ વળી નહિ શકાય. એની ગરદનની રચના એવી હોય છે કે તે મોં આમ તેમ વાળી જ શકે નહિ. વાંક વળતી વખતે સૂવર અને આપણી વચ્ચે જેમ ઓછું અંતર એમ વધારે સારૂં. આપણે વળી જઇશું અને સૂવરદાદા સીધા દોડ્યા જ જશે. ઊભા રહીને પછી ગોળ ફરતા ફરતા પાછા વળશે. એ વખતે વધારે દૂર દોડી શકાય એવું ન હોય તો ઝટ ઊંચી જગા કે ઝાડ પર ચડી જવું. બે હાથ ઊંચા ચડી જવાશે તો પણ સૂવર ઊંચી ડોક કરીને તમને ઇજા કરી શકશે નહિ.

શિકારીએ તો સૂવરની ખરેખરી બીક રાખવી જોઇએ. સૂવરનું લોહી અને માંસ એવા પ્રકારનાં હોય છે કે ઘા ઝટ રૂઝાઈ જાય છે. લોહી તો વહે જ નહિ.

સૂવરના શરીરમાં ચરબી પોણા ભાગની હોય છે. એટલે બંદૂકની ગોળી માથામાં વાગે ત્યારે જ એ ઝટ પડે. એના માંસલ શરીરમાં એકબે ગોળી તો કામ જ ન કરે. આપોઆપ ઘા રૂઝાવાનો તેના માંસમાં ગુણ હોવાથી તલવાર કે એવું બીજું હથિયાર કામ કરતું નથી. એવા હથિયારનો ઘા નજીક રહીને કરવો પડે છે. એવે વખતે ઘા ખાલી જાય કે અસર ન કરે તો તરત જ સૂવર શિકારીના પગમાં ઘૂસી આવે. એના એક જ પ્રહારે પગ બેકાર બની જાય. પગમાં ઇજા થતાં જ પડી જવું પડે અને સૂવર હેરાન કરી નાખે.

મને એક વાત ધ્યાનમાં ઊતરી હતી. સૂવરના શિકારમાં ભાલાં વધારે ઉપયોગી નીવડે. એકદમ પાસે આવી જાય એટલે ભાલા વડે રોકી લેવો. શરીરના ગમે તે ભાગમાં ભાલું ભેરવીને તાકાત અજમાવવી. એકથી વધુ સાથી હોય તો તો ભાલાં સરસ કામ કરે.

મેં ભાલા વડે સૂવરનો શિકાર ખેલવાની વાત કરી.

પંડિતજી કાંઇ ઓછા અનુભવી નહોતા. એમને ગળે વાત ઊતરી ગઇ.

'ચાર જણ તૈયાર થઇએ.' મેં કહ્યું.

'બોલાવી લાવું. કોઇ આગળ ચાલનાર જોઇએ. અમથી કોઇની હિંમત પડતી નથી.' ધનસિંહે કહ્યું.

'ભાલાં, અને બીજા બે જણ હિંમતી હોય તેમને બોલાવી લાવો' પંડિતજીએ કહ્યું.

થોડીવારે ધનસિંહ ત્રણ જુવાનને લઇ આવ્યા. પાંચ છ ભાલાં યે લઇ આવ્યા. એક વૃદ્ધ પણ સાથે હતા. એમણે તો આવતાંની સાથે જ રોહીલખંડી ભાષામાં કહ્યું:

'બાહ, પંડતજી! તુમને તો ખૂબ કરો. કંગરેસ કો સરકટી બન ગો ઓર બાપકો ધન ખરાબ કર દી.'

મારું હસવું માયું નહિ. કંગરેસ એટલે કૉંગ્રેસ ને સરકટી એટલે સેક્રેટરી એ જાણતાં હાસ્યફુવારો છૂટ્યો.

અમે છ જણ તૈયાર થયા. ભાલા વડે જ સૂવરને મારવાનો નિર્ણય કર્યો. દાવ બધાને સમજાવી દીધો.

ભૂખ્યે પેટે કંઇ શિકાર ખેલવા જવાય? ગામમાં બીજી સગવડ નહિ. હાથે રાંધે કોણ? મેં સત્તુ (સાથવો) જમી લેવાનો પ્રસ્તાવ કર્યો. ઘઉં, જવ કે ચણાને શેકીને તેનો લોટ કરે તે સત્તુ. જવ કે ચણાનું સત્તુ ઉનાળાના દિવસોમાં એક વખત પાણી સાથે પી જવાથી ખૂબ ઠંડી તબિયત રહે છે. સત્તુ રાબ જેવું કરીને પીવું જોઇએ. ચાવીને ખાવામાં દોષ ગણેલો છે. બનારસ, બલિયા, જૌનપુર, ગોરખપુર વગેરે જિલ્લાઓમાં સત્તુનો ખૂબ રિવાજ છે. ગોરખપુર અને આજમગઢનું દહીં અને સત્તુ ખાય તે કદી ન ભૂલે. એ જિલ્લાના લોકો પાંચ સાત દિવસ સુધી દહીં જમાવી રાખે છે. એ દહીં એવું ઘન બને છે કે વાસણમાં લેવાની જરૂર નહિ. કપડાને છેડે બાંધી શકાય. મીઠું તો સાકર જેવું. પરગામ જવાનું થાય એટલે સત્તુ અને દહીં બાંધી લે. આ એક વિશેષતા છે.

દસેક વાગે ચાલી નીકળ્યા. બે વાગ્યા સુધી શોધ કરી. સૂવરનો પત્તો લાગ્યો નહિ.

પંડિતજીએ સલાહ આપી કે આટલામાં ક્યાંય જળાશય હોય તો ત્યાં સૂવર આવે એવો સંભવ ખરો. ઉનાળાના આ તાપમાં કાદવ કીચડ એને ખૂબ ગમે છે. ગામથી એક માઇલ દૂર તળાવ હતું ત્યાં ગયા. કાદવમાં સૂવરનાં પદચિહ્નો છપાયાં હતાં. સાંજ સુધી ત્યાં જ રહ્યા. ચારે કોર ફર્યા. સૂવરની ભાળ લાગી નહિ. સૂરજ ડૂબ્યો. પાછા ફર્યા.

સવારે વળી ઊપડ્યા. રાતે એક બે સ્થળોએ સૂવરે દેખા દીધી હતી એવા ખબર વાડીવાળા પાસેથી સાંભળ્યા.

શેરડીના વાઢ પવાના હતા ત્યાં સૂવર જઇ ચડે એ સંભવિત હતું. એવાં સ્થાનો જોતા જવાનું રાખ્યું. દસ વાગ્યા સુધી ઘૂમતા રહ્યા.

દૂર એક આંબાવાડી તરફ હોકારા થતા સાંભળ્યા. કદાચ સૂવર પહોંચ્યો હોય. અમે ઉતાવળે પગલે તે તરફ વળ્યા. સ્થાન દૂર નહોતું. પંદર મિનિટમાં પહોંચ્યા. પાણી પાએલા ખેતરમાં સૂવર ફંખાડા લેતો દોડતો હતો. આંબા ઉપરથી અવાજ આવ્યા: 'નાસજો, સૂવર છે!'

અમે છ જણા ત્રણ ત્રણ હાથને છેટે રહીને અર્ધગોળ વળીને ખેતરમાં પડ્યા. ખેતરમાં પાણી મૂકેલું એટલે કીચડ હતું. સૂવર બરાબર મધ્યમાં હતો.

સૂવરને ગંધ ગઇ. ઘણુંખરું સૂવર પોતે જ ભાગે છે. કોઇ હડફેટે ચડી જાય તો જ હૂમલો કરી બેસે. વકરેલા સૂવરનો અમને અનુભવ નહોતો. ધનસિંહે વાત તો કરેલી, પણ સાંભળેલી વાતોનો તાદૃશ્ય પ્રભાવ પડતો જ નથી. અનુભવ સિવાય બધું નકામું.

અમને જોતાં જ સૂવરે દોટ મૂકી. ખેતરની માખણિયા માટીમાં મોં ભરાવતો અને માટીના લોંદા ઉછાળતો એ અમારા તરફ ધસતો આવતો હતો.

અમે શિકારને સપડાવવાનો દાવ વિચારીને પેંતરા ગોઠવતા હતા ત્યારે ભય જેવું કાંઇ હશે જ નહિ એમ ધારેલું. સૂવરના શિકારમાં તે શું? પણ અત્યારે સામે દોડ્યો આવતો સૂવર જોયો કે ઝણઝણાટી વ્યાપી ગઈ.

રોમાંચનો એક આંચકો ખાઇને તરત જ ખંખેરી નાખ્યો. સૂવર નજીક આવી ગયો. ધનસિંહે કહેલું, કે કોઇને જુએ કે તરત હુમલો કરે, એવો સૂવર છે. ખૂબ હૃષ્ટપુષ્ટ હતો. બેથી અઢી ઇંચ લાંબી દાંતરડી જડબાં બહાર દેખાતી હતી.

'આપણે પાછા હઠીને શેઢે જઇએ' પંડિત બોલ્યા.

વીસેક હાથ અમે ખેતરમાં ઘૂસી ગયા હતા. પગ ખૂંચી જતા. ઝટ ચાલી પણ શકાતું નહિ. શરતચૂક થાય અને સૂવરનો હૂમલો રોકી ન શકાય તો?

સૂવર હજી પંદરેક હાથ દૂર હતો. અમે પાછા દોડ્યા. શેઢે પહોંચી શક્યા નહિ. બે ત્રણેક હાથ છેટું રહ્યું. સૂવર પાંચ હાથ નજીક આવી પહોંચ્યો.

અમે અર્ધગોળાકાર જ હતા. અમારે જોવાનું હતું કે સૂવર હૂમલો કઈ તરફથી કરે છે. વચ્ચે કરે તો બાજુના માણસોએ તેનાં પડખાંમાં ભાલાં હુલાવી દેવાં. બાજુએ હૂમલો કરે તો બધાએ ઝપટીને એક જ પડખેથી દબાવી દેવો.

પણ ઊલટું બન્યું. અમારા ભાલાની અણીઓ સામે જ વરાહ ભગવાન આવીને ઊભા થઇ રહ્યા. ક્યાં હૂમલો કરૂં એ વિચારવા જાણે રહ્યા ન હોય?

શિકારીઓનો અનુભવ છે કે ઘણી વખત વન્ય પ્રાણી વિષે ન કલ્પ્યું હોય એવું બની જાય છે. સૂવર ઊભો રહેશે એ કલ્પના જ કેમ આવે? આવે પ્રસંગે શિકારીએ સમયસૂચકતા વડે જ કામ લેવાનું હોય છે.

પણ સૂવર અમારા અર્ધગોળમાં પ્રવેશ્યો નહોતો.

'છેલ્લેથી પડખામાં ભાલું મારો' પંડિતજી બોલ્યા.

હું તો વચ્ચે હતો. છેલ્લે એક જુવાન હતો. કોણ જાણે શું થયું, કે એ ભાઈબંધ જરા રોકાઇ ગયો.

પંડિતજી ગુસ્સેબાજ આદમી. સરકીને છેલ્લે ગયા. હલનચલન થતાં જ સૂવરે પગ ઉપાડ્યો, ફૂંફાડા માર્યા. બાજુ પર જતાં સાથે જ પંડિતજીએ પડખામાં ભાલું માર્યું. આંધળો થઇને સૂવર વચ્ચે ધસી આવ્યો. પાછે પગે હું હઠ્યો, પણ સૂવરના માથામાં ભાલું અડકી ગયું.

'રોક દો!' પંડિતજીએ બૂમ મારી.

મેં જોર કર્યું. કપાળનું માંસ ચીરીને ભાલાની અણી છટકી ગઈ. સૂવર એકદમ ઉપર ધસી આવ્યો.

'બાજુસે!' પંડિતજીએ બરાડો પાડ્યો.

ભાલું અડકતાંની સાથે જ આંચકો ખાઇને હું આગળ લળી પડ્યો. પંડિતજીને થયું કે હું મૂઓ!

પંડિતજીની આજ્ઞા મળતાં જ બીજા ઊતરી પડ્યા. પડખામાં ભાલાં ભેરવીને કોઇ પથરો ગબડાવી પાડવા ચાહે તેમ મથ્યા. ઝોક ખાઇને તરત જ હું પાછળ હઠી ગયો. જોઉં તો સૂવર ત્રણ હાથને છેટે હતો.

પંડિતજી સૂવરની પાછળ થઇ ગયા. જમણી બાજુ ત્રણ જણ હતા. હું તો વચ્ચે, એટલે નકામો. ડાબી બાજુ એક જ જણ. પંડિતજી જમણી બાજુ આવી ગયા. સૂવર જોર કરીને આગળ તો વધ્યો. એ જ વખતે જોશમાં મેં માથા ઉપર ભાલો માર્યો. પણ તેથી શું?

'બગલમેં આ જાઓ,' પંડિતજીએ ત્રાડ દીધી.

હું પણ જમણી બાજુએ જોડાયો. ડાબી બાજુએ એક જ જણ હતો. તેણે કામ કર્યું. ભાલો પડખામાંથી ખેંચી લઇને આગળ છૂટવા મહેનત કરતા સૂવરની ડોકમાં ભેરવ્યો અને ખૂબ જોર કર્યું. સૂવરને ઢાળી દીધો. સફળ ઘા જોઇને મેં પણ ડોક ઉપર ભાલું દબાવ્યું.

સૂવર પડ્યો તો ખરો, પણ હવે ખતમ શી રીતે કરવો? ભાલાના ક્ષતથી એ મરે એવું નહોતું. પાંચ છ મણ ચરબી શરીર ઉપર હતી.

'બાંધી લઇએ તો?' ધનસિંહે કહ્યું.

વાત સરસ. ખેતરવાળાને બૂમ મારી. એ લોકો તો આંબે ચડી બેઠેલા જ રહ્યા. દોરડું હોય તો લાવવા કહ્યું. બીજું તો દોરડું હતું નહિ. કોશ ખેંચવાનું દોરડું છોડી મંગાવ્યું. આગલે અને પાછલે પગે બાંધી દીધું.

'એને દોડતે પગે ઘસડી ચાલો' પંડિતજીએ કહ્યું.

ગતિમાં ઝોક આવે તો સૂવર ઊભો થવા પ્રયત્ન કરે. પણ પગ બાંધેલા એટલે ડર નહોતો. છતાં સાવધાની ખાતર અમે જોસથી ઘસડી ચાલ્યા.

શેઢા સુધી ખેંચી જતાં તો શ્વાસ ફૂલી ગયો. કાદવમાં કેમે ય ખેંચાય નહિ. શેઢે શેતૂરને ઝાડે દોરડું બાંધી દીધું.

હવે વિચારવા બેઠા. સૂવરને એમ જ ચરવા દેવો કે ક્ષત્રિય બંધુઓનો નાસ્તો કરવા દેવો એ ચર્ચા ઊઠી.

છેવટે ઠર્યું, કે ધનસિંહ ફાવે તેમ કરે. અમે ગામમાં ગયા.

જીવરામ જોષી

આ મહિનો (ફેબ્રુઆરી) . . . અને એની પ્રતિભા

તા. ૪ મરાઠી જ્ઞાનકોશના સંપાદક ડૉ. કેતકરનો જન્મ—ઇ. ૧૮૮૪

તા. ૫ યુદ્ધમાં વીરત્વ દર્શાવનારને અર્પણ થતા વિક્ટોરિયા ક્રૉસની શરૂઆત—ઇ. ૧૮૫૬

તા. ૮ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ મેયોએ આંદામાન ટાપુમાં કાળાપાણીના કેદીઓની મુલાકાત લેતાં ત્યાંના એક કેદીએ તેનું ખૂન કર્યું—ઈ. ૧૮૫૬

તા. ૧૧ 'વિજ્ઞાનના જાદૂગર'નું બિરદ મેળવનાર મહાન વિજ્ઞાની ટૉમસ આલ્વા એડીસનનો જન્મ—ઇ. ૧૮૪૭

તા. ૧૨ અમેરિકામાંથી ગુલામગીરી નાબૂદ કરવા પાછળ પ્રાણાર્પણ કરનાર સાધુચરિત પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનો તથા ઉત્ક્રાન્તિવાદના આચાર્ય ચાર્લ્સ ડાર્વિનનો જન્મ—ઈ. ૧૮૦૯

તા. ૨૨ મહીસુરના ટીપુ સુલતાને ગવર્નર જનરલ માર્ક્વિસ વેલેસ્લીના હુકમ પ્રમાણે ફ્રેંચ સૈનિકો ને અધિકારીઓને પોતાના લશ્કરમાંથી રજા આપવાની ના પાડતાં તેના સામે લડાઇ જાહેર થઇ—ઇ. ૧૭૯૯

તા. ૨૪. કંપની સરકારે પેશવાના દરબારમાં પહેલા અંગ્રેજ એલચી તરીકે ખંભાતના રેસીડન્ટ અને રાઘોબાના મિત્ર સર ચાર્લ્સ મૅલેટની નીમણૂક કરી અને ૬ યુરોપિયનો, ૩૦૦ સિપાઈઓ, ૫૫૦ નોકરો, ૩૫ ઘોડા, ૫ પાલખી અને ૨ હાથીઓ સહિત માર્ચની ૩૦મીએ તે પૂના પહોંચ્યો—ઇ. ૧૭૮૬. * * તાલાઇંગોને હાંકી કાઢી રંગૂન શહેર વસાવી, બ્રહ્મદેશ જેવા રાષ્ટ્રને ઘડનાર મહાન આલોમ્પ્રાના વંશજોએ એની પછી આરાકાન, આસામ ને મણિપુર જીતી લીધાં ને છેવટ ૧૮૨૩માં પેગૂના મહાન સેનાપતિ મહાબન્દૂલાએ ચટગાંવ પણ જીતી લેતાં હિંદના ગવર્નર જનરલ લૉર્ડ આમ્હર્સ્ટને તે કલકત્તા પર આવી પહોંચવાની ધાક લાગવાને પરિણામે બ્રહ્મદેશ વિરુદ્ધ તેણે લડાઇ જાહેર કરી—ઇ. ૧૮૨૪.

તા. ૨૫ રૉબર્ટ ક્લાઇવ ઇંગ્લંડ ઊપડ્યો, જ્યાં પહોંચતાં ત્યાંના રાજાએ તેને 'લૉર્ડ અને બૅરન પ્લાસી'નો ઈલકાબ આપ્યો—ઇ. ૧૭૬૦

તા. ૨૭ યુનાઇટેડ સ્ટેટ્સને પહેલો રેલ રોડ ચાર્ટર મળ્યો—ઇ. ૧૮૨૭

તા. ૨૮ ઇટલીના મહાન ચિત્રકાર રાફાએલનો જન્મ—ઇ. ૧૪૮૩



આ માસની વિભૂતિ
સોરાબજી શાપુરજી બંગાલી

ઈ. ૧૮૩૧ના ફેબ્રુઆરી મહિનામાં મુંબાઇ મુકામે જન્મ.

ઈ. ૧૮૩૨માં પિતાનું મૃત્યુ.

ઈ. ૧૮૪૬—'એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂશન'માં શિક્ષણ મેળવી, પંદર વર્ષની વયે ટૅનર નામની યુરોપિયન પેઢીમાં અને પછી ગ્રેહામ કંપનીના દલાલના ઍસિસ્ટન્ટ તરીકે રોકાયા.

ઈ. ૧૮૬૩—વેપારમાં એમની બુદ્ધિ કુશાગ્ર જણાઈ આવવાથી, વધુ વેપારી માહિતી મેળવવા તેમને ઇંગ્લંડ મોકલવામાં આવ્યા. પાછા આવી, વરજીવનદાસ માધવદાસની કંપનીમાં ભાગીદારી કરી કંપનીની પ્રતિષ્ઠા એમણે વધારી અને એક મહાન વેપારી તરીકે તેમની ગણના થવા લાગી. સરકારે પણ તેમને જસ્ટીસ ઑવ ધ પીસ બનાવ્યા.

ઈ. ૧૮૬૪—મ્યુનિસિપલ કમિશ્નર મિ. ક્રાફર્ડે ગેરવ્યવસ્થા ચલાવતાં મ્યુનિસિપલ કારભાર કેવો જોઇએ એની સૂચના કરતો એક પત્ર ગવર્નરને લખ્યો. સરકારને એ સૂચનાઓ પસંદ પડી ને ત્યારથી એ સૂચનાઓ મુજબ જ મુંબાઈ મ્યુનિસિપાલિટીનો કારભાર ચાલે છે.

ઇ. ૧૮૬૫માં એમ. એલ સી. થયા.

ઈ. ૧૮૮૨માં સાત વર્ષનાં છોકરાંઓને મિલોમાં નોકરીએ ન રાખવાનો તથા નવ વર્ષ સુધીની ઉમરનાં પાસેથી આઠ કલાકથી વધુ કામ ન લેવાનો કાયદો કરાવ્યો. એ જ સાલમાં સી. આઇ. ઇ. ની પદવી મેળવી.

ઇ. ૧૮૯૩ના એપ્રિલમાં ૬૩ વર્ષની વયે એમનું અવસાન થયું.

સ્વ. બંગાલી એકલા વેપારી કે કાયદાબાજ જ ન હતા. આપણા ગુજરાતી પત્રકારત્વના પણ એ આધારસ્તંભ હતા. 'જગતમિત્ર' નામનું એક માસિકપત્ર તેમણે શરૂ કરેલું અને 'મુંબાઇ સમાચાર' અને દાદાભાઇ નવરોજજીના 'રાસ્ત ગોફતાર'ના પણ એ જ મુખ્ય સહાયક અને અંગભૂત હતા. સામાજિક સુધારણાના એ હિમાયતી હતા અને 'જ્ઞાનપ્રસારક મંડળી', 'બૉમ્બે એસોસીએશન' વગેરે સંસ્થાઓ તેમના પરિશ્રમે જ ઊભી થએલી. સ્ત્રીશિક્ષણનો પોતાનો આદર્શ એમણે ૬૬,૭૮૭ રૂપિયાના ખર્ચે કોટમાં એક કન્યાશાળા બંધાવીને મૂર્ત કરેલો છે.

એ એટલા તો નિઃસ્પૃહ અને ન્યાયી હતા કે લોકો કહેતા, 'મુંબાઇમાં દસેક બંગાળી હોય તો ન્યાયકોર્ટોની જરૂર ન રહે.' પોતે વેપાર કરીને મેળવેલા પૈસામાં પણ પોતાના કુટુંબનો જ માત્ર નહિ, સાધારણ જનસમાજનો હક્ક પણ તેઓ ચુસ્તપણે માનતા ને પોતાની મિલકતનો ⅓ ભાગ સાર્વજનિક કાર્યોમાં જ ખર્ચેલો. સ્વ. દાદાભાઇ માફક તેઓએ પણ પોતાના યશજીવનના મૂળમાં માતૃપ્રેરણાનું ઋણ સ્વીકાર્યું છે.



પક્ષીઓનું દેશાન્તર

શિયાળો આવ્યો અને પંખીઓનાં ધમાલિયાં જીવન ભીણાઇ ગયાં. વસંતના આરંભથી જેમનાં ગાન વનેવન ગજાવી મૂકતાં, એ લોકોત્તર ગાયકોનો પણ ગાનોન્માદ મંદ પડી ગયો છે. નીડારંભકાળની જેમની મસ્તી અને અસ્ખલિત ઉત્સાહ આપણી આંખમાં ખૂંચતાં, એ બધાં આજે ચૂપચાપ કહીં યે લપાઇ છૂપાઇ ભરાઇ બેઠાં છે. જેમની અવર્ણ્ય રૂપસામગ્રી અને ઉજ્જવલ રંગોની વિવિધતા વાતાવરણ અજવાળતી, એવાં કેટલાંયની કાયા રંગહીન, નવાં પીંછાંના અસ્તરથી અરધીપરધી ઢંકાએલી શિશિરના વાયરા સહવા અસમર્થ બનેલી, રૂપવિહોણી નજરે પડે છે.

પણ શિયાળામાં કોઇ યે ગાતું નથી કે કોઇ યે માળો બાંધતું નથી અગર કોઇ યે રૂપાળું પંખી નજરે પડતું નથી એમ તો ન જ કહેવાય. જન્મકાળથી આજ સુધી એની જનેતાના જેવા ધૂળિયા રંગે ખરડાએલો રૂપવિહોણો મૂંગો શક્કરખોરો, આ જ દિવસોમાં એનો ચમકતો શણગાર સજી પીળી કરેણના ફૂલેફૂલે ગાતો ફરતો દેખાય છે. આસમાની રંગના વિવિધ પાશવાળી પાંખો પર અદ્ધર ગુલાંટ પર ગુલાંટ ખાતો, આસમાનને વધુ આસમાની બનાવતો ચાસ, એના 'Roller' નામને સાર્થક કરતો પણ આ જ ઋતુમાં દેખાય છે. ગીધ, બાજ, ગરુડ, ઘુવડ અને સમળી જેવાં જરઠ અને ભીમકાય પંખીઓનાં શિશુસંવર્ધન પણ આ જ દિવસોમાં થાય છે. કલકલિયા અને પોપટ, તાંબટ તથા હુડહુડ અને ચકદિલ જેવાં સુકોમળ પંખીઓના પ્રજનનકર્મમાં પણ આજની શીતળતા બાધાકારક નથી નીવડતી. પણ આ બધું અપવાદ રૂપે. આજે વસંતના જેવો ગાનસમારંભ નથી. ગ્રીષ્મનો ઉન્માદ પણ નથી દેખાતો. બધું શાંત ગંભીર નિર્જન બની ગયું છે.

પંખીઓના અભ્યાસીને આથી સ્વાભાવિક નિરાશા થાય છે. તોપણ બીજી રીતે શિયાળાનો ઉપકાર ઓછો નથી. પંખીજીવનના વિકાસ માટે પ્રતિકૂળ સ્વભાવવાળી છતાં શિશિર ઋતુ પંખીઓનો પરિચય કરવા માટે અપૂર્વ સમય ગણાય. કારણ જેટલાં વિવિધ વર્ગનાં પંખીઓ આ ઋતુમાં નજરે પડે છે, એટલાં બધાં આખા વર્ષમાં અન્ય કોઇ પણ સમયે નથી દેખાતાં. વર્ષાના અંતે અને શરદના આરંભકાળથી કલ્પનાતીત દૂરના દેશોનાં વસનારાં વિવિધ કોટિનાં અસંખ્ય પંખીઓનાં ટોળેટોળાં ભારતવર્ષમાં ઊતરી આવે છે. હેમંત જાય અને શિયાળો બેસે ત્યાં તો આ નવાં આવનારથી ભારતવર્ષમાં પંખીઓની વસતિ બમણી થઇ ગઇ હોય છે. છેલ્લાં આવનારાં આવીને ઠરીઠામ બેઠાં ન બેઠાં ત્યાં તો, જે પંખી શરદના આરંભમાં આવેલાં તે શિયાળાના અંતમાં પાછાં ફરવા માંડે છે. વસંતના આરંભથી શરૂ થતું આ નિવર્તન પ્રચંડવેગી હોઇ, ગ્રીષ્મ ઊતરતાં તો આવનારાં તમામ યાત્રી પાછાં સ્વદેશ સીધાવી ગયાં હોય છે. પાછળ રહી ગએલાં પણ, વર્ષાના દર્શને તો મને કમને પણ આ ભૂમિનો ત્યાગ કરી જાય છે અને ભારતવર્ષની પંખીવસતિમાં પૂરેપૂરી ઓટ આવી ગઇ હોય છે.

યાયાવર (Migratory) પંખીઓની આર્તવી યાત્રાનો આ ક્રમ પ્રતિવર્ષ અણચૂક્યે સૂર્યમંડળની ગતિ જેવો નિયમિત અપ્રતિબદ્ધ આજે યુગોથી ચાલતો આવ્યો છે. ભૂતલ પરના તમામ દેશોમાં કાલક્રમે પંખીજીવનની આ પ્રવૃત્તિ કોઇ ને કોઇ રૂપે નજરે પડે છે જ. કોઇ દેશમાં નવાં આવનારાં હોય છે તો કોઈ દેશમાંથી જનારાં હોય છે. ભારતવર્ષમાં પણ આ જ સ્થિતિ છે. એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં થોડાં પણ જનારાં–આવનારાં પંખી ન હોય. જો કે આવાં યાયાવર પંખીઓના આતિથ્યસત્કારનો મુખ્ય લાભ તો ઉત્તર ભારત, હિમવાન અને વિંધ્યના વચલા પ્રદેશને

જ મળે છે. આ વિશાળ પ્રાંતની વિપુલ સસ્યસંપત્તિ, ઉચ્ચ ગિરિમાળાઓના અભાવવાળાં વિસ્તૃત તૃણાચ્છાદિત મેદાનો, લતાપ્રતાનોથી દુર્ગમ ગીચ વનસ્થલીઓ, ઊભરાતાં તીરવાળી નદીઓ અને અતલવારિ તળાવો—યાયાવર પંખીઓના ક્ષણિક નિવાસને સર્વાંશે અનુકૂળ આ બધું હોવાથી, મોટા ભાગનાં આવનારાં આ પ્રદેશમાં જ અટકી જાય છે. એ કારણથી જ આવાં યાત્રીઓની વસતિ દક્ષિણ ભારતમાં આછી પાતળી દેખાય છે.

આપણો ગુજરાત ઉત્તર ભારતમાં આવ્યો છે, પંખીજીવનને આવશ્યક સામગ્રીથી આપણો પ્રાન્ત પણ સુસમૃદ્ધ છે એટલે ઉત્તરના અન્ય પ્રદેશોની પેઠે યાયાવર પંખીઓની અનેક જાતો—જેટલી સ્થાયી રહેનારી છે, એટલી જ બીજી—આપણે ત્યાં દરેક વર્ષે આવીને રહી જાય છે.

આપણે ત્યાં સૌથી પહેલો આવે છે થરથરરો.[૧] ભાદરવામાં, બાગબગીચા કે ખેતરની વાડોમાં ભમતું એક નાનું વિવિધરંગી પંખી સૌ પહેલું આપણી નજરે ચડે છે. કદમાં બુલબુલ જેવડું. આકાર દેવચકલી કે દીવાળીઘોડાને મળતો. એની છાતી પીઠ અને માથાનો વર્ણ કાળો: પેટ અને પૂછડી ઘોડાના જેવા ઘેરા લાલ (કથ્થાડા) રંગનાં. પાતળી લાંબી ચાંચ તથા પગ કાળા રંગનાં. નરના રંગ માદા કરતાં ઘેરા. દડબડ દડબડ દોડતું જાય અને વારેવારે પૂછડી હલાવતું જાય. તે પણ વિશિષ્ટ રીતે. દેવચકલી, દૈયડ કે દીવાળીઘોડા હલાવે છે તેમ, ઊંચી નીચી નહિ પણ ડાબાજમણી, કૂતરૂં પટપટાવે છે તેમ, આડી. એ પણ આસ્તેઆસ્તે નહિ: ખૂબ જોરથી: એટલી ઝડપથી કે એનું આખું શરીર ધ્રૂજી ઊઠતું લાગે. આ વિચિત્રતાને લીધે જ એનું थिरथिरूरा નામ યથાર્થ પડ્યું છે.

થરથરરાની પાછળ પાછળ જ દીવાળીઘોડા આવે છે. મનુષ્યના વસવાટની પાસે રહેવાના શોખીન, એટલે એ આપણી નજરે તરત ચડે છે. પણ એમની સાથે આવેલાં પરંતુ વગડાનાં વસનારાં બેરી[૨], નરઝી[૩], કુરરી[૪], દરતમલ[૫], અબાબીલ[૬], દેશી શામા[૭], ખેરખિદ્દા[૮], જેવાં બીજાં કેટલાંયથી આપણે અપરિચિત રહી જઈએ છીએ.

આવાં ભૂચરની સાથે સાથે જ જળચર યાત્રીઓ પણ આવે છે. શરદની સૌદામણી રાત્રિઓમાં હંસ અને રાજહંસનાં ટોળાં ઉત્તર ગુજરાતનાં ઘઉંનાં ખેતરોમાં ઊતરે છે. એમની પાછળ પાછળ ચકવાચકવી, કુંજ અને સુરખાબ. ગણ્યાં ગણાય નહિ એટલી અને રંગબેરંગી નાની મોટી આડચો—ગહણું[૯], બુઆર બુઆરી[૧૦], પરાસ[૧૧], ફરાઓ[૧૨], શીખલો[૧૩] અને કરડીઓ[૧૪], તારંડીઓ[૧૫], રાતોબારી[૧૬], તામણી[૧૭], કાળવેલીઓ[૧૮] વગેરે—થી આપણાં ગંભીર તળાવ અને નળકંઠનો વિશાળ પટ છવાઈ જાય છે.

આટલાં આટલાં વિવિધ પંખી આપણે ત્યાં આવે છે છતાં આપણને ખબર પણ નથી પડતી એનું કારણ એ પંખીઓની રજનીયાત્રા છે. અનુભવથી આપણે જાણીએ છીએ કે તીડ આવે ત્યારે આખો દિવસ ઊડતાં ફરતાં દેખાય છે. એમની મુસાફરી બધી દિવસના ગાળામાં જ થાય છે. આખો દિવસ ઊડે અને રાત પડે એટલે જે સ્થળે હોય ત્યાં નીચે ઊતરી પડે અને વાડવેલા કે ઝાડ છોડ પર બેસી જાય. આખી રાત ચરે અને સવાર થાય એટલે પાછાં ઊડવા માંડે. જ્યારે યાયાવર પંખીઓનો ક્રમ આથી ઊલટો છે. એ પંખીઓ દિવસનો ભાગ આહારોપાદાનમાં ગાળે છે અને ઊડવાનું રાતે જ રાખે છે એથી સામાન્ય રીતે આપણી નજરે એ નથી ચડતાં. પણ એમને જોતાં

૧ Indian Redstart. આ વરસે પહેલવહેલું મેં એને સપ્ટેમ્બરની સાતમી તારીખે જોયું.

૨ Peregrine Falcon ૩ Kestrel ૪ Osprey

૫ Pale Harrier ૬ Common Swallow ૭ Blue Rock Thrush ૮ Indian Bushchat ૯ Shoveller ૧૦ Gadwall ૧૧ Pintail ૧૨ Widgeon ૧૩ Comman Teal. જેખલો પણ કહે છે. ૧૪ Gargeny Teal ૧૫ Red Crested Pochard ૧૬ Red Headed Pochard ૧૭ White Eyed Pochard ૧૮ Crested Pochard.

આ (૯ થી ૧૮) આપણે ત્યાં આવનારાં Duckની મુખ્ય જાતો છે. એમનાં ગુજરાતી નામ નળકંઠામાં પ્રચલિત છે તે જ મેં અહીં આપ્યાં છે, જો કે સ્થળભેદે એમનાં ભિન્ન નામો પણ પ્રચલિત હોય છે. અમદાવાદની આસપાસનાં ચંડોળા, ગોબળજ, બારસણ બરોડા, નેરાજુવાલ, આમલીઆસણ વગેરે સ્થળોએ પણ આમાંની ઘણી જાતો જોવામાં આવે છે.

જ હોય તો શરદ, હેમંત અને શિશિરની અજવાળી રાત્રીઓમાં પાછલી રાતે મેદાનમાં ઊભા રહીએ તો ઘણી વખત આવાં પંખીઓ ઊડતાં આવતાં દેખાશે.

આ આવનારાં જેટલાં વિવિધ છે એટલી જ ભિન્ન ભિન્ન એમની નિવાસભૂમિઓ છે. થરથરરો ઠેઠ ચીનથી અહીં આવે છે. હંસની વાસભૂમિ માનસ સરોવરની પાછળ અને તિબેટનાં જળાશયોમાં છે. દીવાળીઘોડા યુરોપ અને ઉત્તર એશિયાના વસનારા છે. કેટલાંક પંખી ઠેઠ સાઇબીરિયાથી અહીં આવે છે. થોડાંક વળી ઇરાન, એશિઆ માઇનર અને તુર્કસ્તાનમાં કાયમી નિવાસ કરનારાં હોય છે.

આટલા દૂર દેશોથી આવતાં, એમના માર્ગમાં ઝાડપાન વિનાના વેરાન પ્રદેશો અને હિમાચળની બરફથી છવાએલી દુર્ગમ પ્રચંડ વિશાળકાય ગિરિમાળાઓ આડી પથરાએલી હોય છે. એ બધાંની પાર થઇને આવતાં એમને ભૂખ તરસ નડે છે. વરસાદ અને બરફનાં તોફાનો સોંસરા નીકળવું પડે છે, છતાં વણથાક્યે કોઈ અદમ્ય ઉત્સાહ અને બળથી પ્રેરાએલાં એ બધાં આવ્યા વિના રહેતાં નથી. એ ઉત્પાતપરંપરાનો ત્રાસ વેઠી આવી યાત્રાઓ કરવાનો હેતુ શો? કયા ધ્યેયની સિદ્ધિ અર્થે આવા અલ્પનિવાસ પૂરતું દેશાંતર કરવાનું એમને સૂઝે છે? આ સમસ્યાના ઊકેલ માટે પ્રાચીનતમ કાળથી મનુષ્યબુદ્ધિ પ્રયત્ન કરતી આવી છે, છતાં એ ગૂંચનો છેડો હાથ આવ્યો નથી. આજના કાળની વિપુલ જ્ઞાનસામગ્રી વડે પણ પક્ષીજીવનની આ વિશિષ્ટતાનો તોડ કાઢવા મનુષ્ય હજુ સમર્થ બની શક્યો નથી. રેડીઓ અને ટેલીવિઝનની વાતોથી આપણે મુગ્ધ બનીએ છીએ; પરમાણુના ચૂર્ણીભવનના પ્રયોગો આપણી બુદ્ધિને કુંઠિત કરી નાખે છે; પણ પક્ષીઓની આર્તવી યાત્રાની આ ગૂઢ સમસ્યાને પડખે મનુષ્યબુદ્ધિના આ બધા પ્રયત્ન, સમુદ્રને પડખે બુદ્બુદ જેવા ક્ષુલ્લક લાગે છે. આ એક જ પ્રશ્નના ઊકેલથી, પ્રાણીમાત્રની હસ્તીના રહસ્યનો સ્ફોટ થવાનો. પણ એ દિવ્ય દૃષ્ટિ મનુષ્યને પ્રાપ્ત થશે ખરી? કોણ કહી શકે?

એ સમસ્યાનાં મુખ્ય અંગોનો પરિચય કરી આ પ્રકરણ બંધ કરીએ.

પંખીઓમાં આ ભ્રમણ ઉપર વિચાર કરતાં અનેક પ્રશ્નો ઊપજે છે. પ્રથમ તો આવી યાત્રાઓ કરવાનું ધ્યેય શું? એનાં ઉત્પાદક કારણો કયાં? આવી યાત્રાની પ્રથમ શરૂઆત પ્રાચીન કાળમાં ક્યારે અને કયા કારણથી થઇ હશે? આજે પણ એવા સંજોગો અને એવાં જ કારણ વિદ્યમાન હોય છે? એક વખત આવા ભ્રમણની ટેવવાળું પંખી સંજોગ બદલાતાં યાત્રા કરવાનું ભૂલી જઇ શકે ખરૂં? જે ધ્યેયની સિદ્ધિ અર્થે પંખી જન્મભૂમિનો ત્યાગ કરી જાય છે, એ ધ્યેય હંમેશાં સિદ્ધ થતું હશે ખરૂં? જો ધ્યેય સિદ્ધ કરવા માટે જ જન્મભૂમિનો પ્રતિવર્ષ ત્યાગ કરવાનો હોય તો પછી જે સ્થળે ધ્યેય સિદ્ધ થાય છે ત્યાં જ સ્થાયી નિવાસ શા માટે કરતાં નથી? એને પાછા ફરવાની પ્રેરણા કઇ રીતે મળે છે? જે રસ્તે ગયાં તે જ રસ્તે પાછા ફરવાનું, સ્વસ્થાને અણચૂક્યે પહોંચી જવાનું પંખીઓને શી રીતે આવડતું હશે? એક વખત યાત્રા કરી હોય તેની વાત જુદી છે, પરંતુ જે પંખી પ્રથમ જ આવી યાત્રા કરે છે, તે દેખાદેખીથી કરતું હશે કે વ્યક્તિગત પ્રેરણાથી? જેમને યાત્રાનો અનુભવ જ નથી એવાં વ્યક્તિગત યાયાવર પંખીઓને રસ્તાની માહિતિ ક્યાંથી મળતી હશે? નિયમિત વિશિષ્ટ સ્થળે જનારાં પંખીઓને અધવચ રસ્તામાં પૂરેપૂરી અનુકૂળતાવાળું સ્થળ મળી આવે તો ત્યાં જ રોકાવાનાં કે એની દરકાર ન કરતાં હંમેશના પરિચિત સ્થાને જ પહોંચી જવાનાં?

પરિભ્રમણના મૂળમાં જ આ પ્રશ્નો ઉદ્ભવે છે એટલું જ નહિ પણ એની યાત્રાના આનુષંગિક પણ કેટલાય પ્રશ્ન થાય છે. એક તો, આવી યાત્રા કરવાનો અને પાછા ફરવાનો અચૂક કાળ પંખીને શી રીતે સૂઝતો હશે? બીજું, બધાં પંખી માત્ર શિયાળાનાં જ યાયાવર છે એવું નથી. કેટલાંક ઊનાળો ગાળવા પણ ભારતવર્ષમાં આવે છે; અને થોડાં ચોમાસામાં પણ આવનારાં જાણીતાં છે. એટલે પંખીઓની આ ભિન્નક્રમની યાત્રાઓ થવાનું કારણ શું? ત્રીજું, યાયાવર પંખીઓ મોટે ભાગે ઉત્તરનાં પ્રદેશોનાં સ્થાયી વસનારાં હોઈ દક્ષિણના પ્રદેશોમાં યાત્રાર્થે જાય છે. આવી યાત્રાઓમાં પંખીઓ નીકળે છે એક જ પ્રદેશમાંથી પણ ઊતરી પડે છે જુદાજુદા પ્રદેશોમાં. એ કયા કારણથી? ચોથું, યાત્રી પંખીઓ-

ની એક વિશિષ્ટ ટેવ પ્રજનન કર્મને લગતી છે. અનેક રીતે અનુકૂળ હોય છતાં યાત્રી પંખીઓ નવા નિવાસસ્થાનમાં બચ્ચાં ઉછેરતાં નથી. એ ક્રિયા તો પોતાના મૂળ સ્થાને પાછાં ફરીને જ કરે છે. આનો હેતુ શો? પાંચમું, ભ્રમણ કરનાર પંખીઓને દેશાંતર (૧) ફળદાયી હોવું જોઇએ, (૨) નિયમિત હોવું જોઇએ, (૩) અનુકૂળ હોવું જોઇએ, (૪) વિધિપુરઃસર હોવું જોઇએ,—એ બધાં પ્રત્યેક પંખીજાતિ માટે સત્ય હોય છે?

જેવાં યાત્રી ભારતવર્ષમાં છે તેવાં જ પૃથ્વી પરના અશેષ દેશોમાં હોય છે, એટલે આ વિકટ પ્રશ્નોનો ઉકેલ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરવાના અનેક પ્રયત્ન થયા છે. એ માટે યાત્રીઓના આવવા જવાના માર્ગમાં જ્યાં ઘણી વખત પંખીઓ વિસામો ખાવા ઊતરે છે, તેવાં સ્થળોમાં પક્ષિવ્યવહારવિદોએ નિરીક્ષણશાળાઓ જમાવી છે.[૧૯] વળી જ્યં ંખીઓ નવો વસવાટ કરવા જાય છે, તે સ્થળોમાં એમના આવવાની અને પાછા ફરવાની મિતિઓની ચોક્કસ નોંધ રાખવા ઉપરાંત એમનો આહાર વગેરે અનેક વિષયોનું સૂક્ષ્મ અવલોકન કરવામાં આવે છે. આવાં આવનાર પાછાં ફરે તે પહેલાં તેમાંનાં થોડાંકને કેદ કરી રાખવામાં પણ આવે છેઃ એવા હેતુથી કે નવા નિવાસસ્થાનમાં એમને ઊભું વરસ રાખીને આહારવિહારની અનુકૂળ વ્યવસ્થા કરી આપતાં પંખીના જીવનમાં કંઇક લાક્ષણિક ફેરફાર થાય છે ખરો, જેથી એમની યાત્રા ઉપર કંઇ પ્રકાશ પડે. ઋતુભેદે નરપંખીનાં જનનેન્દ્રિયોમાં જે ચોક્કસ વૃદ્ધિ થાય છે, એનો અને આવી યાત્રાઓનો કોઇપણ રીતનો સંબંધ છે કે કેમ એ, એમના શવચ્છેદ દ્વારા નક્કી કરવાના પ્રયોગો પણ કરાય છે. પક્ષીઓ ક્યાંથી આવે છે, પાછાં ફરે ત્યારે કેટલા વખતે એમના નિવાસસ્થાને પહોંચી શકે છે અને પ્રતિવર્ષ પાછાં યાત્રા કરીને એક ને એક જ સ્થાને જાય છે કે કેમ એનો તોડ કાઢવા, Ringing કે Bandingનો આશ્રય પણ લેવાય છે. આ પ્રયોગમાં પ્રવાસી પંખીને પકડી, એના પગે પાતળી હલકા વજનની ઍલ્યુમીનિયમની બંગડી પહેરાવવામાં આવે છે. આ બંગડી કે પટ્ટી ઉપર સંકેતચિહ્ન વડે બંગડી પહેરાવનાર વ્યક્તિ કે સંસ્થાનું નામ, ઠેકાણું અને બંગડી પહેરાવવાની તારીખ કોતરી હોય છે. આ બંગડીથી પંખીને ઊડવામાં, ફરવાહરવામાં કે બીજી રીતે કશી જ બાધા થતી નથી. આવું પંખી ઊડતુંઊડતું સ્વદેશ પાછું ફરે ત્યારે રસ્તામાં કે એના નિવાસસ્થાને એનો કોઇ શિકાર કરે કે કોઇની જાળમાં ફસાય તો કયા સ્થળે અને ક્યારે એ આમ હાથમાં આવ્યું એની ખબર બંગડી પહેરાવનારને તરત આપવામાં આવે છે જેથી પંખીની હીલચાલનો ચોક્કસ માર્ગ જાણી શકાય.[૨૦] આવા આવા અનેક પ્રયોગો કરવા છતાં પણ પંખીઓની આવી યાત્રાની સમસ્યાનો છેવટનો ઉકેલ તો હજુ અધુરો જ રહ્યો છે. પરંતુ એટલું તો નિર્વિવાદ સત્ય છે કે, પંખીઓની આ યાત્રા કોઇ પણ જાતની બુદ્ધિપ્રેરિત ક્રિયા નથી. આપણી પેઠે પંખીઓ વિચાર—સદસદ્ વિવેક—કરી શકતાં હોત તો એમની યાત્રાઓ આટલી નિયમિત કે એકરૂપી ન બનતી હોત. પ્રત્યેક યાત્રામાં સંયોગાનુસાર પંખી ફેરફાર કરતાં દેખાત પણ એવું બનતું જોવામાં નથી આવતું એટલે આપણે માનવું પડશે કે આજની એમની પરિભ્રમણ ક્રિયા કોઇ વિશિષ્ટ પ્રકારના સંત્રબળપ્રેરિત છે, જે બળ અગર સંવેદનમાં વિચાર કે શંકા અગર અનિચ્છાને સ્થાન નથી, એ બળનો આવિર્ભાવ થતાં પંખી અચૂક ભ્રમણાર્થે નીકળે જ છે. આ બળનાં પ્રેરેલાં જ નવાં જન્મેલાં પંખી, પૂર્વનો અનુભવ ન હોવા છતાં પણ, યાત્રાનો પંથ કે હેતુ ભૂલ્યા સિવાય સ્થલાંતર કરી શકે છે.

અનેક યુગોનો અનુભવ એ જ આ બળ. એ પંખીની જાતિમાં વંશપરંપરાથી ઊતરતું આવે છે. પરંતુ એનો આરંભ શી રીતે થયો હશે? આજે એ પરંપરાગત સ્વયંભૂવૃત્તિ કે 'પ્રેરણા–Instrict'થી પ્રેરિત

---

[૧૯] આવી શાળાઓમાં સૌથી પ્રથમ પંક્તિનું સંશોધન કરવા સફળ બનેલી શાળા તો માત્ર એક જ—જર્મનીના હેલીગોલૅન્ડ ટાપુમાં આવેલી શાળા જ છે.

[૨૦] ભારતવર્ષમાં નથી કોઇ નિરીક્ષણશાળા કે નથી કોઈ પ્રયોગશાળા. માત્ર બંગડીઓ પહેરાવવાનો અલ્પ પ્રયત્ન થયો છે. એવી બંગડીઓ મુંબાઇની નૅચરલ હિસ્ટરી સોસાયટી મફત વહેંચે છે. પણ એનો ઉપયોગ કરનાર ઝાઝા નથી નીકળતા, એટલે ભારતવર્ષમાં આવનાર યાયાવર પંખીઓનાં જીવન અંધારામાં છૂપાએલાં જ રહ્યાં છે.

પંખી પંથે પળે છે, પરંતુ પ્રથમ યાત્રા વખતે તો એ બળ હતું જ નહિ. તો પછી પહેલી યાત્રા કયા કારણથી થઇ હશે?

આનો જવાબ યાત્રી પંખીઓનાં આજનાં સ્થાયી નિવાસસ્થાનોના અભ્યાસમાંથી અંશતઃ મળે છે. યાત્રી પંખીઓ ઉત્તરના જે પ્રદેશોમાં રહે છે તે પ્રદેશો ખૂબ ઠંડા અને વર્ષનો મોટો ભાગ હિમાચ્છાદિત હોય છે. આવા પ્રદેશોમાં પંખીનું જીવન આખું વરસ સરળતાથી જાય એ શક્ય નથી. એટલે પ્રાકૃતિક ઉત્પાતો—જેવા કે અસહ્ય ટાઢ, આહારના પદાર્થોનો અભાવ વગેરેને લીધે પંખી અમુક સમય સુધી એ સ્થાન છોડી જાય એ શક્ય છે. એ પરથી આપણે એમ પણ માની શકીએ કે પંખીઓની પહેલી યાત્રા આવા જ કોઈ ઉત્પાતમાંથી ઉદ્ભવી હશે. કદાચ કોઇ આ કારણ કબૂલ ન કરે તો પણ એટલું તો સ્વીકારવું પડશે કે યાયાવર પંખીઓની યાત્રા અને ઋતુઓના ફેરફાર અર્થાત્ ગ્રહમંડળની ગતિસ્થિતિનો પરસ્પર ઘનિષ્ટ સંબંધ છે. જેમકે, પૃથ્વીના ભ્રમણથી સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય બદલાતાં મૂળ નિવાસસ્થાનના વાતાવરણમાં સ્વાભાવિક ફેરફાર થવાનો અને પંખીઓને એ ફેરફારનું તરત ભાન થવાનું. આ ભાન થતાં જ નિવાસસ્થાન હવે વસવા યોગ્ય નથી એવી અંતર્વેદનાથી પંખી સ્થલાન્તર કરવા નીકળી પડે છે, એમ માનવામાં અડચણ નથી. જો સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય ઉપર કાબૂ મેળવી શકાય, અર્થાત્ દિવસનાં પ્રકાશ અને ઉષ્ણતાને નિયન્ત્રિત કરી શકાય તો પંખીઓની યાત્રાઓના આ ક્રમને જરૂર બદલી શકાય એવો અનુભવ, યાત્રી પંખીઓને પકડી બંધ પાંજરાંમાં પૂરી, તે પાંજરામાં વીજળીના દીવા વડે અજવાળાનો અને હૂંફનો વિશિષ્ટ પ્રમાણમાં ઉપયોગ કરનાર પ્રયોગ શાસ્ત્રીઓ કરી શક્યા છે.

પ્રવાસમાંથી પંખીઓ સ્વદેશમાં પાછાં ફર્યાં કે તરત પ્રથમ કાર્ય પ્રજનનનું કરે છે. એ ઘટનાના અવલોકનથી, પંખીઓની યાત્રાઓનો અને એમના લૈંગિક વ્યવહારનો ગૂઢ સંબંધ પણ કલ્પી શકાય. તીડ અને પતંગિયાંનાં નિયતકાલિક પરિભ્રમણના મૂળમાં જેમ એમનો જાતીય ઉન્માદ અનુભવવામાં આવે છે, જેમ આવા જ જાતીય ઉન્માદની રાસાયનિક અસરથી કાચંડાના રંગ બદલાતા આપણે જોઇએ છીએ કે પશુપંખીઓને ગાંડાંતુર બની અસાધારણ વ્યવહાર કરતાં અનુભવીએ છીએ તેવા જ કોઈક અજ્ઞાત જાતીય વ્યાપારને વશવર્તી પંખીઓ શાન્તર કરતાં હોય તો ના નહિ.

આ બધાનો ઉકેલ એટલે પંખીઓના જીવનવ્યવહારનું અન્વેષણ. આ અન્વેષણ કરવામાં પ્રકૃતિનાં અસંખ્ય ગૂઢ તત્ત્વોની સમીક્ષા કરવી પડે છે. એમનો ઉકેલ એટલે પૃથ્વીના પટ પરના પ્રાણીમાત્રના અસ્તિત્વનો તોડ જ કઢાવવાનો કે બીજું કંઇ? સર્વ શાસ્ત્રોના અને તત્ત્વજ્ઞાનોના સારનો સાર, આ સાદા સરળ દેખાતા પંખીઓની આર્તવી યાત્રાના કોયડામાં આ રીતે સમાઇ જતો જોઇ કોણ સ્તબ્ધ નહિ થાય?

વનેચર

ફોટો-હરીફાઇનું પરિણામ (અનુ૦ આગળ પાન ૮૦થી)

પહેલું ઇનામઃ 'વાદળની શેરી'–ભાઇ ચતુરભાઇ પટેલ (મુંબાઇ); બીજું ઈનામઃ 'મારાં ગલુડિયાં'–ભાઈ રામભાઈ પટેલ (ડાકોર); ત્રીજું ઇનામઃ 'સરિતાસ્નાન'–ભાઇ નગીનભાઇ દૂધીઆ (અમદાવાદ).

નોંધપાત્ર ઠરેલાં :ફોટો-ચિત્રો (ગુણ પ્રમાણે અનુક્રમે) ૧ 'છુટ્ટી'–ભાઇ મફતલાલ દૂધીઆ(અમદાવાદ); ૨ 'ઓવારેથી'–ભાઈ બી. સી. સેવક (ડાકોર); ૩ 'હાસમ સુતાર'–ભાઇ ભાઇજીભાઇ વૈદ્ય (નડિયાદ); ૪ 'પંખીડા તું ઊડ ઊડ આકાશે'–ભાઇ કનુભાઈ ડી. ભાટીઆ (કચ્છ માંડવી); ૫: 'વૃદ્ધાવસ્થા'–ભાઇ એલ. પી. ઠક્કર (ભાવનગર).

'વાદળની શેરી'માં ઊડતાં વાદળાં અને આજુબાજુનું વાતાવરણ સરસ રીતે ઝડપાયાં છે. ફોકસિંગ સહેજ ખામીવાળું છે. ડાબી બાજુથી પ્રિન્ટને અરધો ઇંચ કાપવાની જરૂર છે. 'સરિતાસ્નાન'માં સ્નાન કરનારની ક્રિયા, લોટામાંથી પડતા પાણીમાં પ્રતિબિમ્બિત થાય છે. પ્રકાશની સામે લેવાએલા વિષયનો આ ઠીક ઠીક નમૂનો ગણાય. 'મારાં ગલુડિયાં', ગલુડિયાં સાથે રમતા બાળકનો આનંદ વ્યક્ત કરે છે, પણ બાળકની નજર કૅમેરા તરફ હોવાથી ચિત્ર-સ્થિતિની સ્વાભાવિકતા મારી જાય છે. ભાઈ દૂધીઆના ચિત્રમાં નિશાળીઆઓનું ટોળું ગૂંચવાડો ઊભો કરે છે અને ચિત્રલક્ષ્ય સમજાતું નથી. 'ઓવારેથી' સામાન્ય વિષય છે. 'હાસમ સુતાર' તેની બૅક ગ્રાઉન્ડમાં ભળી જાય છે, નહિ તો બહુ સારૂં ચિત્ર બનત. ભાઇ ભાટીઆએ પંખી ઝડપ્યું છે પણ બેહૂદી સ્થિતિમાં, અને તેથી તેમાં આકર્ષણનો અભાવ સ્પષ્ટ જણાય છે. ભાઇ ઠક્કરનું પાત્ર સારૂં છે.

બલવન્ત ભટ્ટ

ફોટોગ્રાફી

ચિત્રોનાં નામ


ઝરીઆથી 'કુમાર'ના એક વાચક લખે છે:'ફોટો-હરીફાઇમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ પોતાનું નામઠામ લખવું જ; અને ફોટાનું ટાઇટલ પણ. એવો તમારો નિયમ છે. પરંતુ તમને એમ નથી લાગતું કે ઘણા ફોટોઝ ટાઇટલ વિના જ સારા દેખાય છે? મને પોતાને તો એમ જ લાગે છે; કારણ, ઘણી વખત ટાઇટલ જ ફોટાની કીમત ઘટાડે છે.

બીજું, ધારો કે કોઇ ઍમેચ્યુર ('ઍમૅટર' જોઇએ) ફોટો-ગ્રાફરને સુંદર ફોટો લેતાં આવડે, પણ તેનું યોગ્ય ટાઇટલ ન આપી શકે, તો તેણે શું ફોટો-હરીફાઇમાં ભાગ ન લેવો? આનો અર્થ તો એમ જ કે ફોટા કરતાં તેના ટાઇટલની કીમત વધારે છે. આ વિષે સ્પષ્ટતા થવી જોઇએ એમ તમને નથી લાગતું?"

*


ફોટો-ચિત્રને નામની જરૂર ખરી કે નહિ? કોઇ પણ પ્રકારનું સર્જન માનવીની ઊર્મિને આભારી છે. પછી ભલે તે કાવ્ય, શિલ્પ, સંગીત કે ચિત્ર હોય કે ફોટોગ્રાફ હોય. એ ઊર્મિ ક્રિયાદ્વારા કલામાં આવિષ્કાર પામે છે; અગમ્ય ભાવો મૂર્ત રૂપ પકડે છે. કોઇ પણ સુંદર પાત્ર, વસ્તુ, દૃશ્ય, વાતા-વરણ, છાયાપ્રકાશની મનોરમ રચના કે પ્રસંગ જોતાંવેંત ફોટોકલાકારના અંતરમાં તેને મૂર્ત કરવાની ઊર્મિ થાય છે અને તે તેને કૅમેરામાં ઝડપે છે. એ વેળાની તેની ઊર્મિ તથા તે ચિત્રમાં પોતે જે દર્શન કરતો હોય છે તે જ દર્શન તથા ઊર્મિભાવ એ ચિત્ર, તેના જોનારમાં પણ જગાડે તો તો એ સર્વશ્રેષ્ઠ બને છે.

પરંતુ કેટલીક વખત એવું બને છે કે અમુક ચિત્રો પોતે કેવળ સાદાં હોય છે; છતાં તેને ઉચિત નામનું આરોપણ તેમના પર થતાં તેનો ભાવ, તેની ખૂબી, તેનું દર્શન, તેનો સંદેશ અને તેની સચોટતા અનેકગણી વધી જાય છે. દાખલા તરીકે આ સાથે આપેલું ગૅસમાસ્ક પહેરેલા બે માણસોનું ચિત્ર સામાન્ય નજરે જોતાં લડાઇની તૈયારીનો સાદો ખ્યાલ જ માત્ર આપે. પણ તેની નીચે 'Civilized Men' (સુ-ધરેલા માનવો) એવું નામ મૂકીને કલાકારે તેની પાછળ રહેલો યુદ્ધસંસ્કૃતિ ઉપરનો કટાક્ષ સચોટપણે દર્શાવી એ ચિત્રને અનેકગણું બળવાન બનાવી દીધું છે. એ નામ વાંચ્યા પછી એ ચિત્ર તમારા મનમાં જે અસર પાડે છે તે, એના વિના એ કદી ન પાડી શક્યું હોત, અને છાપાંઓમાં પ્રકટ થતા લ-ડાઇના સામાન્ય ફોટોગ્રાફોની માફક તે નજર તળેથી પસાર થઇ ગયું હોત. આ જ પ્રકારે આ સાથે આપેલાં બીજાં ચિત્રો અને તેનાં નામાભિધાન જોતાંથી, ચિત્રનું નામ જો ઉચિત



લંડનના 'ટ્રાફલ્ગર સ્કવેર'માંના નેલ્સનના પૂતળાના કુશળ સંયો-જનાવાળા આ ચિત્રનું નામ પણ એવી જ કુશળતાથી અપાયું છે "England Expects . . ." (ઇંગ્લંડ આશા રાખે છે). ટ્રાફલ્ગરના નૌકાયુદ્ધના વિજેતાના એ પૂતળા સાથે વહાણના દોરડાનું અને ઇંગ્લંડના રાષ્ટ્રધ્વજનું સૂચન ચિત્રમાં કરીને ઇંગ્લંડના પુત્રોને તેમની ફરજનું આહ્વાન દેતા એ નેલ્સનના જ શબ્દો કરતાં બીજું કયું નામાભિધાન વધુ ઉચિત હોય?

Courtesy: Leo A. Leigh and Photograms of the year 1938



સીડીના પગથિયા પર ઊભેલા શિશુના આ કલાત્મક ચિત્રને 'પહેલે પગથિયે' એવું દ્વિઅર્થી નામ આપીને તેના કલાકારે તેના સૂચિત અર્થને સફળ રીતે વ્યક્ત કર્યો છે.

Courtesy: Norman Parkinson and Kodak Magazine



ચિત્ર તો છે સામાન્ય બુલડૉગનું, પણ કલાકારે એને નામ આપ્યું છે "All British" (ઑલ બ્રિટિશ). અને હવે જુઓ કે એ ચિત્ર તેની પાછળના એ નામથી અર્પાએલા ધ્વનિને લીધે કેટલું અસરકારક બને છે!

Courtesy: Joan Lyne and Kodak Magazine



સાથેના લેખમાં બતાવ્યા પ્રમાણે ગૅસમાસ્ક પહેરેલા માણસોનું આ સાદું ચિત્ર તેને અપાએલા 'Civilized Men' (સુધરેલા માણસો)એ નામાભિધાનથી પશ્ચિમના આજના યુદ્ધમાનસ પર વેધક કટાક્ષ કરે છે. એ બળ એના નામનું જ પરિણામ છે.

Courtesy: Dr. Frank R. Neubert and Kodak Magazine

રીતે અપાયું હોય તો તે તેના ભાવનું કેટલું પૂરક અને ઉપકારક બને છે તે સમજાશે.

આ ભાઇ લખે છે કે, 'ઘણા ફોટો ટાઇટલ વિના જ સારા દેખાય છે.' પણ એમાં તો ચિત્રને નામ આપવામાં ઔચિત્યની ખામી જ દોષકારક હોય છે. અથવા તો એવું પણ બને છે કે ઘણીવાર પાડનાર તથા જોનારનાં દૃષ્ટિબિંદુ જુદાં હોય છે. એવે વખતે પાડનારે આપેલું નામ જોનારને રુચતું નથી અને તે નામ વિનાનું જ એ ચિત્ર એને વધારે ગમે છે, અગર પોતે પોતાના મનમાં તેના ભાવને અનુરૂપ નવે નામે તેનો આસ્વાદ લે છે.

આવા પ્રસંગે પાડનારની ઊર્મિ તો સાચી હોય છે, પણ પોતાની એ ઊર્મિની સ્પષ્ટતા પોતાના મનથી ન કરી શકવાને કારણે તે યથોચિત નામ પાડવામાં નિષ્ફળ નીવડે છે. અને નામ તદ્દન ન જ પાડીને પોતાના અજ્ઞાનનું પ્રદર્શન તો કોણ કરે?

ચિત્રનું નામ, એ પાડનાર અને જોનારના મનોભાવને જોડનારો એક અદૃશ્ય તાર છે, જે વાટે તેમની ઊર્મિઓ અને મનોભાવો પરસ્પર અનુસંધાન પામીને એકતા અનુભવે છે, અને જગતની એકરસ્યતાના સૌન્દર્યનું એકરૂપ બનીને પાન કરે છે.

નેગેટિવનું ડેવેલપમેન્ટ

ફોટો-ચિત્ર ઉપજાવવામાં, ચાંપ દાબવાંથી પ્રિન્ટ મેળવતાં સુધીમાં ફિલ્મમાં થતાં ત્રણ રૂપાંતર સંબંધી આપણે જોઈ ગયા. ફિલ્મનું નેગેટિવ સ્વરૂપ મેળવવા માટે ડાર્ક-રૂમની જરૂરીઆત પણ સમજ્યા. હવે એક્સ્પોઝર બાદ ફિલ્મને નેગેટિવનું સંપૂર્ણ રૂપ આપવા માટે શી શી ક્રિયાઓ કરવી જોઇએ અને કેટકેટલી સ્થિતિમાંથી તેને પસાર થવું પડે તે વિચારીએ.

એક્સ્પોઝ કરેલી ફિલ્મને સંપૂર્ણ નેગેટિવની સ્થિતિએ પહોંચાડવા માટેની તમામ જરૂરી ક્રિયાઓ ડેવેલપમેન્ટના નામથી ઓળખાય છે. એ ડેવેલપમેન્ટના બે પ્રકાર છે. એક તો ફિલ્મને કૅમેરામાંથી બહાર કાઢી સેઈફ લાઇટના ઝાંખા પ્રકાશમાં, તેનું ડેવેલપમેન્ટ સમજપૂર્વક જોતા રહીને, તે પૂરેપૂરી ડેવેલપ થાય ત્યાં સુધી યોગ્ય સમય પર્યંત તેને દવાઓના મિશ્રણમાં–ડેવેલપરમાં–રાખી ડેવેલપમેન્ટ કરવું તે. આને 'કૉન્ટ્રોલ્ડ ડેવેલપમેન્ટ' કે 'ડિશ ડેવેલપમેન્ટ' કહે છે. તેનાથી જુદી પદ્ધતિએ, ડેવેલપરનું ઉષ્માપ્રમાણ, તેની શક્તિ, ફિલ્મના ઇમલશનનું બળ વગેરે ઘણી બાબતોની ગણતરી કરી, બીલકુલ અંધારામાં, ડિશ કે ટૅન્કમાં, અગાઉથી નક્કી કરેલા સમય સુધી ફિલ્મ અગર પ્લેટનું ડેવેલપમેન્ટ કરવું તે. આ 'ઑટોમૅટિક ડેવેલપમેન્ટ' અથવા 'ટાઇમ–ટેમ્પરેચર'ની રીતથી ઓળખાય છે. આ પદ્ધતિમાં, ડેવેલપમેન્ટ દરમિયાન ડેવેલપરની ફિલ્મ પર થતી અસર જોઇને ડેવેલપમેન્ટના સમયમાં ફેરફાર કરવાની તક આપણને રહેતી નથી. આથી

તેમાં ડેવેલપમેન્ટ કરનારની સમજ કે બુદ્ધિનો ઉપયોગ નહિ થતાં સારા અગર ખોટા પરિણામનો તમામ આધાર અગાઉથી ગણતરી વડે મુકરર કરેલા ડેવેલપમેન્ટ ટાઇમ પર રહે છે. એમાં જેટલી ભૂલ તેટલું ડેવેલપમેન્ટ ખામીભરેલું થવાનું. જોકે ફોટોગ્રાફીનાં લગભગ બધાં પુસ્તકોમાં અને દરેક ડેવેલપર સાથેના સૂચિપત્રમાં જુદીજુદી બનાવટની ફિલ્મો માટે ટાઇમ અને ટેમ્પરેચરના કોઠાઓ તૈયાર આપેલા હોય છે. તેને પોતાનાં સાધનસંજોગ પ્રમાણે યોગ્ય ફેરફાર સાથે અનુસરવાથી ભૂલ થવા પામતી નથી.

આજે આ ઑટોમૅટિક ડેવેલપમેન્ટ ઍમૅટરોમાં પ્રિય થઇ પડ્યું છે. અને બહુ થોડા જણ કૉન્ટ્રોલ્ડ ડેવેલપમેન્ટ કરે છે. જોકે રીત તો બંને સારી છે. તેમાંથી કઇ પદ્ધતિને પસંદ કરવી એ વ્યક્તિગત પ્રશ્ન છે, એટલું જ નહિ પણ કાર્યકરની આર્થિક અને બીજી અનેક સગવડો પર તે અવલંબે છે. ઘણાંવર્ષોથી અસંખ્ય ફોટોગ્રાફરો ડાર્ક-રૂમમાં પહેલી રીતથી ડેવેલપમેન્ટ કરતા આવ્યા છે. તેમાં દરેક ડગલે અને પગલે જાતે નિર્ણય કરવાનો હોવાથી છેવટનું પરિણામ પોતાની બુદ્ધિ અને જ્ઞાનના કારણે મેળવેલું છે એ ભાન તેમને અવર્ણનીય આનંદ પમાડે છે. કાંઇ નહિ તો છેવટ ડેવેલપમેન્ટ દરમિયાન ફિક્કા પીળા રંગના ઇમલશનવાળી ફિલ્મની સપાટી પર ધીમે ધીમે નેગેટિવ સ્વરૂપમાં આકૃતિ ! કેવી રીતે બંધાય છે તેમાં શા શા ફેરફાર થાય છે વગેરે બાબતોનું નિરીક્ષણ કરવા અને પોતાની જિજ્ઞાસાને સંતોષવા ખાતર પણ થોડો વખત આ રીતે ડેવેલપમેન્ટ કરવું જરૂરી છે.

(અનુસંધાન પાછળ પાન ૭૬મે)



કિર્લોસ્કરનાં કટાક્ષ ચિત્રો (ક્રમાંક ૧૧) — કાર્યસાધકતાનું ઉચ્ચાલન

(ચિત્રકાર · શંકરરાવ કિર્લોસ્કર · · · લેખક · પ્રો. ના. સિ. ફડકે.)

સઘળા માણસો કુદરતી જ સરખું સામર્થ્ય ધરાવતા હોય એ શક્ય નથી. માણસના બલાબલ વચ્ચે તફાવત તો રહે જ. એકે સાધેલું કામ બીજાથી સધાય જ એમ ન માની શકાય.

પણ ઉલટ પક્ષે એમ જ જો વિચારીએ કે અએ જે કાર્ય સાધ્યું તે બથી શા માટે ન સધાય? તે પણ અ જેવો મનુષ્ય જ છે ને? ફરક એટલો જ કદાચ રહે, કે અએ જે અલ્પાયાસે સાધ્ય કર્યું તે સાધ્ય કરતાં બને વધુ મહેનત પડે.

અને ઘણુંખરું તો એમ જ બને છે કે કાર્યના પ્રારંભે જ માણસ ભડકી ઊઠે છે. 'આ કામ તો આપણાથી નહિ થવાનું ભાઇ!' કહી હાથપગ અફાળવાની પ્રવૃત્તિ કરનારા ઘણા હોય છે.

એવા માણસો જો થોડી મહત્ત્વાકાંક્ષા રાખી, તેના આધાર પર ઉદ્યોગ ટકવે તો મોટાં કાર્યનો બોજો દૂરથી લાગે છે તેટલો ખરેખર ભારે નથી હોતો તેની તરત ખાત્રી થાય.

જીવનનું પરોઢ

ભાગ બીજો · પ્રકરણ પાંચમું : ડરબનની ટ્રામ

દક્ષિણ આફ્રિકાથી ગોખલેજી પાછા વળ્યા તે સાથે સ્વદેશની અને ઘરની મીઠી યાદ આપતા ગયા. અધૂરામાં પૂરું બાપુજીની દેશ જવાની વાતો ચાલી એટલે પછી ફીનિકસમાં એક જાતની અધીરાઇ ફેલાઇ કે ક્યારે છેવટનો નિર્ણય આવે અને ક્યારે આપણે દેશ ભેગા થઇએ.

જમનાદાસકાકાએ તો જવાનું નક્કી કરી પણ નાખ્યું. રાજકોટમાં મારા દાદાજી પાસે જવાની જરૂર હતી. પરંતુ સાવ નિશ્ચિંત મને નાતાલનો કિનારો છોડવામાં જ.કાકાનું મન માનતું ન હતું. જો સરકાર ગોખલેજીની આટલી મહેનત છતાં સરખી ન ચાલે, વળી ફરી બેસે અને ફરી સત્યાગ્રહ ઉપડે તો પહેલી સ્ટીમરે દેશથી આવી, લડતમાં જોડાવાનો તેમણે નિર્ધાર કર્યો અને પછી તેઓ દેશ જવા ઊપડ્યા.

એમને વળાવવા અમે ડરબન ગયા ત્યારે મને જિંદગીભર યાદ રહી જનારો એક અનુભવ થયો અને ખબર પડી કે પરદેશમાં આપણે હિંદીઓ કેટલા હડધૂત થઇએ છીએ.

જમનાદાસકાકાની સ્ટીમર પરોઢીએ અંધારે ગોદી છોડવાની હતી. સાંજે વાળુપાણી પછી વીજળીના પ્રકાશમાં ઝગી રહેલી સડકો પર થઈ અમે બંદર તરફ ચાલવા માંડ્યું. જ.કાકાનો સામાન દિવસે સ્ટીમર પર પહોંચી ગએલો એટલે અમે સૌ ખાલી હાથે ચાલ્યા. થોડે ગયા પછી સ્ટીમર પર મોડું પહોંચાશે એ ભયે કે બીજા કોઇ કારણે અમે ટ્રામ પકડી. ડરબનની ટ્રામ બે માળની હોઇ તેમાં નીચલો માળ ગોરાઓ માટે સુવાંગ રહેતો. ઉપરના માળમાં યે ટ્રામ જતી હોય તેના પાછલા ત્રણચાર બાંકડાઓ ઉપર જ હિંદીઓને બેસવાની છૂટ હતી, જેથી ભૂલે ચૂકે યે ગોરાઓ ને હિંદીઓનો ભેળીસાળો ન થઇ જાય.

રાતનો વખત હોવાથી અમે જે ટ્રામ પર ચડ્યા તેનો ઉપલો માળ આખો ખાલી હતો. કાયદો તોડવાની દાનતથી નહિ પણ સામાનની આંતરિક વૃત્તિને લીધે અમે સૌથી આગળના બે બાંકડા ઉપર ગોઠવાયા. દસ પંદર મિનીટ અમે પૂરપાટ દોડતી ટ્રામ પરથી રળિયામણું નગર જોવાની અને વાતો કરવાની મજા લીધી. અત્યારે મને ચોક્ખું યાદ નથી કે પાછળથી આવેલા કોઇ તુમાખી ગોરા ઉતારુના કહેવાથી કે પોતાની મેળે ટ્રામના કંડક્ટરનું ધ્યાન અમારી અગલી બેઠક પર ખેંચાયું. તે અમારી પાસે આવ્યો અને આગળથી ઊઠી પાછલા બાંકડા ઉપર બેસવા અમને ફરમાવ્યું. મગનકાકાએ જવાબ આપ્યો કે 'એમ નહિ થઇ શકે.' કંડક્ટર અક્કડ થયો અને રુવાબભેર દમ ભરાવ્યો કે 'તમારે ઊઠવું જ પડશે.' મગનકાકાએ ચોક્ખી ના પાડી અને કહ્યું; 'તમારે કરવું હોય તે કરો; અમે તો નથી ઊઠતા.'

કંડક્ટર રાતો પીળો થઈ ગયો. ઘંટડી મારતાં ટ્રામ ઊભી રહી અને હાંકનારો પણ ઉપર ચડી આવ્યો. અમને કૂલીઓને આગલા બાંકડા પર જોઇ તેની આંખમાંથી તો જાણે અંગારા વરસવા લાગ્યા. કંડક્ટરને યે હવે જોર આવ્યું. તેણે મગનકાકાની પીઠ પર ઠુંસો માર્યો. મગનકાકા ન ઊઠ્યા; એટલે બંને જણાએ તેમનું બાવડું ઝાલી ખેંચ્યા. મગનકાકાના એકવડા શરીર સામે કંડક્ટર અને ડ્રાઇવર બંને બેવડા શરીરના અને પાંચને એકલા પૂરા પડે એવા જણાતા હતા. પણ ઘા સામે ઘા કરવાની વાત ન હતી ત્યાં એ બે જણાને યે મગનકાકા ભારે પડી ગયા. મગનકાકાએ બળપૂર્વક બાંકડો ઝાલી રાખ્યો. એક જણે તેમની કમર પર આમળો લીધો અને બીજાએ તેમના હાથ બાંકડેથી છોડાવી લઇ મહામહેનતે મગનકાકાને નીચે હડસેલી દીધા. મગનકાકા કસરતબાજ અને સ્ફૂર્તિવાળા હતા એટલે પડતાં પડતાં યે તેમણે પોતાનું તોલ સંભાળ્યું અને જમીન પર પટકાઇ પડતાં પહેલાં કઠેરો ઝાલી લીધો. મગનકાકા પછી બીજા સાથી-

ઓનો વારો આવ્યો. તેઓને પણ આંચકા ને ધુંબા ખાતા દાદરેથી નીચે હડસેલાવું પડ્યું. હું તો બાળક એટલે છેવટ સુધી તમાસો જોનારો જ રહ્યો અને દાદરો ખાલી થયે હળવેકથી નીચે ઊતરી ગયો. ગગનકાકાને ખૂબ વાગ્યું હશે એવી બીક મનમાં હતી પણ નીચે આવી જોયું તો તેઓ હસતા ઊભા હતા.

ટ્રામ વીજળી વેગે ઉપડી ગઈ. અમે ચાલતા ને વાતો કરતા અરધા પોણા કલાકે સ્ટીમર પર પહોંચ્યા. જમનાદાસકાકા સ્ટીમરે ચડ્યા અને તેમને વિદાયના રામરામ કરી અમે પાછા ફર્યા. પણ આખું બંદર શાંત હતું. અવાજ કે ધાંધલ ગોદીમાં યે ન હતાં. સ્ટીમર જાણે ઊંઘતી પડી હતી. મોટી પહોળી સડકો પર વીજળીના દીવાની હાર વચ્ચે મૂગા મૂગા અમે રૂસ્તમજીકાકાના ઘર તરફ માર્ગ કાપવા માંડ્યો. મને રાજકોટનું સ્મરણ થયું. બધાં સાથે મળી પાછા ક્યારે દેશ જશું ? જશું ત્યારે કેવી મજા પડશે, તે તરંગે ચડ્યો.

થોડું ચાલ્યા ત્યાં ટ્રામના પાટા આવ્યા. ટ્રામ પર થએલું અપમાન અમને અસહ્ય થઇ પડ્યું. કંડક્ટર અને ડ્રાઇવરના ગુંડાપણાનો પ્રતિકાર કરવાનો અમે નિશ્ચય કર્યો. હિંદીઓ કંઇ કૂતરાં કે ઢોર નથી કે હડધૂત થયા કરે અને લાતો વેઠ્યા કરે, એ વાત તે ગોરાઓને સમજાવવાની અમે ગાંઠ વાળી. છાપામાં છપાવ્યે કંઇ દા'ડો વળે એમ ન હતું. વળી ત્યાંનાં ગોરાં છાપાં છાપે યે શા સારૂ ? ટ્રામની કંપનીની કચેરી કે પોલીસ થાણામાં યે દાદ મળવાની આશા ન હતી. આખો સવાલ જ ગોરા ને કાળાનો હતો. કાળાઓએ પોતાનું સ્વમાન પોતાની મેળે જ સાચવવું જોઇએ. કેટલીક વાટાઘાટ પછી એમ ઠર્યું કે એ જ નંબરની ટ્રામ પર અમારે ફરી ચડવું. ત્યાંના ક્રમ પ્રમાણે ત્રીસ ચાલીસ મિનીટમાં એ પાછી ફરવાની ઉમેદ અમને હતી. હૂમલાભેર ટ્રામ પર ચડવાની આતુરતા ભર્યા અમે અરધો પોણો કલાક ઊભા, પણ ટ્રામ પાછી ન આવી. મધરાત થવા આવેલી એટલે હવે ટ્રામ પાછી નહિ આવે, ચાલતી બંધ થઇ હશે એમ સમજી અમે ચાલવા માંડ્યું અને રૂસ્તમજી કાકાને ઘેર પહોંચ્યા.


ટ્રામ પર આવો જ એક અનુભવ અમને સત્યાગ્રહની લડતની છેલ્લી સમાધાની પછી પણ થએલો. ફીનિક્સથી અમારી નિશાળના દસબાર છોકરાઓ એકવાર ડરબન ગએલા ત્યારે ટ્રામમાં ગોરાઓ સાથે અમે ભેખડાઇ પડેલા. પણ અમે ઝાઝા હતા અને અમારી સાથે, હું ભૂલતો ન હોઉં તો, મિસ સ્લેશિન હતાં—જેમનો પરિચય આગલાં પ્રકરણોમાં થવાનો છે—એટલે એ વેળા બાથંબાથામાંથી અમે બચી ગયા.

આપણે ત્યાં ખાસ કરીને કાઠિયાવાડમાં ઢેઢભંગીઓને રેલવેના ડબ્બામાં હડધૂત થતા અનુભવ્યા છે, ત્યારે ડરબનની ટ્રામનો આ અનુભવ મને યાદ આવ્યો છે. ત્યાંના ગોરાઓનું ચોખલાપણું અને સૂગાળવાપણું આપણે અહીંના સૂગાળવાપણા પાસે હવે મને મોળું લાગે છે. અને આપણા હરિજન ભાઇઓને ચોખલા તરફથી નડતા ત્રાસથી તેઓ કેવા ત્રાસે છે તેની અટકળ બંધાય છે. અમને તો ફક્ત ટ્રામના આગલા પાટીઆ પર બેસવાનું ન મળતું તો અમને થઇ આવતું કે શું અમે ઢોર છીએ? ત્યારે અહીં તો સરખામણીમાં પાર વિનાનો ત્રાસ! પીવાનું પાણી ન મળે, અને નિશાળ-મંદિરમાં જ્ઞાન-ભક્તિ સાંભળવા ને સંતદર્શન કરવા આડે યે હરકત આવે ત્યારે એમનો જીવ કેટલો કચવાતો હશે? ડરબન તરફના શ્વેત ભાઇઓને માટે હૈયાસૂના, તુમાખી, જંગલી એવાં એવાં વિશેષણો વાપરવાં જરૂરી જણાય છે તે આપણે અહીં પોતા માટે કેવાં કેવાં વાપરવાં જોઇએ?

ડરબનથી અમે ફીનિક્સ પહોંચ્યા ત્યાં મારા નાના ભાઇ કૃષ્ણદાસની ચિંતાજનક તબિયતે ઘર આખાનું ધ્યાન ઘેરી લીધું. તેને ટાઇફૉઇડ લાગુ પડ્યો હતો. ચૌદમો દિવસ જતાં યે તાવ મોળો ન પડ્યો. તેનું નાનકડું શરીર બિછાવેલી ચાદર સાથે એકરૂપ થતું જતું હતું. અમારે ફીનિક્સમાં કોઇ દાક્તર કે વૈદ્ય હતા જ નહિ. આવી આકરી માંદગી ને સારવારનો અનુભવ પણ ખાસ કોઇને હતો નહિ. બાપુજી જોહાનિસબર્ગથી પત્રો વડે સારવારની સૂચના કરતા તે પ્રમાણે સારવાર થતી. પણ તાવનું જોર હટ્યું નહિ, એટલે મારી બા વ્યાકુળ થયાં. પાછળથી પસ્તાવાનું ન થાય અને અમે હાથ ઘસતા ન રહી જઇએ તે સારૂ પિતાશ્રીએ બાપુજીને કાગળ લખી બધી વિગત જણાવી. કાગળ પહોંચતાં જ તાર મળ્યો કે 'આવું છું.'

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી



કાશીનો ગંગાઘાટ
(પંચાણભાઈ વારા)

તીન લોકસે ન્યારી કાશી

એ પુરાણનગરીનો પરિચય આપતો 'મારી સફર'નો આગળ હપતો [૧૦]

ઉપનિષદોમાં જેની પવિત્રતા વારંવાર યાદ કરાય છે, સ્મૃતિઓમાં જેનું પુણ્ય ગવાયું છે, પુરાણોમાં જેનું માહાત્મ્ય કલ્પનાની ઊંચામાં ઊંચી ટેકરી પર બેસીને પડકારા કરતું આવ્યું છે અને ઇતિહાસોએ જેની વિશેષતાની સાક્ષી પૂરી છે એવા "तीन लोकसे न्यारी काशी"માં હું પહોંચી ગયો.

મારી નસેનસમાં અત્યાર સુધી કાશીનું રટણ હતું. ત્યાં પહોંચવા માટે મેં ઘર છોડ્યું, માતાને રડાવ્યાં, ભાઇભાંડુને છોડ્યાં, અભ્યાસ છોડ્યો ને કોઈ જાનનો વિચાર કર્યા વિના ચાલી નીકળ્યો હતો. રસ્તામાં આવી પડેલી મુસ્કેલીઓ નવી જ પરિસ્થિતિમાં મૂકી દેતી, એ વખતે એમ લાગતું કે હવે મારું શું થશે? હું કાશી પહોંચી શકીશ? આજ હું કાશીમાં હતો. મારો આનંદનો પારો કેટલા અંશ ઊંચો હશે?

હું આગળ. બગલમાં પોટલું. માથુ ખુલ્લું. પાછળ ધનીરામ. ખભા પાછળ નાની પોટલી. કાશીમાં પેઠા. કયું પૂર્વ અને કયું પશ્ચિમ એ ભૂલી જ ગયા. ક્યાં જઈશું અને ક્યાં રહીશું એ પણ વિચારવાનું રહી ગયું. માંડ્યા ચાલવા. શું આ જ કાશી? અરે, આ તો અમદાવાદ જેવાં જ મકાનો? એવી જ દુકાનો? આવા લોકો તો ગુજરાતમાં પણ! આવા જ રસ્તા! આવાં જ ઝાડ અને આમ જ લોકો હાલેચાલે! અરે! આ જ ત્રણ લોકથી ન્યારી કાશી? સંતાપની નજરે કાશી જોતો હું ધનીરામને દોરી ચાલ્યો. એ તો બિચારો પાછળ ચાલ્યો આવે. છેક સુધી એ એમ જ સમજતો રહ્યો કે ભાઇબંધ કોઇ જાણીતા સ્થાનની શોધમાં છે; કારણકે તે થોડે દૂર જતાં વારંવાર પૂછતોઃ 'યાર કહાં જાઓગે?' હું કહેતોઃ 'ચલો તો . . .'

એ ચૂપ થઈ જતો. તે એમ જ ધારે કે હું એને ક્યાંક દોરી જાઉં છું. રસ્તાઓ પરથી ગલીમાં અને ગલીઓમાંથી રસ્તામાં એમ બપોર સુધી ફર્યા. હજી મારી એ પુરાણી આદત કાયમ છે કે અજાણ્યા રસ્તા

કે વિષય માટે કોઈને કાંઈ પૂછવું જ નહિ. જાતે જ એનો તોડ કાઢી લેવો. પણ ત્રણ કે ચાર કલાક ગલીઓમાં ઘૂમતાં છતાં મોટો રસ્તો હાથ ન લાગ્યો. ઘૂમીઘૂમીને જાણે એક જ જગાએ પાછા આવતા હોઈએ એમ લાગે.

ધનીરામે શ્વાસ ખેંચ્યો અને પોટલું એક ઓટલા પર મૂકતાં કહ્યું: 'ભાઈ, અબ તો હમસે ચલા નહિ જાતા. જા કહાં રહે હો ?'

હું પણ અકળાઈને બોલ્યો, 'યાર, કિસીસે પુછેં.' મારી કલ્પના બીજી જ હતી. મેં ધાર્યું હતું કે કાશીમાં ઠેરઠેર પાઠશાળાઓ હશે. જ્યા ત્યાં અન્નક્ષેત્રો હશે. યાત્રીઓનાં ટોળેટોળાં ભટકતાં હશે. ત્યાં વળી પૂછવાનું શું ? ગમે તે પાઠશાળામાં પહોંચી જઈશું. ગુરુજીઓ ભણાવવા તૈયાર જ બેઠા હશે અને અન્નક્ષેત્રોમાં પતરાળીઓ બિછાવી રાખી હશે. ફરતાં ફરતાં આ બંને સ્થાન હાથ લાગી જશે. નકામું કોઈને પૂછવા જેટલા અજ્ઞાનનો સ્વીકાર અને છેવટે પ્રદર્શન શા માટે ? પણ હવે તો એ આશા સંતાવા લાગી.

ધનીરામે કહ્યું: 'હત્તેરેકી ! માલૂમ કુછ નહીં ઓર ચલે હો ઘૂમને ? મેરે તો પેર ઍઠ ગયે.'

થોડી વાર થઈ હશે ત્યાં આકારે પ્રકારે વિદ્યાર્થી જેવા એક યુવાન મહાશય નીકળ્યા. માથું ખુલ્લું, અંગ પર એક ચાદર અને પગ ખુલ્લા.

મેં પૂછ્યું: 'મોટો રસ્તો કઈ બાજુ ?'

તે બોલ્યો,પણ અમે કાંઈ સમજ્યા નહિ. મહાશય બંગાળી હતા. પણ અમારો ભાવ સમજીને તેમણે અર્ધું બંગાળી હિંદીમાં કહ્યું, કે આ તો બંગાળીતોલા મહોલ્લો છે. તે જ વખતે એક હિંદી સજ્જન આવી પહોંચ્યા. તેમણે અજાણ્યા જાણી દયા કરી અને ઠેઠ મોટા રસ્તા પર દોરી ગયા.

કાશીનો બંગાળીતોલા મહોલ્લો એટલે ભૂલભૂલામણી. પત્થર જડેલી બધી ગલીઓ. વાહન તો ચાલી જ ન શકે. રાત અને દિવસ ઘૂમ્યા કરો છતાં રસ્તાનો પત્તો અજાણ્યા હો તો લાગે જ નહિ. એકસરખાં મકાનો અને એકસરખી ગલીઓ.

દયાળુ મહાશય અમને દશાશ્વમેધ ઘાટ પર લઈ ગયા. ગંગાજીનાં દર્શન થતાં જ થાક બધો ઊતરી ગયો. ભલા મહાશયે 'અસનાન કરોગે ન ?' પૂછ્યું. મેં હા કહી. ઘાટ પર ઊતર્યા. ઘાટ પત્થરથી બાંધેલો હતો. પગથિયે પગથિયે લાકડાના તખ્તા માંડેલા હતા. તેની વચ્ચે તાડની કે વાંસની વણેલી મોટી છતરીઓ અને તેની નીચે અલમસ્ત પંડાઓ બેઠા હતા. લગભગ બાર વાગી ગયા હશે, એટલે ભીડ નહોતી. દયાળુ મહાશયે અમને એક તખ્તા ઉપર કપડાં મૂકીને નહાઈ લેવા કહ્યું. અમે તેમ જ કર્યું કપડાં કાઢીને નહાવા ઘાટનાં પગથિયાં ઉપર ઊભા રહ્યા. દયાળુ મહાશય પાછળ ઊભા રહીને બોલ્યા:

'હાથમેં જલ લો.'

મેં પૂછ્યું: 'કેમ ?'

મહાશય: 'પહલેપહલ ગંગાજી આયે હો ન ?'

મેં કહ્યું: 'હા.'

મહાશય: 'તબ ? બિના સંકલ્પ કરાયે નહાઓગે ? લેને દેનેકી કુછ બાત નહિ. સંકલ્પ કરા લો.' અમે હાથમાં પાણી લીધું.

મહાશયજી: 'યહાં તો બડે સે બડે રાજામહારાજા આતે હૈં, ગરીબ ભી આતે હૈં. રાજાઓંકી બાત કોન કહે ? તુમ તો ગરીબ હો ન ? સવા રૂપયે કા સંકલ્પ કરાતા હૂં.'

મેં કહ્યું: 'અમારી પાસે તો કાંઈ નથી. ગરીબ બ્રાહ્મણ છીએ.'

મહાશયજી પંડ્યા હતા. અમે ઠીક તેમને હાથ પડી ગયા. અટપટી ગલીઓમાંથી દોરીને બહાર કાઢી લાવ્યા. હવે અમને ભવસાગરમાંથી બહાર કાઢવાનો ઉપાય કરવા લાગ્યા.

પંડ્યા બોલ્યા: 'ત્યારે એમ કહોને ? અચ્છા, સવા અગિયાર આનાનો સંકલ્પ કરાવું છું.'

મેં કહ્યું: 'આના જ ન મળે તો ?'

પંડ્યા: 'અચ્છા, સવા પાંચ આના. ચલો. અત્રાદ્ય ફલપ્રદ . . . .'

એ તો સંકલ્પ બોલવા માંડ્યો. અમારા હાથમાંથી પાણી તો ક્યારનું ગળી પડ્યું હતું. હવે પંડ્યો સંકલ્પ કરાવી જ નાખશે જાણતાં ખાલી હાથ પણ છૂટી ગયા. પંડ્યાએ આંખો કાઢી. બરાડા પાડીને અમને 'અધર્મી, પાપી, નાલાયક, વિશ્વનાથની નગરીમાં આવીને સવા પાંચ આનાનો સંકલ્પ નથી કરાવી શકતા ? ક્યે ભવ છૂટશો ?' વગેરે ઘણુંઘણું સંભળાવ્યું.

'અચ્છા નહાઓ, તુમ્હેં કુછ ભી ફલ ન મિલેગા' કહીને પંડ્યાજી તખ્તા પર બેસી ગયા.

અમે નહાયા. કપડાં પહેરવાની તૈયારી કરી.

'અચ્છા,લો,ચંદન તો લગવા લો!' પંડ્યાજી બોલ્યા.

બિચારાને અમારા પરભવની કેટલી ચિંતા હતી? પંડ્યાએ ચંદન ચોપડ્યું. ચાલવા માંડ્યા એટલે પંડ્યાજી બોલ્યા: 'ચંદન ભી મુફ્તમેં? કહાં કે દરિદ્રી આ ગયે? અરે, દક્ષિણા તો દેતે જાઓ?'

હવે તો હદ થઈ હતી. પાસે ત્રણ આના હતા. એક કાઢીને પંડ્યાને આપ્યો.

પંડ્યો: 'સવા આના તો દો?'

એક પૈસો વળી આપ્યો. પિંડ છૂટ્યો

ધનીરામે પેટની પીડા યાદ કરાવી. મને પણ એ જ રોગ વધુ તો લાગ્યો. પાસે ત્રણ આના હતા. તેમાંથી પાંચ પૈસા તો ધર્મ ખાતે જમા કરાવ્યા. સાત પૈસાની મૂડીમાં જ અંદાજપત્ર બનાવવાનું રહ્યું. દુકાનોમાં પૂરી-શાક તો જોયાં, પણ એ ખરીદવા જેટલી ઉદારતા નહોતી. પરોંઠા પણ એક આને એક મળે. ઘાટ ચડીને ઉપર ગયા. જામફળના ટોપલા લઇને ઘણી બાઇઓ બેઠી હતી. ભાવ પૂછ્યો. પૈસાનાં ચાર તો બીજે પૈસાનાં છ જામફળ વેચાતાં સાંભળ્યાં. એક પૈસાનાં છ લીધાં. ખાસ્સાં મોટાં હતાં. દોઢ શેર વજન હશે. થોડે જ દૂર જતાં ત્રિકોણાકારે નાનો બગીચો હતો. ત્યાં બેસીને ત્રણ ત્રણ જામફળ ખાધાં. પેટ શાંતિ પામ્યું. કાશીમાં જામફળની પેદાશ ઘણી છે. અલ્લાહાબાદની પેઠે કાશીનાં બોર અને જામફળ વખણાય છે.

ધનીરામને ચિંતા વધારે થવા લાગી. 'અબ કયા કરેંગે?' તે વારે વારે પૂછવા લાગ્યો.

મેં કહ્યું, 'કાશીના રસ્તા તો જોઇ લઇએ. પછી ક્યાંક સ્થાન ગોતી કાઢીશું.'

ચાલ્યા. સીધે રસ્તે ચાલ્યા ગયા. વીજળી-ઘરની સામે મોટા ચોગાનને ઘેરી વળતી નાની દીવાલના દરવાજા પર 'સેંટ્રલ હિંદુ કૉલેજ'ની તખ્તી વાંચી. મહા વિદુષી માતા બિસેંટે આ કૉલેજની સ્થાપના કરી હતી અને પછી શ્રદ્ધેય માલવીયજીએ કાશી વિશ્વવિદ્યાલય સાથે જોડી દીધી હતી એ હું જાણતો હતો. અત્યારે તો એ મકાનોમાં હિંદુ સ્કૂલ ચાલતી હતી. દરવાજામાં પેઠા. પાસેના જ એક ખંડમાં નીચે કેટલાક વિદ્યાર્થીઓ બેઠેલા જોયા. ગાદી પર એક પંડિતજી બેઠા હતા. સંસ્કૃતમાં કંઇક બોલતા હતા. અમે જોવા લાગ્યા. એક વિદ્યાર્થી નાક સાફ કરવા બહાર નીકળ્યો. તેને પૂછ્યું: 'આ પાઠશાળા છે?'

'હા.'

'અમારે ભણવું છે.'

તે હસ્યો. મારી મૂર્ખતા શી તે હું જાણી શકયો નહિ, પણ હતી તો જરૂર એ તો સમજી ગયો.

તેણે કહ્યું: 'આ તો પ્રથમ ખંડનો વર્ગ છે. પાઠશાળા નથી.'

તે અંદર જતો રહ્યો. અમે ફાટી આંખે જોઈ રહ્યા. ઘડીક જોઇને ચાલતા થયા.

સાંજ સુધી રસ્તાઓ પર ફર્યા. પૈસાનાં જામફળ લઇને ખાધાં. રસ્તો પૂછીને રાજઘાટ સ્ટેશને ગયા. ત્યાં મુસાફરખાનામાં પડી રહ્યા. યાત્રીઓની ભીડ ખૂબ હતી. કાશીમાં ત્રણ સ્ટેશન છે: રાજઘાટ પૂર્વમાં, બનારસ પશ્ચિમમાં અને કાશી ઉત્તરમાં.

સવારમાં વહેલા ઊઠ્યા. રાજઘાટ સ્ટેશન ગંગા કાંઠે છે. અમે ગંગા કિનારે ઊતરી ગયા. અહીં રેલવેનો પૂલ છે. આપણા કચ્છી વ્યાપારી જગમાલ રાજાએ એ બાંધ્યો છે. સૂર્ય ઊંચે ચડતાં સુધી ટાઢ ઉડાડી. કિનારે ચીકણી માટીના થર જામ્યા હતા.

કાશી ચંદ્રાકારે વક્રરેખામાં ગંગાકિનારે વસ્યું છે. વરણા અને અસી નદી વચ્ચે એ ચંદ્રાકાર પૂરો થાય છે. અસી દક્ષિણ-પશ્ચિમમાં છે અને વરણા ઉત્તર-પૂર્વમાં. એક માઇલથી વધારેની લંબાઇનો કિનારો પાકા ઘાટથી બાંધેલો છે. કિનારા પર વિશાળ મંદિરો અને મઠોનાં મકાનો છે. પ્રત્યેક હિંદુ રાજાનું એકાદ મંદિર અને મકાન કિનારે છે. તેમનાં મંદિરોમાં સવારે ચાર વાગ્યે, આઠ વાગ્યે, બાર વાગ્યે, સાંજે ચાર વાગ્યે, આઠ વાગ્યે અને રાતે બાર વાગે નોબત શરણાઈ વાગે છે. હજી પણ અહીંના જેવી શરણાઇ વગાડનારા ઉસ્તાદો બીજે નથી. પણ બિચારા ભિખારી. કોઇએ એ કળાને પોષી નથી. બજાવનારાઓનો મોટો ભાગ મુસલમાનોનો છે. પોષાય છે હિંદુ મંદિરોમાં.

ઘાટ ઉપર ખૂબ ભીડ હતી. આવી ભીડ પ્રાતઃકાળમાં બારે માસ રહ્યા જ કરે છે. ઘાટને છેલ્લે

પગથીએ લાકડાનાં પાટિયાં પાણી સુધી ગોઠવ્યાં હતાં. કિનારાની અને ઘાટની શોભા એથી હણાય છે. છૂટથી નહાવાની પણ જગ્યા એથી રહેતી નથી. ક્યાંક ખાલી જગા રહી તો ત્યાં હોડીઓ બાંધેલી હોય છે. કાશીનો કિનારો હોડીઓ અને તખ્તાઓથી જ ભર્યો રહે છે.

મણિકર્ણિકા ઘાટ આવ્યો. આ ઘાટ વચ્ચોવચ્ચ છે. એ પુરાણ-જૂનો છે. એની પવિત્રતાનાં સ્તોત્રો ઘણાં છે. કહે છે કે સ્વયં મહાદેવ રોજ આ ઘાટે નહાવા આવે છે. ગંગાલહરી ગાઇને આ ઘાટે જ પંડિત જગન્નાથે શુદ્ધિ મેળવી હતી.

આ ઘાટ પર લોકોની ખૂબ ભીડ હતી. કોઇ રાજાનું મુડદું ઘાટ પર બળતું હતું. રાજામહારાજાઓના શબને બાળવા માટે ઘાટ પર ખાસ સ્થાન છે. પાસે જ બીજો શ્મશાન ઘાટ છે. રાત અને દિવસ અહીં મડદાં બળ્યાં જ કરે છે. ચિતામાંથી ઊઠતા રજતવર્ણા ધુમાડાના ગોટા અહીં એક કડક વાસ સતત ફેલાવ્યા કરે છે.

વિશ્વનાથના મંદિરે જવાની સૂચના આપતો એક પંડ્યો યાત્રીઓને લઇ જતો હતો. તેની પાછળ અમે પણ ચાલ્યા ગયા. સાંકડી ગલીઓમાં થઇને વિશ્વનાથનાં મંદિર પાસે આવ્યા. પહેલાંના વિશ્વનાથનું મંદિર તો ઔરંગઝેબના વખતમાં તોડી પાડેલું અને તે પર મસીદ બંધાવી છે. પાસે જ જ્ઞાનવાપી કૂવો છે. ફરતો નાનો કોટ છે. મંદિરની દીવાલો અને ગભારાનું સ્થાન જેમનું તેમ પ્રદર્શનમાં રાખીને મુસલમાનોએ હિંદુઓની કલંકકીર્તિનું સ્મારક કાયમ રાખ્યું છે. દીવાલો દસેક ફૂટ ઊંચી છે. તે પર મસીદ ઊઠાવી છે!

તેની પાસે જ બાજુમાં રાણી અહલ્યાબાઇએ બંધાવેલું નવું મંદિર છે. હાલ વિશ્વનાથ બાબા તેમાં બેઠા છે. મંદિર સાંકડું છે. કોઇપણ વર્ણનો માણસ અંદર જઇને મૂર્તિને પાણી ચડાવીને સ્પર્શ કરી શકે છે.

પાસે જ અન્નપૂર્ણાનું મંદિર છે. આ બે મંદિર અહીં મુખ્ય છે. કાશીમાં આવાં ઘણાં સ્થાનો છે, જેની મિલકતમાંથી સેંકડો પાઠશાળાઓ અને અનેક અનાથાલયો પોષી શકાય. આજે તો એ લક્ષ્મી કમાર્ગે જઇ રહી છે. આ વિષય સાથે મારે આગળ સારો સંબંધ બંધાઇ ગયો હતો અને તે દ્વારા મેં સાધુ સંન્યાસીઓ વિષે ઘણું જાણ્યું. એક મામલામાં તો હાઇ-સુધી મારે લડવું પડ્યું હતું. કદાચ કાશી વિષે મારા જેટલી જાણકારી ઘણા ઓછાને હશે.

મંદિરોમાં દર્શન કરીને વળી અમે રસ્તે ચડ્યા. દશાશ્વમેધથી એક રસ્તો ચોક થઇને ટાઉનહૉલ સુધી જાય છે. મોટો અને મુખ્ય રસ્તો કાશીમાં આ જ છે.

વળી એક પૈસાનાં જામફળ લીધાં અને ખાધાં. ભગવાને જાણે કે અમારા માટે જ આ સગવડ ઊભી કરી હોય એમ કેમ ન માનીએ? સાંજ સુધી એમ જ રખડ્યા અને વળી સ્ટેશનની ધર્મશાળામાં પડી રહ્યા.

બીજે દિવસે આશ્રય શોધી કાઢવાનો નિર્ણય કર્યો. હવે જામફળ પણ સહાય કરી શકે એમ નહોતું. પાસે પૈસા આખા બે બચ્યા હતા. વિશ્વનાથને મંદિરે જઇએ, ત્યાં કોઇને પૂછવાથી પાઠશાળા કે અન્નક્ષેત્રનો પત્તો લાગી જાય. સવારમાં ઊઠતાંની સાથે જ ઘાટે ઘાટે ચાલીને મંદિરમાં ગયા. જ્ઞાનવાપી કૂવા પાસે મોટો મંડપ પત્થરનો બાંધેલો છે. ત્યાં ઘણા બ્રાહ્મણો બેસીને અષ્ટાધ્યાયીનો પાઠ કરતા હતા.

આકારે પ્રકારે ગુજરાતી જેવા જણાતા એક વિદ્યાર્થીને પૂછ્યું. તેણે ગુજરાતીમાં જવાબ આપ્યો એથી કોઇ કુટુંબી મળ્યા હોય એવો આનંદ થયો. પણ વિદ્યાર્થી મહાશયને જરા યે જાતિઅભિમાન હોય એમ જણાયું નહિ. એ તો રોજ નવાનવા યાત્રીઓને જોતા હશે! તેણે દયા કરી અને 'સતુવા બાવા'ની જગ્યાનું ઠેકાણું આપ્યું. ત્યાં કેટલાક ગુજરાતી વિદ્યાર્થી રહે છે. સીધું પણ મળે છે! તે સિવાય ગુજરાતી માટે એક જ અન્નક્ષેત્ર છે! ત્યાં જગ્યા નથી. બીજાં અન્નક્ષેત્રોમાં ગુજરાતીને પેસવા નહિ દે. આટલી હકીકત તેણે કહી.

અમે પૂછતા પૂછતા સતુવા બાવાના સ્થાનમાં ગયા. આ સ્થાન મણિકર્ણિકા ઘાટ પર જ છે.

(ચાલુ) **જીવરામ જોષી**

તું જાતે ડાહ્યો થવા પહેલાં બધા ડાહ્યા મૂર્ખા જ લાગવાના.
ખરા વિદ્વાન માણસો જ્ઞાનના સાગર હોય છે, ફુવારા નહિ.
આપણી 'સાથે' હસનારા કરતાં આપણી 'ઉપર' હસનારા ઘણા હોય છે.
ગૌરવવિહીન જીવન કરતાં ગૌરવભર્યું મોત હજાર દરજ્જે બહેતર છે.

આભારદર્શન

એક પ્રસ્તાવના . . . જેમાં, એ વાંચવા બદલનો, માત્ર આપણો જ આભાર માનવો રહી ગયો છે !

હું અહીં અત્યારે વાચક માટે એક સુંદર વાત લખવા બેઠો છું. વાર્તા તો જોકે લખાએલી મારી સામે જ પડી છે, પણ તંત્રીએ આપેલા માપ કરતાં તે વધુપડતી લાંબી છે, એટલે એને ટૂંકવીને સારા અક્ષરે કરેલી આ નકલ હું પ્રેસમાં મોકલીશ. મને પણ ઓચિંતો ગઇ કાલનો એક પ્રસંગ યાદ આવ્યો.

હું ઝોળીમાં ટમેટાં ભરી મારકીટેથી આવતો હતો એવામાં પાછળથી હેમુએ મારો ખભો પકડ્યો. હેમુ કાંઇક ક્રોધમાં હોય એમ એના હાથના વજન પરથી અને એના ચહેરા પરથી લાગ્યું. હું વિસ્મય પામતો પાછો વળી ઊભો, એટલે તે પણ મારી સામે જાણે તિરસ્કારથી જોતો, જમીન પર કિલ્લાની મજબૂતીથી બે પગ ટેકવી ઊભો. તેણે ફેંક્યું, 'આઇ એમ વેરી સૉરી, જેન્ટલમૅન.'

'કેમ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'તમારા જેવો સારો માણસ આવી બદમાસી કરે!' તે દિલગીર થતો બોલ્યો.

'કયી બાબતની બદમાસી?' મારૂં આશ્ચર્ય વધ્યું.

'તમે પેલી "ક્લીઓપેટ્રાઝ નાઇટ્સ"નો અનુવાદ કર્યો . . . . . .'

'હા, પણ મેં એમાં મૂળ લેખકનું નામ તો આપ્યું જ છે. અને વળી એ અનુવાદ છે એવો સ્પષ્ટ એકરાર પણ કર્યો છે.' મેં અધવચમાં કાંઇક અધીરાઇથી ખુલાસો કર્યો.

'યુ ડોન્ટ અન્ડરસ્ટૅન્ડ મી.' હેમુ કાંઇક થોથરાતો બોલ્યો, 'તમને એ બુક પહેલવહેલી કોણે વાંચવા આપેલી?'

હવે મારા મગજમાં કાંઇક પ્રકાશ પડ્યો. વાત એમ બનેલી કે એણે એ ચોપડી પુસ્તકાલયમાંથી વાંચવા આણેલી. એને ઘેર હું બેસવા ગએલો ત્યારે એ ચોપડી પર ચડેલો પાએક ઈંચનો ધૂળનો થર ઉડાડી મેં તે વાંચી જોઇ, અને એ ટૂંક પરિચયે કુતૂહલ પેદા કરતાં મેં તેની પાસેથી વાંચવા તે ચોપડી માગી લીધી. હેમુએ પોતે તો હજુ એ ચોપડી વાંચેલી જ નહિ. પણ અત્યારની પ્રચલિત ફૅશન પ્રમાણે વખણાતું આવેલું પુસ્તક વખાણવું એ ન્યાયે તેણે મને કહેલું, 'બહુ નાઇસ છે.' એ પછી મને તે ગમતાં મેં એનો અનુવાદ પ્રસિદ્ધ કર્યો. પણ હેમુભાઇએ તો એમ જ માની લીધું કે એ ત્રણ ટૂંકા શબ્દના મને મળેલા ગુરુમંત્રથી જ મને એ પ્રેરણા મળી. અને તેથી મારા પુસ્તકની પ્રસ્તાવનામાં મેં હેમુનો આભાર ન માન્યો માટે એને ખોટું લાગેલું. આ બધું મને હવે એક ક્ષણમાં સમજાઇ ગયું.

વારૂ. હેમુને તો મેં જેમતેમ કરી શાન્ત પાડ્યો; પણ એ પછી મેં ગાંઠ વાળી છે કે હવે પછી કાંઇ પણ લખાણ બહાર પાડવું ત્યારે લાગતાવળગતા તમામના એમાં આભાર માનવા, જેથી ભવિષ્યમાં કોઇને મારાથી નાખુશ થવાનો પ્રસંગ ન આવે. એ નિશ્ચય પછીની, હમણાં લખવા માગું છું તે મારી પહેલી વાર્તા છે. માટે એ વાર્તાની નકલ અહીં ઉતાર્યા પહેલાં હું એ પવિત્ર ફરજ બજાવી લઉં.

પ્રથમ તો હું મારા પાડોશીના પુત્ર ચંપલા ઉર્ફે ચંપકલાલનો આભાર ન માનું તો હું બેવફા ગણાઉં. મને વાર્તા માટે ઉપરાઉપર વિચારો આવવા લાગ્યા એ જ વખતે ઘરમાં તપાસ કરતાં જણાયું કે કમનસીબે શાહી ઊંદર પી ગયા છે.—એ ઊંદરને સહસ્રવાર ધિક્કાર છે.—ફાઉન્ટન પેનની શાહી પણ વપરાઇ ગએલી એટલું જ નહિ, પણ ત્રણ ત્રણ વખત તો એમાં ચોકખું પાણી ભરીને જ મેં ગપ ચલાવેલું એટલે હવે તો તે પાણી ભરવાથી પણ ચાલે એમ ન હતું. મારી ઊર્મિઓ ઓસરવા માંડી. પણ ધન્ય છે ચંપલાને કે બરાબર અણીને વખતે તે મારી નજરે પડ્યો. મેં તુરત તેને ગામમાંથી શાહી લાવવા દોડતો મોકલ્યો. રમતમાં ગાળવા ધારેલા પોતાના એ કીમતી સમયનો ભોગ આપી, રસ્તામાં મારા પૈસાથી જામફળ કે બોર ખાવા માટે થએલી લાલચની ઉપરવટ થઇને પણ ચંપલાએ કરેલી એ સેવા માટે હું તેનો ખૂબખૂબ ઋણી છું. જો એ ન હોત તો મારે પોતાને ગામમાં

જવું પડત, રસ્તામાં વાળ કપાવવા જવાની ઇચ્છા થાત અને વાર્તા વાર્તાને ઠેકાણે રહેત.

અને શાહીની વાત કરતાં કરતાં મને તે વેચનાર વેપારી યાદ આવે છે. અમારા નાના ગામમાં ફાઉન્ટન પેનની શાહી મળતી નથી અને માત્ર આ એક જ વેપારી તે વેચે છે. જો ઘડીભરને માટે તે દુકાને ન હોય, કે બહારગામ ગયો હોય, કે છેવટે એની પાસે સિલકે શાહી ન હોય તો હું હરગીઝ લખી ન શકું, કેમકે પેન્સિલ વાપરવાનું મને કદી યાદ જ ન આવે. પણ એવું કાંઇ વિઘ્ન ન આવ્યું એ માટે હું એ વેપારી શાહ હીરાલાલ છગનલાલને અભિનંદન આપું છું.

પણ ધારો કે મારી પાસે શાહી અને કાગળ બંને છે. એટલે શું તમે એમ માનો છો કે એમાંથી સુંદર વાર્તા આપોઆપ જન્મે? ના જી. સાથે શાન્તિ પણ જોઇએ, અને પાડોશનાં કૂતરાં એ શાન્તિ ક્યાં લેવા દે એમ હતાં! એક કૂતરું ખસલેલ હતું અને બીજું બાંડું હતું. અને બંને એક રોટલા માટે લડતાં હતાં.—અરે હા! આભાર માનતાં માનતાં સાથોસાથ એક જણનો ધિક્કાર પણ કરી લઉં. પેલા ગોવિંદ લુહારની છોકરી એ કૂતરાંને રોટલો નાખી ગએલી, અને એમાંથી જ આ બધો કોલાહલ થએલો. એ વાંદરીને મારી શાન્તિમાં ખલેલ પાડવા માટે હું સો વાર ધિક્કાર આપું છું—હં. એ બંને કૂતરાં એ રોટલા માટે જીવસટોસટની રમત કરતાં હતાં એવામાં પેલો ડાઘીઓ આવીને રોટલો ખાઇ ગયો એટલે તુરત સમાધાન થઇ ગયું. એ ડાઘીઆનો હું એક હજાર ને એક વખત આભાર માનું છું.

મેં વાર્તા લગભગ પૂરી કરી હશે અને 'ક્લાઇમૅક્સ' આવવાનો સમય થયો એવામાં ઓચિંતો એક મચ્છરે મારા પર હૂમલો કર્યો. હું ચમક્યો અને એવા ગુસ્સાથી મચ્છરને મારવા હાથ ઊંચો કર્યો કે એ ધમાલમાં મચ્છર તો ઊડી ગયો, પણ મારો હાથ આર્મચેર સાથે અફળાતાં સખ્ત દુ:ખ થયું આમ ક્રોધ અને દુ:ખની એક સામટી જ્વાળામાં કદાચ મારી બધી ઊર્મિઓ ખાક થઇ જાત. પણ મારા એક પરમ હિતચિંતકે મારો બચાવ કર્યો. મચ્છર મારી પાસેથી નાસતાં કરોળીઆની જાળમાં પડ્યો અને કરોળીઓ તેને સ્વાહા કરી ગયો. બસ એ ઉત્સાહપ્રેરક દૃશ્ય જોતાં મારો ક્રોધ સંતોષાયો અને આનંદની ઝીણી સિતારીમાં શારીરિક દુ:ખ લય પામી ગયું, અને મેં મારી વાર્તા પૂરી કરી. એ મચ્છરનો સો વાર ધિક્કાર માની હું એ કરોળીઆનો એકસો ને એક વાર આભાર માનું છું.

આ સિવાય જે લાગતાવળગતાઓનો આભાર માનવાનું મારી ખરાબ યાદદાસ્તને અંગે હું ભૂલી ગયો હોઉં એ બધાનો પણ 'શાહ'ખાતે આભાર માની લઉં છું. અને જો એમાંથી કોઇ પોતાનાં નામ તથા મારા પરનો તેમનો, આ નીચે આપેલી વાર્તાના સંબંધમાં થએલો, ઉપકાર યાદ કરાવી દેશે તો એ મૂળ આભારને યાદ કરી આપવાના આભાર સાથે, હું મારી વાર્તાની બીજી આવૃત્તિ વખતે પ્રસિદ્ધ કરીશ.

વારૂ! એ પવિત્ર ફરજમાંથી મુક્ત થઇ હવે મારી સુંદર વાર્તા વાચક આગળ રજૂ કરૂં. પણ યા કિસ્મત! સોંઘી કીર્તિ કમાવા ઇચ્છતા લાલચુઓની યશતૃષ્ણા સંતોષવામાં જ તંત્રીએ નક્કી કરી આપેલા માપ જેટલી તો આ પ્રસ્તાવના જ થઇ ગઇ! હવે હું વાર્તા રજૂ નથી કરી શકતો એનું તો મને દુ:ખ નથી. પણ હું લાંબી નૉવેલ લખવાનું શરૂ કરીશ ત્યારે મારી શી દશા થશે? ઓ ભગવાન!

હરિકૃષ્ણ વ્યાસ

'તમારે ત્રીસ ફૂટને અંતરેથી પિસ્તોલ વડે દ્વંદ્વ લડવાનું છે'.

'હા, ત્રીસ ફૂટનો તો મને કંઇ વાંધો નથી, પણ હથિયાર તરીકે એટલે અંતરેથી તલવાર હું વધુ પસંદ કરું છું!'

પત્ની: આફ્રિકાના કોઇ સીદીએ ઘોડા સાટે પોતાની બૈરી વેચી તમને એ કેવું લાગે છે?

પતિ: મૂર્ખો. હું તો મોટરને સાટે જ વેચું!

આંખનો દાક્તર: પેલા નકશા પરની કેટલી લીટીઓ તમે વાંચી શકો છો?

દર્દી: પણ નકશો કયો, સાહેબ?!

'રમણનો પગ કેમ કરતાં ભાંગ્યો?'

'પેલો દાદર તમે જુઓ છો ને?'

'હા.'

'એણે તે ન જોયો તેથી!'

બાઇ: આ ખાડીમાં કોઇ ગુમ તો નથી થયું ને?

હોડીવાળો: ના બાઇસાહેબ, ગયે અઠવાડિયે મારો ભાઈ ડૂબી ગયો હતો, પણ તેનું ગડદું બીજે જ દિવસે મળી આવેલું



કબૂતર અને હોલો

[બાળ વિભાગ]

કબૂતર અને હોલાને ભાઇબંધી. દર વર્ષે તેઓ એક ખેતર ખેડે, વાવે અને તેમાંથી જે ઊપજ આવે તેના બે સરખે ભાગે ભાગ વહેંચી લે.

દર વર્ષે હોલો તો કંઇ ને કંઇ બહાનું કાઢે અને ખેતરમાં કામ કરે નહિ. માંદો પડી જાય, કોઈના લગનમાં જાય કે કયાંય બહાનું કાઢીને કામ કરતી વેળા સટકી જાય.

ખેતરને શેઢે મોટા વડ ઉપર એક પોપટ રહે. તે આ બધું જાણે. તેણે એક વખત કબૂતર પાસે જઇ પૂછયું: 'તમે બંને ખેતરની ઊપજ સરખે ભાગે વહેંચી લો છો?' કબૂતરે કહ્યું, 'હા.'

પોપટે વળી પૂછયું: 'તમે બે ય સરખે ભાગે કામ કરો છો?'

કબૂતરે દુઃખી અવાજે કહ્યું: 'ના રે, ભાઇ! હોલો તો ખેતર ખેડવા ટાણે, અથવા વાવણી ટાણે કે લણણી ટાણે કંઇ ને કંઇ બહાનું બનાવીને ચાલ્યો જાય છે. અને કામ કરતો જ નથી. હવે તો હું તેનાથી કંટાળ્યો છું. પણ ભાઈબંધ છે એટલે બીજું શું થાય?'

પોપટે પૂછયું, 'ત્યારે તું મારૂં કહ્યું માનીશ?'

કબૂતર કહે, 'શું?'

પોપટ કહે, 'જો, તું તેને આ વખતે પહેલેથી ભાગ માગવાનું કહેજે. તેને કહેજે કે જમીન ઉપર જે ઊગે તે તારે જોઈએ કે જમીન અંદર રહે તે?'

કબૂતર કહે, 'સારૂં, પૂછી જોઈશ.'

કબૂતરે બીજે દિવસે હોલાને પૂછયું, તો હોલાભાઇ તો મનમાં વિચારવા મંડયા. તેણે વિચાર્યું, કે બધું અનાજ જમીન ઉપર જ પાકે છે. એટલે તે બોલ્યો, 'મારે જમીન ઉપર ઊગે તે જોઇએ.' કબૂતર કહે, 'બહુ સારૂં.'

પાછું કબૂતર પોપટને મળ્યું. પોપટે વિચાર કરી કહ્યું, 'ઠીક; જાઓ ગાજર વાવો.'

અને કબૂતરે એકલે હાથે મહેનત કરીને ગાજર વાવ્યાં. ગાજર સરસ થયાં. હવે તે હોલા પાસે ગયું. હોલો તો તેની માશીના દીકરાના લગનમાં મોજ માણવા ગયો હતો. ત્યાં જઇને કબૂતરે કહ્યું, 'ચાલ ભાઇ, તારો ભાગ લઇ જા.'

હોલો તો હોંશમાં ને હોંશમાં આવ્યો. જ્યાં ખેતરે આવે ત્યાં તો ગાજર વાવેલાં. તેના તો હોશકોશ ઊડી ગયા. પણ તેણે આગળથી કહેલું એટલે



ઊંદરડાની અક્કલ · · · લેખક · રમણલાલ સોની

ગાંધીજીનું સરસ બાવલું લાવી મેં ઘરમાં મૂકયું;
ઊંદરડાનું બચ્ચું ત્યારે આવી ત્યાં પડખે ઝૂકયું.
બે ત્રણ વાર ફરી ચોપાસે, ફરી ફરી સૂંઘી જોયું,
ઊંચું નીચું થયું, કાનમાં મોઢું પણ નાખી જોયું.

પછી પૂછડી ફફડાવીને સામે આવી બોલ્યું એમ:
'નક્કી તમે કોઇ મહાત્મા છો; રહેજો બાપુ! કુશળક્ષેમ.
લાંબું તો શું જાણું? કિંતુ તમે અહિંસા કેરા નાથ.
કદી ભૂલે ના ઉગામાયે: એથી તમે ના ધાર્યો હાથ!'

શું થાય! તે તો ક્રમને ગાજરનાં પાંદડાં અને ડાળખાં (લીલાં) ઉપાડી ગયો અને કબૂતર ઉપર ખૂબ ખીજાયો. તેણે વિચાર કર્યો, આવતે વખતે તેની વાત છે.

કબૂતરને તો જમીનની અંદર જે ઊગ્યું હોય તે ભાગ લેવાનો હતો. એટલે તેણે તો ખાસ્સાં મઝાનાં ગાજર જમીનમાંથી ખોદી લીધાં, અને ખૂબ ખુશ થઈને પોપટનો આભાર માન્યો.

બીજે વર્ષે તેણે પાછું હોલાને પૂછ્યું, 'કાં ભાઈ, આ વર્ષે તારે કેવી રીતે ભાગ જોઈશે?'

હોલાએ ખૂબ વિચાર કરીને કહ્યું, 'મારે તો જમીન ઉપર જે ઊગે તેનો માથાનો ભાગ પણ જોઈએ અને જમીનની અંદરનો ભાગ પણ જોઈએ.'

કબૂતરે કહ્યું, 'બહુ સારું.'

કબૂતરે પોપટને વાત કરી. પોપટે ઠંડા પેટે કહ્યું, 'જાઓ, મકાઈ વાવો.'

કબૂતરે મકાઈ વાવી. આ વખતે હોલાએ માંદા પડવાનો ઢોંગ કર્યો અને કામ કરવા આવ્યો નહિ.


પાક તૈયાર થયો. કબૂતરે તો બરાબર મકાઈના ડોડા જે છોડની વચ્ચે થએલા તે ઉતારી લીધા અને મકાઈના માથાનાં ચમરાં અને મકાઈનાં બોથાંનો મોટો ઢગલો હોલા માટે કર્યો.


હોલાભાઈ તો મલકાતા મલકાતા ભાગ લેવા આવ્યા. જ્યાં જુએ તો તેને માટે મકાઈનાં ચમરાં ને બોથાં! તે તો ખૂબ ખીજાયો. ત્યાં જ પેલા પોપટે ઝાડ ઉપરથી આવીને કહ્યું, 'કાં ભાઈ, મહેનતના પ્રમાણમાં માલ તો સારો લઈ જાઓ છો, નહિ?'

હોલો જાણી ગયો કે આ લોકો મારો ઢોંગ જાણી ગયા છે, એટલે ભોંઠો પડીને ત્યાંથી ચુપચુપ પલાયન થઈ ગયો અને કબૂતરે મકાઈ લઈને ખાધું પીધું ને મોજ કરી.

ગુલાબસિંહ બારહઠ

ચકરડાંની રમત





આ બે ચકરડાંને ભાંગે કે વળે નહિ એવા કાર્ડબોર્ડ પર ચોંટાડી દેતાં બે નાનાં રમકડાં બની જશે. એમને ચક્કર-ચક્કર ફેરવતાં એમની દિશાના ક્રમમાં એનાં ગૂંચળાં સમેટાતાં કે ઉકેલાતાં જણાશે ને દૃષ્ટિભ્રમથી આપણી આંખ છેતરાશે.

આસપાસની ટપકાંવાળી ગોળ લીટીઓ મુજબ એને કાપી કાઢો. પછી એની વચ્ચોવચ એક કાણું પાડી તેમાં પેન્સિલ કે હોલ્ડર, જાડી ટાંકણી અથવા લાકડાની કોઈ અણીદાર સળી ભરાવી દો, એટલે એ ચકરડાંને ફરવાનો એ આધાર બની રહેશે.

આમાંથી પહેલા ચકરડાને જમણી બાજુએ ફેરવશો એટલે તે મધ્યબિંદુ તરફ સમેટાતું જતું જણાશે, જ્યારે ડાબી તરફ ફેરવતાં ઉકેલાતું. આ દૃષ્ટિભ્રમનું કારણ એ જ છે કે આપણી આંખો તેના એક જ બિંદુએ કેન્દ્રિત થઈ નથી શકતી પણ ચકરડાની રેખાઓને અનુસરે છે.

બીજા ચક્કરને ધીમેધીમે ફેરવશો એટલે પહેલાં તો એ બેવડી રીતે સમેટાતું હોવાનું કુતૂહલ જગાવશે, પણ જેમજેમ એની ગતિ વધારતા જશો તેમતેમ ખંડિત વર્તુલોને બદલે તે સંપૂર્ણ વર્તુલનું જ રૂપ લેતું જશે. આનું કારણ આપણો દૃષ્ટિક્ષોભ છે, જે કુંડાળાનું એક બિંદુ ફરી એ જ સ્થળે આવે ત્યાંસુધીમાં આપણી આંખનાં દૃક્તન્તુ (Retina) પર તેની અસર નીપજાવવામાં નિષ્ફળ નીવડે છે.



માધુકરી

અમે થનગની રહ્યા મરણમાંડવે ખેલવા,
જગાવી રણુથંભને અસુર-કેતુ ઉન્મૂલવા;
નથી સગર-નેતૃ કો, રથી મહારથીને ગૂંથી
સુકાન બની સૈન્યનું રણસમુદ્ર ખેડી શકે;
સુસજ્જ અમ સૈન્ય છે, ફકત પ્રાર્થના આટલી,
તમે, પ્રભુ જ ઊતરો પ્રગટ પાર્થના સારથી!—કરસનદાસ માણેક

(શરદ)

સ્વર્ગસ્થ કવિશ્રી 'વિહારી'


જે જમાનામાં કાઠિયાવાડ કેળવણીના હજુ ગણેશ માંડતું હતું, ગામડાંની પ્રજા તદ્દન અભણ દશામાં હતી અને ભણતરનો ઉત્સાહ પણ દેખાતો ન હતો, શિક્ષિત શિક્ષકવર્ગ બહુ જ ઓછો હતો અને સરકારની સ્થાપેલી રાજકોટની હન્ટર મેઇલ ટ્રેઇનિંગ કૉલેજ મારફત શ્રી નવલરામભાઇ તેમ જ શ્રી ડાહ્યાભાઇ દેરાસરી (બુલબુલ) જેવા ગુજરાતના વિદ્વાનો આમવર્ગમાં શિક્ષણનો પ્રચાર કરી રહ્યા હતા તે જમાનામાં સ્વ. શ્રી વિહારીએ એક સંસ્કારી વૈશ્ય કુટુંબમાંથી બહાર આવી ગુજરાતી ભાષાની ઊંચી કેળવણી પામી, સારી કોટિના શિક્ષક અને સાહિત્યકાર તરીકેની કારકિર્દી શરૂ કરી હતી; તે સાથે સંસ્કૃત ભાષાના નિષ્ણાત અભ્યાસી બનીને એ સંસ્કૃત નાટચ, કાવ્ય અને શાસ્ત્રોના ભાષાન્તરકાર થયા હતા, કવિ અને લેખક તરીકે સફળ નીવડચા હતા તથા ગીતાજ્ઞાનને જીવનમાં ભરી રહ્યા હતા.

એમનું મૂળ નામ બહેચરલાલ ત્રીકમજી પટેલ અને એ ભાવનગર તાબે શિહોરના વતની. એમનો જન્મ સં. ૧૯૨૨ના ચૈત્ર સુદ છઠના રોજ થએલો. બોતેર વર્ષનું સુખી આયુષ્ય ભોગવી તેઓ સંવત ૧૯૯૪ના કારતક વદ ચોથ ને સોમવારે, સને ૧૯૩૭ નવેમ્બરની ૨૨મી તારીખે ગોંડલમાં અવસાન પામ્યા.

શ્રીકૃષ્ણચન્દ્રના ને ગીતાના એ પરમ ઉપાસી અને અભ્યાસી હતા. એમના તખલ્લુસ પ્રમાણે એમનું જીવન ખરા અર્થમાં નિરૂપાધિ વિહાર સરખું હતું. એ કવિ હતા, હિંદુ ધર્મશાસ્ત્રોના પાકા અભ્યાસી—સ્કૉલર કહીએ તેવા, જ્ઞાની, દેશપ્રીતિવાળા, સૂક્ષ્મ વ્યવહારબુદ્ધિના અને આજીવન શિક્ષક હતા.

સત્તરમે વર્ષે રાજકોટની મેઇલ ટ્રેઇનિંગ કૉલેજમાં દાખલ થઇ સીનિયર પરીક્ષામાં પ્રથમ નંબરે ૮૧ ટકા માર્ક મેળવી એ પાસ થયા. અભ્યાસમાં તેવા જ શારીરિક પ્રતાપમાં એવા આગળપડતા હતા કે અમદાવાદના એક પ્રખ્યાત શેઠ બેચર લશ્કરીનાં નામ પરથી કૉલેજમાં બધા સ્કૉલરો એમને 'બેચર લશ્કરી'ના નામે સંબોધતા!

વીસમે વર્ષે એ જામનગર એજન્સીના કેળવણી ખાતા તરફથી નોકરીમાં રહ્યા. ત્યાંથી ગોંડલ સ્ટેટ તાબાના ભાયાવદર ગામે બદલીમાં ગયા. અહીંથી એમને સાહિત્યનો અને શાસ્ત્રાભ્યાસનો રંગ લાગ્યો. સંસ્કૃત ભાષાના નિષ્ણાત તો હતા જ,



સ્વર્ગસ્થ બહેચરલાલ ત્રીકમજી પટેલ—'વિહારી'



સ્વ. કવિશ્રી 'વિહારી' સ્કેચઃ ર. મ. રાવળ

એટલે પંચદશીનું અને ભાગવતનું અધ્યયન આરંભ્યું. રોજ સાંજના સાહિત્યરસિક શિક્ષકવર્ગ વગેરે સાથે નદીને કાંઠે બેસી સાહિત્યની ચર્ચા કરતા. આ સ્થળ 'તરપંખડા' નામે ઓળખાતું. અહીં ભાયાવદરમાં એમણે પોતાનું કવિલેખક તરીકેનું નામ 'વિહારી' ધારણ કર્યું, અને અંત લગી એ જ ઉપનામથી કવિતા લખી, ભાષાન્તરો કર્યાં અને સાહિત્યનાં પ્રકાશનો બહાર પાડ્યાં આ અરસામાં એમનાં માતાપિતા સ્વર્ગસ્થ થયાં.

એમના પિતાશ્રી વેદાંતજ્ઞાની હતા અને શ્રી વિહારીને એ સઘળા જ્ઞાનના સંસ્કારો વારસામાં મળ્યા. એ સંસ્કારોને પોતે ઝીલ્યા, ખીલવ્યા અને કુલસંતાનોમાં પ્રેર્યા છે.

સં.૧૯૫૯માં ભાયાવદરથી ઉપલેટા આવ્યા. ત્યાં મહાભારતનું અધ્યયન કર્યું અને 'વીરસૂ' નામનું સુંદર ખંડકાવ્ય લખ્યું. સં. ૧૯૬૪માં ગોંડલ તાલુકા શાળાના મુખ્ય મહેતાજી તરીકે આવ્યા અને છેવટ સુધી એ હોદ્દે રહ્યા. અહીં પણ પ્રિય શિષ્યમંડળી સાથેનો એમનો સાયંવિહાર અને ચાંદનીની રાતમિજલસો ચાલુ રહ્યાં. અહીં આવ્યા બાદ 'આત્મોન્નતિ' નામક કાવ્યસંગ્રહ બહાર પાડ્યો; ઉપનિષદ અને પંચદશીનાં ભાષાન્તરો પ્રગટ કર્યાં.

શિક્ષકમંડળના એ 'બાપા' હતા. તેઓ શિક્ષકમંડળને સાથે લઈ વિવિધ પર્યટનોમાં નીકળતા અને હમેશાં કવિતા કે ભાષા કે શાસ્ત્રની ચર્ચા કરતા. પોતે રૂઢ ગુજરાતી બોલીના ભક્ત હતા અને દૂહાપ્રેમી હવા તે સાથે દૂહાગીર હતા. તેઓ શિક્ષકો પ્રત્યે કૌટુંબિક ભાવના ધરાવતા અને ખાતાભિમાની પણ પૂરા હતા; વળી જેટલા વ્યવહાર બુદ્ધિના અને કાર્યદક્ષ હતા તેટલા જ પોતાના હોદ્દાની નોકરીમાં સર્વોપરી સત્તા અને પ્રતિષ્ઠા ભોગવતા રહ્યા. એમના મોટા પુત્ર રાજ્યના વિદ્યાધિકારી થયા અને નોકરીઆત દરજ્જે પોતે તાબેદાર બન્યા છતાં તેઓ એ બાબત હમેશાં સગર્વ રહેતા.

સિત્તેર વર્ષના થયા ત્યાંસુધી એમનું આંખતેજ સરસ રહ્યું. પોતાનાં કાવ્યો મોતીના દાણા જેવા સુંદર અક્ષરોએ સુઘડ નોટબુકમાં સંઘરવાં એમને બહુ ગમતાં.

તેઓ હમેશાં ખાદીનો સાદો મોભાદાર કાઠિયાવાડી પોશાક પહેરતાઃ માથે પાઘડી, લાંબી ચાળનું અંગરખું અને ધોતીઉં. જન્મે ને દેખાવે વૈશ્ય છતાં જીવનવૃત્તિએ ગુરુ તરીકેનું બ્રાહ્મણજીવન જીવતા. રાજ્યમાં એમની પ્રતિષ્ઠા ઊંચી કક્ષાની હતી.

શ્રી વિહારી ગીતાના પરમ ઉપાસક હતા. ગીતાધ્યયન તથા પઠનના તેઓ વર્ગ ચલાવતા. સંગીતમાં અને વૃત્તમાં એમણે ગીતાજી ગાયાં છે; તે સાથે મૂળ પદાન્વય ગુજરાતી ગદ્યભાષાંતર હિંદી ગદ્યભાષાંતર અને વિવરણ સાથે એક રૂપિયા જેટલી સોંઘી કીમતે પંચામૃત ગીતા બહાર પાડી છે, અને રાજ્યની ગુજરાતી ભાષાની પાઠ્યપુસ્તક વાંચનમાળામાં એમનું ગીતાનું વૃત્તબંધ ભાષાંતર લેવાએલું છે. એ ઉપરાંત 'વૃત્તવિહારિણી ગીતા'માં એમણે ગીતાને નવા વૃત્તમાં અને તે પણ સંસ્કૃત ભાષામાં નૂતન યોજનાથી ગૂંથી છે એ એમની સંસ્કૃત ભાષા પરના અચ્છા પ્રભુત્વનો ખ્યાલ આપવા બસ છે.

'મેઘદૂત'નું સમશ્લોકી છંદોબદ્ધ ભાષાંતર ગુજરાતી ભાષામાં પહેલવહેલું પ્રકટ કરનાર એ જ. એ ઉપરાંત 'ઉત્તરરામચરિત'નું ભાષાંતર એમણે બહાર પાડ્યું છે. 'શાકુંતલ'નું ભાષાંતર હજુ અસ્પષ્ટ રહ્યું છે. આ ઉપરાંત એમનું કેટલુંક સાહિત્ય વણછપાએલું પણ છે.

'દિલગીર' નામે એક સરસ કાઠિયાવાડી દૂહાલેખકને બહાર પાડનાર શ્રી વિહારી હતા. ઘણા શિક્ષકોને અને વિદ્યાર્થીમિત્રોને એમણે સાહિત્યરંગોએ રંગ્યા છે.

એમનું ઓજસ્વતું અને મીઠું વ્યક્તિત્વ નિરાળું હતું. કાયાએ ઊંચા પડછન્દ જેવા, અને પહાડી જેવા રાગવાળા. એ અચ્છા વકતા પણ હતા; અષ્ટાવધાની હતા અને ક્યારેક તેનો પ્રયોગ કરી બતાવતા. હિસાબી કામમાં એવા નિષ્ણાત અને કાયદાના જ્ઞાનના એવા જાણકાર હતા કે સારી વેપારી પેઢીઓના કેસોમાં એ 'લિક્વિડેટર' નીમાતા અને ન્યાયકચેરીઓમાં 'હસ્તાક્ષરપારખુ' તરીકે પંકાતા. 'વન્દે માતરમ્'નું એમનું શિષ્ટ અને સરળ ગુજરાતી પદ્યભાષાંતર છે.

આ નોંધલેખકની જેમ બીજાઓને પણ હમેશ લાગેલું કે શ્રી વિહારી ગુજરાતમાં હોત તો એક ઉચ્ચ કોટિના સાહિત્યકાર તરીકે ઘણી સારી નામના મેળવત, તે સાથે અચ્છા કાર્યકર અને લોકનેતા બની શકયા હોત; પરંતુ એમણે અવસાનપર્યન્ત

ગોંડલમાં જ રહીને સાહિત્યની અને શિક્ષણની યથાશક્તિ-મતિ સેવા બજાવી.

'શારદા' માસિકમાં કવચિત એ લખતા. કવિતાવિષયમાં તેઓ અલંકારજ્ઞાતા હતા. 'પ્રવીણસાગર'ના પ્રેમી હતા. પ્રાસાનુપ્રાસ અને ઝડઝમકના પક્ષપાતી હતા.

આજે તેઓશ્રી પોતાના કુટુંબની લીલી વાડી આબાદ કરીને ગયા છે. એમના બીજા બે પુત્રો કાયદાના ગ્રેજ્યુએટ છે અને વકીલાત કરે છે.

એમની કાવ્યપ્રસાદી

દૂહા વિષે શ્રી વિહારીએ આ પ્રમાણે લખ્યું છેઃ

'એક જ દૂહાએ વીરને રણાંગણ ચડાવ્યાના, એક જ દૂહાએ વિજય મેળવાવ્યાના, એક જ દૂહાએ દાનવીર બનાવ્યાના, એક જ દૂહાએ સત ચડાવ્યાના, ઇત્યાદિ અનેક પ્રસંગોનાં દૃષ્ટાંતો કાઠિયાવાડમાં છે.'

'કામણ કર્યે કમાલ, ખાંભી ખોડી ખળભળે,
પાણા કરે પ્રીતાળ, દૂહો અમારા દેશનો.'

જ્યારે બાળમંદિર કે બાળશિક્ષણની વાત પણ થતી નહોતી તે સમયે શ્રી વિહારીએ 'વીરસૂ' કાવ્યમાં આદર્શ વીરમાતા, ગર્ભાધાનસંસ્કાર, અને બાળઉછેરના ઊંડા વિચાર કર્યા હતા.

વીરસૂને એ જણાવે છે કે

'બાળુડાને અરર કરતાં ક્રૂર માતા તું થાજે,
બાળુડાને રણભૂમિતણાં ગીતડાં ઘોર ગાજે.
બાળુડાને વનગજહરિ પારણે ટાંગજે તું,
મસ્તીગાંહી રણ ગજવતા મલ્લ બે મૂકજે તું.'

*

'જે જે કહે તનય તે સહુ સાંભળે તું,
જે જે પૂછે તનય ઉત્તર આપજે તું.'

એક ઐતિહાસિક દૂહો લખે છે—

'ઇ રાણા ઇ રાજ, ઇ સૂરજ ઇ ચાંદલો,
બદલ્યાં ટાણાં તાજ, અજવાળાં અટવાઇ ગ્યાં.'

'ભાવિ ભારત'નું મનોરમ આદર્શ ચિત્ર તેઓ આ પ્રમાણે રજૂ કરે છેઃ

ભાવિ રાષ્ટ્રે ન સરહદ કે સ્વાર્થ સંકોચ નહોયે,
કે મર્યાદા નહિ નથી રૂઢી કે નથી વ્હેમ કોયેઃ
નાતો જાતો નથી ન પડદા. અંત્યજો યે ન જ્યાંહ,
કે અન્યાયો પણ નથી જ તે એવું છે બાલરાષ્ટ્ર.

અજ્ઞાને ના નહિ ભૂખમરો હોય આ દેશમાં તો,
ત્યાં મહાત્માઓ નિરધન હશે, સ્વાર્થવ્હોણા શ્રીમંતો;
ન્હોયે જુદો પ્રભુજી પૂજવા વર્ગ પૂજારીઓનો,
હોશે સર્વે પ્રભુપૂજક ને સેવકો સર્વ ત્યાં તો.

મુત્સદ્દી બદલે જ દૈવી સ્થળમાં ત્યાં તો મહાત્મા તણું,
ઊંચે માનવકોટિ મંડળ હશે તેની પરે રાષ્ટ્રનું;
સ્વામી સર્વ પ્રજા તણા પ્રભુજીનું મૂર્તસ્વરૂપે ઊંચું,
ને સિંહાસન રાજતું પણ હશે તે રાજરાજેશનું.

એમની બહોળી સાહિત્યસમૃદ્ધિમાંથી આ તો બે ચાર રજકણ જ વીણીને સંતોષ માન્યો છે. —દેશળજી પરમાર

એક રાજકુમારીનું સ્વાર્પણ

શહેનશાહોના શહેનશાહની ઇજ્જિલખ્યાત ભૂમિ ઍબીસીનિયાની એ ભૂતપૂર્વ રાજકુમારી. એનું નામ આસ્તર મંગેશા. અત્યારે બાથ (ઇંગ્લંડ) મુકામે પદભ્રષ્ટ જીવન ગાળી રહેલા હેલ સિલાસીની એ મંત્રિણી ને દરવેશો સામેના યુદ્ધમાં ખતમ થએલા શહેનશાહ જોનની પૌત્રી.

નાનપણમાં એના વિવાહ પાટવી કુંવર લી ચાસૂ સાથે થએલા, પણ તેણે તલ્લાક આપતાં તે પ્રિન્સ જીતાત્સુ અબાતેને પરણી અને લગ્નની એ જ રાતે પોતાના દેશના એલચી તરીકે પારીસ ગઈ. ત્યાં પાશ્ચાત્ય સંસ્કારો પચાવ્યા. પાશ્ચાત્ય રાષ્ટ્રોના ઇતિહાસો ફેંદ્યા ને પાછી ફરી ત્યારે પોતાના દેશની શકલ ફેરવી નાખવાની પ્રતિજ્ઞા લઇ પાછી ફરી.

હેલ સિલાસી તેની પ્રતિભા પર મુગ્ધ થયો. તેને પોતાની મંત્રિણી નામી. પોતાની ઇચ્છા અનુસાર એ રાષ્ટ્રનું ઘડતર કર્યે જતી હતી ત્યાં કાળાં વાદળ ઘેરાયાં ને રોમની ફોજો ઍબીસીનિયા પર ઊતરી. હેલ સિલાસી દિઙ્મૂઢ બન્યો.

મંગેશા તેને પડખે ગઇ. તેને હિંમત આપી, પોરસ ચડાવ્યો, યુદ્ધની પ્રેરણા આપી. લશ્કર લઈ તે ચડી ગયો. પણ એ દાનવી ફોજો સામે મંગેશાએ ઍબીસીનિયાનો પરાજય નિશ્ચિત જોયો ને એ પરાજય સગી આંખે જોવા કરતાં મરવું એને બહેતર લાગ્યું.

અને એ મુજબ ફેબ્રુઆરીની એક યુદ્ધઘેરી રાતે એણે વિષપાન કરી પોતાનો અંત આણી દીધો.

હેલ સિલાસીને યુદ્ધના મેદાનમાં આ ખબર પહોંચ્યા. જરૂરી કામનું બહાનું કાઢી, તાબડતોબ તે ઍડીસ અબાબા આવ્યો ને રાજકુમારીની આખરી ક્રિયા રડતી આંખે પતાવી પાછો ઉપડી ગયો.

આજ એ મંગેશાનું શરીર ઍબીસીનિયાના પાયતખ્તની પછવાડે ઊંચી ડોકે ઊભી રહેલી ટેકરીઓ વચ્ચે એક નીચી તુરબત નીચે દફનાએલું પડ્યું છે.

જાપાન !

જાપાન! એકવાર એ નામ ઉપર એશિયામાં ફૂલ વરસતાં ને અરબસ્તાનના રણમાં ભટકતા બેદુઈનથી માંડી સિયામના જંગલમાં ભટકતા કૂલી સુધીના એશિયાવાસીઓની આંખો ચમકતી ને હૈયું કૂદી ઊઠતું એ નામથી. આફ્રિકાની આજે જે દશા થઇ છે, એવી દશા એશિયાની થતી એકમાત્ર જાપાને રોકી હતી.

કોણ છે એશિયાખંડમાં એવો—ભલે એ રણમાં ભટકતો આરબ હોય, પહાડોમાં આથડતો પઠાણ હોય, બરફના

તોફાનમાં થરથરતો ખોસી હોય, કે દરિયો ખેડતો ખારવો હોય—, પણ કોણ છે એવો, જેણે ઍડમિરલ ટોગો ને જનરલ નોગી, કાઉન્ટ ઓકુમા ને જનરલ ઓકુનાં નામ નહિં સાંભળ્યાં હોય?

પણ એ જાપાન આજે નથી. આજે ટોગો ને નોગીનું સ્વમાનશીલ જાપાન નથી. આજનું તો હીરોટા ને મીત્સુઇનું જાપાન છે. નરોત્તમે નરરાક્ષસના વાઘનખ સજ્યા છે—આજના જાપાને; ને એ ચીનને ચૂંથે છે.

જેઓએ પોતાના વેપારના લોભ માટે ચીનને અફીણ પાયું છે ને ચીનને દારૂ પાયો છે, જેઓએ ચીનની ચાંદી ચોરી છે ને ચીનની પ્રજા ઉપર પોતાના પાદરીઓ ને વેપારીઓ ને લેણાં લાદ્યાં છે, એમાંથી કોઇ સરકાર આજે ચીનની મદદે જવાને લાઈલાજ છે. જાપાનના હાથ મોકળા છે. એની નજરમાં મેદાન ઉઘાડું છે. ચીનનાં બાળકોની ચીસ, ચીનની સ્ત્રીઓની વેદના, ચીનના રાષ્ટ્રવાદી પ્રજાજનોનો પરિતાપ નવખંડના ખૂણેખૂણામાં આર્તનાદે કોઇ સહાયકને પુકારે છે ને એ પુકાર પાછા ફરે છે. એ મહાન પ્રજા આજ પોતાની ભયાનક આપત્તિમાં છેવટે દિલસોજી માગે છે. પણ કોઇ દિલસોજીનો એક બોલ પણ નથી કહેતું.

હિન્દ ચીનનું પાડોશી છે. હિન્દની પ્રજાને બે બે હજાર વર્ષોથી સખાવત બિરાદરીનાં બંધન છે. એમ તવારીખ પણ ગવાહી પૂરે છે.

ચીનનો ગુનો એક એનામાં ખનિજ સંપત્તિ છે; વિશાળ આમજનતા છે; પશુબળમાં કમજોરી છે ને જાપાનનું પાડોશી છે. આ જ છે હિન્દની સ્થિતિ. હિન્દે જાપાનના પાડોશી બનતાં ચેતવું જોઇએ. જાપાન ચીનને જીતશે તો હિન્દ પાડોશી થશે. હિન્દ એ ભીષણ શક્યતા હરગીજ ન વીસરે.

જાપાન પાસે આવાં વિકરાળ અત્યાચાર કરવાનાં લશ્કરી સાધન સરંજામ ક્યાંથી આવે છે? એના પરદેશી વેપારમાંથી. જાપાનીઝ માલનો ખરીદનારો ચીનનાં બાળકની છાતીમાં સંગીન ભોંકે છે. ચીનની સ્ત્રી ઉપર જિંદગીભરનો અંધાપો લાદનાર ઝેરી ગૅસ છોડે છે. જાપાનીઝ માલનો ખરીદનાર મોતનો સોદાગર બને છે. કોઇ હિન્દીએ જાપાનના માલની સામે નજર નહિ કરવી જોઇએ. ('ગુજરાત સમાચાર')

હિંદી મોચીઓની આજીવિકા પર આક્રમણ

હિંદમાં વેપાર કરનારા પરદેશીઓમાં ભાગ્યે જ કોઇ એવો નીકળશે જે હિંદી ઉદ્યોગને કશી પણ રાહત આપતો હોય કે આપવા માગતો હોય. બધા ઉદ્યોગો જેમ પગરખાંના ઉદ્યોગનું પણ એમ જ બન્યું છે. હિંદમાં લગભગ વીસ લાખ મોચીઓ છે, પણ એમની નિર્વાહ પૂરતી રોજી પર પણ એક પરદેશી સંસ્થા કેવું આક્રમણ કરી રહી છે તે નીચેની બીનાથી જણાશે:

એ પરદેશી સંસ્થા તે 'મેસર્સ બાટા'ને નામે ઓળખાતી પ્રખ્યાત ચેકોસ્લોવાકિયન સંસ્થા, આ દેશના જુદાજુદા ભાગમાં તેની લગભગ ૭૦૦ જેટલી પેઢીઓ ઊભી થઇ છે, ને તેની બનાવટનાં પગરખાંનો વેપાર એ ચલાવી રહી છે. આ પેઢીઓમાંની પહેલા નંબરની બધીનો વહીવટ તો ચેક લોકો જ કરે છે. દર અઠવાડિયે બાટા એ લોકોને ૪૦ રૂપિયા પગાર અને ઉપરાંત વેચાણ પર દસ ટકા કમિશન આપે છે.

આ સંસ્થાએ હિંદમાં હવે એટલો તો પગપેસારો કર્યો છે કે આપણા હિંદીઓ પગાર જતો કરીને માત્ર કમિશન પર જ તેની પેઢીઓ ખોલવા માંડ્યા છે. રૂ ૩૦૦ થી ૧૦૦૦ ડીપોઝિટ ભરતાં સહેલાઈથી આડત મેળવી શકાય છે. હિંદી મોચીઓની આજીવિકા પર આ રીતે મૂકાતા કાપમાં ભાગીદારી કરતા હિંદીઓને કોણ નસીહત કરશે?

સાબુનો ઉપયોગ

કપડાં અને શરીરની સફાઇ માટે સાબુનો ઉપયોગ આપણા દેશમાં દિનોદિન વધતો જાય છે. કપડાં માટે તેનો ઉપયોગ કરવામાં આવે તે સામે કશું કહેવાનું નથી, પણ શરીર માટેના ઉપયોગ બાબતમાં થોડું લક્ષ ખેંચવાની જરૂર છે.

પહેલી વાત તો એ કે કોઇ પણ સાબુ શરીર પર લગાડવા માટે નકામો જ છે. શરીરશુદ્ધિ માટે સાબુ કરતાં બીજા ક્ષારવર્ગીય પદાર્થો લેવામાં આવે એ વધુ હિતાવહ છે. મહાન અંગ્રેજ લેખક બર્નાર્ડ શૉએ પોતાના દીર્ઘાયુષ્ય અને તંદુરસ્તીનું એક કારણ એ પણ બતાવ્યું છે કે, આજ સુધી એણે કદી સાબુનો ઉપયોગ કર્યો નથી!

વાળ ધોવા માટે માટી, દહીં, છાશ વગેરે કામમાં લેવાં જોઇએ. સાબુ લગાડનારાઓના વાળ જલદી સફેદ થઇ જાય છે. ચહેરા પર એ લગાડનારાંના મોં ફિક્કાં, નિસ્તેજ અને લૂખાં બની જાય છે, કારણ કે સાબુ શરીરની કુદરતી ચિકાશ ધોઇ નાખે છે. એમાંનો ક્ષાર તેજ હોય તો તો શરીરને કોમળ રાખવાવાળી કોશિકાઓને પણ નિર્બળ અને જડ બનાવી દે છે. મુખમંડળને લાવણ્યમય રાખવા ઇચ્છનારાઓએ તો ભૂલેચૂકે પણ મુખ પર સાબુનો ઉપયોગ ન કરવો.

છતાં સાબુ વગર ન ચલાવી શકાય તો સારો ખાત્રીવાળો સાબુ વાપરો—સસ્તા સાબુનો બીલકુલ ઉપયોગ ન કરો. વળી સાબુ લગાડીને બેસી ન રહેતાં, બીજી જ સેકન્ડે તે પાણીથી ધોઇ નાખો. દસ પંદર સેકન્ડથી વધુ વખત એ શરીર પર રહેવો જ ન જોઇએ. અને ત્યાર બાદ જ્યાંજ્યાં એ લગાડ્યો હોય ત્યાં ત્યાં સારું તેલ માલિશ કરી, ફરીથી નાહી નાખો.

બીજાનો વાપરેલો સાબુ તમે કદી ન વાપરો—એટલે સુધી કે એક ઘરના માણસો વચ્ચે પણ અલગ અલગ સાબુ રાખો.

('અર્જુન')

—શ્રી ગણેશદત્ત શર્મા

પૃથ્વી પરની સૌથી લાંબી સોળ નદીઓ

નદીનું નામ	કયા દેશમાં	આશરે લંબાઇ
મિસિસિપિ-મિસુરી	ઉત્તર અમેરિકા	૪૨૦૦
આમાઝોન	દક્ષિણ અમેરિકા	૪૦૦૦
નાઇલ	ઈજીપ્ત	૩૯૦૦
યાંગસેકયાંગ	ચીન	૩૦૦૦
આમુર	સાઈબીરીયા તથા ચીન	૩૦૦૦
મેકોંગ	અનામ	૨૮૦૦
હોઆંગહો	ચીન	૨૮૦૦
કોંગો	મધ્ય આફ્રિકા	૨૮૦૦
લાપ્લાટા	દક્ષિણ અમેરિકા	૨૫૦૦
વોલ્ગા	સોવિયેટ રશિયા	૨૩૦૦
સેંટ લૉરેન્સ	ઉત્તર અમેરિકા	૨૨૦૦
સિંધુ	હિન્દુસ્તાન	૧૯૦૦
બ્રહ્મપુત્રા	,,	૧૮૦૦
ડાન્યુબ	મધ્ય યુરોપ	૧૭૦૦
યુફ્રેટિસ	એશિયા માઇનૉર	૧૭૮૦
ગંગા	હિન્દુસ્તાન	૧૫૫૦

આ બધી નદીઓમાં સૌથી વધારે ઝડપથી વહેનારી નદી આમાઝોન છે. તે મહાસાગરને મળે છે એ જગ્યાએ તેના મુખની પહોળાઇ બસો માઇલ કરતાં પણ વધારે છે, અને ત્યાંથી મહાસાગરની અંદર બસો માઇલ સુધી તેનો પ્રવાહ સમુદ્રનાં પાણીથી જુદો તરી આવે એટલા જોરથી એનું પાણી વહેતું દેખાય છે. આફ્રિકામાં આવેલી કોંગો નદીનો વેગ પણ વધારે છે. સમુદ્રને જે સ્થળે તે મળે છે તે સ્થળથી ૪૦ માઈલ સુધી તેના પ્રવાહનો વેગ સમુદ્રમાં દેખી શકાય છે. આપણા ભારતવર્ષની સિન્ધુ આરણી સમુદ્રને મળે છે ત્યાંથી વીસેક માઇલ સુધીના સમુદ્રને 'મીઠો મેરામણ' કહેવામાં આવે છે, કારણ કે એ વિસ્તારમાં તેનાં પાણીને સમુદ્રના ક્ષારની અસર થતી નથી, પણ તે મીઠું જ માલૂમ પડે છે. —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

દષ્ટિમર્યાદાના વિસ્તારનો અડસટ્ટો

સમુદ્ર કિનારે ઊભેલા મનુષ્યની દષ્ટિમર્યાદા (Horizon)ના વિસ્તારનો આ અડસટ્ટો જાણવા જેવો છે:

૧. દરિયાની સપાટીથી પાંચ ફૂટ ઊંચે રહેલી આપણી આંખોથી જોતાં ૩·૧૬ માઇલનો વિસ્તાર નજરે પડે છે;

૨. સો ફૂટ ઉંચે રહેલી ટેકરી પરથી અથવા હવાઇ જહાજ પર રહીને જોનારા મનુષ્યની દષ્ટિમર્યાદા ચૌદ માઇલ કરતાં સહેજ વધારે હોય છે;

૩. પંદર સો ફૂટની ઊંચાઇએથી જોતાં એ મર્યાદાનો વિસ્તાર પચાસ માઇલનો હોય એવું તારણ નીકળ્યું છે;

૪. દસ હજાર ફૂટની ઊંચાઇએથી લગભગ ૧૪૨ માઇલનો પટ દષ્ટિમર્યાદામાં આવી શકે છે એવું અનુમાન કરવામાં આવ્યું છે. —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

નવા નુસખા

એકાદ બરડ પણ હલકા કાગળમાંથી સાથેના ચિત્ર મુજબનો એક ક્રૉસ કાપી કાઢો અને એમાં બતાવેલાં ટપકાં પરની લીટી પર ગડી પાડી દો. પછી એકાદ બૂચમાં સોય ખોસી, એની અણી પર એ ક્રૉસ સમતોલ રીતે ભરાવી દઇ, અગાઉથી ગરમ કરેલો એક ગ્લાસ તેના પર ઢાંકી દો. હવે તમારા મિત્રોને કહો કે ગ્લાસને ઉપાડ્યા વિના પણ તેમનામાંના કોઇના પણ તરફ ક્રૉસનું અણીદાર પાંખિયું તમે ફેરવી શકશો. એના માટે તમારે કરવાનું એટલું જ કે જેની સામે એ પાંખિયું ફેરવવાનું હોય એ બાજુની ગ્લાસની બાજુ રેશમી રૂમાલથી થોડી ઘસી કાઢવી આથી ગ્લાસ ધન વિદ્યુન્મય બનશે અને તેના આકર્ષણથી ક્રૉસ પણ વિદ્યુન્મય બની ફરશે.



વિકસતું વિજ્ઞાન

પર્વતોનાં શિખરો તથા એવી જ બીજી અનુકૂળ જગ્યાઓ પરની વેધશાળાઓના નિરીક્ષણથી વૈજ્ઞાનિકોને પૂ.તો સંતોષ નથી થતો તેથી એક નવો જ વિચાર તેમનામાં જન્મ્યો છે. પૃથ્વીતલથી ૧૦ માઇલ ઊંચે અવકાશમાં 'સ્ટ્રૅટોસ્ફીઅર વેધશાળાઓ' સ્થાપવાની અલ્લાહાબાદ યુનિવર્સિટીવાળા ખગોળવિજ્ઞાનના ઉત્તમ નિષ્ણાત પ્રોફેસર સહાએ રજૂ કરેલી યોજના મુજબ બલૂનોની એક હાર ઉપર આધાર રાખીને આ વેધશાળાને અવકાશમાં અધ્ધર લટકાવી શકાય, અને બલૂનોના કેબલદ્વારા પૃથ્વી પરથી અંકુશમાં રાખી શકાય.

અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ વીજળીના સાદા ગોળા જેટલો રંગીન પ્રકાશ આપે તે કરતાં ૫૦ થી ૨૦૦ ગણો પ્રકાશ આપનારા નવી જાતના ગોળા બનાવ્યા છે. એની બનાવટમાં થોડો પારો, આર્ગોન વાયુ અને એક ખાસ પ્રકાશિત પાઉડર વાપરવામાં આવે છે. કળ દાબતાં જ આર્ગોન ગૅસ ઝાંખો ભૂરો પ્રકાશ આપવા માંડે છે ને અદશ્ય અલ્ટ્રાવાયોલેટનાં કિરણો ધસારાબંધ પ્રસરવા માંડે છે. એ કિરણો ગોળાની અંદરની બાજુએ રોગાનરૂપે રહેલા પાઉડરને ભેટતાં જ દશ્ય રંગીન પ્રકાશકિરણોના રૂપમાં ફેરવાઇ જાય છે.

અમેરિકાની કૉર્નેલ યુનિવર્સિટીના ડૉ. યુજીન એલ. ઓપાઇ ને તેના મદદનીશ ડૉ. જુલે ફ્રાંએ ક્ષયના રોગ માટે એક નવી રસી શોધી કાઢી છે. ગરમીથી મારેલા ક્ષયના જંતુ અને અને ગરમ કરેલી 'હૉર્સ સીરમ'નું એ મિશ્રણ છે. અત્યારે વપરાતી રસીમાંના જંતુઓ જીવંત હોઇ, ઘણી વખત વિપરીત પરિણામો ઊપજાવે છે. આ નવી રસી સસલાં પર સફળ થવાથી હવે માણસો પર પણ અજમાવવામાં આવી છે. એનું સફળ પરિણામ આવશે તો ક્ષયના દર્દીઓને ખૂબ રાહત મળશે.

રોમન સરદાર સ્કીપિયોને હાથે કેદ થએલા મહાન કાર્થેજિયન સેનાપતિ હાનિબાલે કોઇક રોમનને મોંએ કહ્યું, 'દુનિયાના મહાન સેનાપતિઓમાં પહેલે નંબરે સિકંદર, બીજે નંબરે પીરસ અને ત્રીજે નંબરે હું આવું.' સ્કીપિયોને કાને આ વાત જતાં તેણે પૂછ્યું, 'પણ હવે તો મેં તમને જીત્યા છે ને?' 'હા', હાનિબાલે જવાબ આપ્યો, 'અને એટલે જ મારો નંબર ત્રીજો રાખું છું.'

ગણિતગમ્મત

૦ થી ૯ સુધીની બધી સંખ્યાઓનો સરવાળો ૧૦૦ થાય તે માટેની રીતો ૧૬૪મા અંકમાં રજૂ થએલી છે; તે ઉપરાંતની આ નીચે આપી છે:

(૧) $૯૪ + \frac{૧૫૭૮}{૨૬૩} + ૦ = ૧૦૦$

(૨) $૯૬ + \frac{૨૧૪૮}{૫૩૭} + ૦ = ૧૦૦$

(૩) $૯૬ + \frac{૧૭૫૨}{૪૩૮} + ૦ = ૧૦૦$

(૪) $૯૬ + \frac{૧૪૨૮}{૩૫૭} + ૦ = ૧૦૦$

(૫) $૯૧ + \frac{૭૫૨૪}{૮૩૬} + ૦ = ૧૦૦$

(૬) $૯૧ + \frac{૫૮૨૩}{૬૪૭} + ૦ = ૧૦૦$

(૭) $૯૧ + \frac{૫૭૪૨}{૬૩૮} + ૦ = ૧૯૦$

(૮) $૮૨ + \frac{૩૫૪૬}{૧૯૭} + ૦ = ૧૦૦$

(૯) $૮૧ + \frac{૭૫૨૪}{૩૯૬} + ૦ = ૧૦૦$


(૧૦) $૮૧ + \frac{૫૬૪૩}{૨૯૭} + ૦ = ૧૦૦$

(૧૧) $૩ + \frac{૬૯૨૫૮}{૭૧૪} + ૦ = ૧૦૦$

—મૂળજી જેઠુ જોષી

કહેવતોના અર્થ: 'છાશમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય'—માખણ-વાળી છાશ આપવાથી વધારે ઉપકાર માનવો તો દૂર રહ્યો, પણ ઊલટું વહુની ખબરદારીની ખામી લેખાઇ, તેને ફુવડ ગણવામાં આવે છે. તેવી જ રીતે કોઇનું કામ કરી આપતાં પોતે ખમેલા જોખમમાં સામો માણસ જ્યારે દીર્ઘદર્શિતાની ખામી જ જુએ છે ત્યારે આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. 'ગાંઠેથી ગરથ જાય ને લોકમાં હાંસી થાય', એ પણ એને મળતી કહેવત છે.

ધૂમકેતુની ઉષ્ણતા લાલચોળ તપાવેલા લોઢા કરતાં ૨૦૦૦ ગણી હોય છે.



પારીસના સંગ્રહાલયના આ સાપે ૩ વર્ષ સુધી ઉપવાસનો સત્યાગ્રહ આદર્યો હતો.

અનેકાર્થી શબ્દ: **સાર**=સારૂં, ઉત્તમ; કસ, સત્ત્વ; સારાંશ; લાભ; સારવાર; કૃપા; વીંધ, વેહ; ઉમંગ; સારો ભાવ.


તમારૂં ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: કકાટિયો, કગરસ, કચાટ, કચારો, કડાર, કરકટી, કરવાલ, કલાદ, કલોડી, કવાયું, કસડો, કળો, કંડાર, કંળા.

જવાબ: ચકમકનો પત્થર, ધાતુને છોલતાં પડેલી ઝીણી રજ, હઠીલું, ભયાનક સ્વપ્ન, માંજરૂં, ઠાઠડી, તલવાર, સોની, વાછડી, પ્રતિકૂળ, [illegible], નકસી, વાંસની ચીપ.

જગતની વસતિ હવે લગભગ બે અબજ છે. તેમાંથી એશિયામાં ૯૫ કરોડ, યુરોપમાં ૫૫ કરોડ, અમેરિકામાં ૨૮ કરોડ, આફ્રિકામાં ૧૫ કરોડ અને ઑસ્ટ્રેલિયામાં ૧ કરોડ જેટલી વસતિ છે.


ધાતુની કોઇ ચીજ પર નામ કોતરવું હોય તો પહેલાં ઓગળેલી મીણબત્તીનો પાતળો થર તે પર જામવા દેવો. એ જામી જતાં ટાંકણી કે સોયા વડે તેના પર નામ કોતરી, એ કોતરણીમાં થોડું ટિંકચર આયોડીન ભરી દેવું. એ સૂકાઇ જાય એટલે મીણ લૂછી નાખતાં નામ કોતરેલું જણાશે.



બે પ્રકારની મુખાકૃતિ ધરાવતા ચહેરાનાં તો તમે ઘણાં ચિત્રો જોયાં હશે, પણ એવા ત્રણ પ્રકાર ધરાવતો આવો ચહેરો કદી જોએલો ખરો?

બૂચને ગરમ પાણીમાં બાફીને બાટલીમાં બેસાડવાથી તે સૂકાઇ ગયા બાદ ખૂબ સખત અને એર-ટાઇટ બની જશે. સખત પૅક રાખવાની ચીજો માટે આ નુસખો ઉપયોગી છે.

વારંવાર માથાનો દુખાવો આંખોનું તેજ ઘટાડે છે એ ખબર છે?



આ સેકોયા વૃક્ષ દુનિયાનું સૌથી રાક્ષસી ઝાડ છે. દુનિયાના પ્રત્યેક માણસને ફાળે સોળ દીવાસળી આવે એટલું લાકડું તે એકલું પૂરાવે છે.